# એપ્રિલ–૨૦૧૯ થી જુન–૨૦૧૯

| અપીલ નં. /વર્ષ | માહિતીનું વિષય વસ્તુ | હુકમ નં.તારીખ |
|---|---|---|
| ૧<br>તા.૨૨/૦૩/૧૯ | અરજદારશ્રી શ્રી વાણા હકીમ રજબભાઈ તા.૧૧/૦૨/૧૯ (આઈ.ડી.નં.૧૩૬) ની અરજીથી (૧)સુરત શહેરમાં આવેલ ડેરી એ દુધની બનાવતો કરતા નોંધાયેલ રજીસ્ટારની પ્રમાણિત નકલ નામ એડ્રેસ, ફોન નંબર સાથે આપવી (૨) સુરત અને શહેરમાં આવેલ ડેરી અને દુધની બનાવટ કરતા વિક્રેતાઓ પાસેથી તા.૦૧/૦૧/૨૦૧૮ થી તા.૦૧/૦૨/૨૦૧૯ સુધી કેટલી વાર સેમ્પલ લેવામાં આવ્યા તેની ઉપર થયેલ કાયદાકીયની પ્રમાણીત નકલ તથા સેમ્પલ ધ્વારા જાણવા મળેલ રીપોર્ટની પ્રમાણીત નકલો આપવી વિગેરે કુલ–૦૬ મુદ્દાઓની માહિતીમાંગેલ હતી. | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૧૫<br>તા.૧૬/૦૫/૨૦૧૯ |
| ૨<br>તા.૧૬/૦૪/૧૯ | અરજદારશ્રી દિલીપકુમાર નટવરલાલ પારેખની તા.૦૨/૦૩/૧૯ ની અરજી (આઈ.ડી.નં.૨૯૫૦)થી (૧) માર્કેટ વિભાગના સુ.મ.પા.ના અધિકૃત અધિકારી તા.૨૬/૦૯૨/૨૦૧૯ ના રોજ રખડતા ગાય/ભેંસ–ઢોરો વિગેરેને પકડવા આવેલ તેમના હોદ્દાની નામ તથા મોબાઈલ નંબરની વિગત આપશો (૨) સુ.મ.પા.ના માર્કેટ વિભાગના ડબ્બા કેન્દ્ર,ડેપોના નામ સરનામા, ઓફિસ ટેલીફોન નંબર તથા મોબાઈલ નંબરની માહિતી આપશો. હાલમાં માર્કેટ વિભાગના મુખ્ય અધિકારીશ્રીના મોબાઈલ નંબર તથા ઓફિસ નંબરની માહિતી આપશો વિગેરે કુલ–૦૩ મુદ્દાઓની માહિતી માંગેલ હતી. | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૧૬<br>તા.૧૭/૦૫/૨૦૧૯ |
| ૩<br>તા.૨૯/૦૫/૧૯ | અરજદારશ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ઘીવાલાની તા.૧૮/૦૪/૧૯ ની અરજી (આઈ.ડી.નં.૬૮) થી (૧) સુરત મહાનગરપાલિકાની હદ વિસ્તારમાં ચોપગા જાનવરો રાખવા માટેની પરવાનગી આપનાર વિભાગની ઉપલબ્ધ રેકર્ડ પરતુ વિભાગનું નામ,હોદ્દા પરના અધિકારનું નામ,હોદ્દાની વિગત આપવી(૨) ચોપગા જાનવરની પરમીટ બીપીએમસી એકટ ૧૯૪૯ ના ચેપ્ટર ૧૪ ના રૂલ્સ ૨૨/૧ મુજબ ઈસ્યુ કરવામાં આવેલ પરમીટની યાદી અને ઉપલબ્ધ રેકર્ડ પરની વિગત વિગેરે બાબતે કુલ–૦૫ મુદ્દાઓની માહિતીમાંગેલ હતી. | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૨૧<br>તા.૦૬/૦૬/૨૦૧૯ |
| ૪<br>તા.૧૮/૦૬/૧૯ | અરજદારશ્રી જીગીષ સોસાની તા.૨૨/૦૪/૧૯ (આઈ.ડી.૧૭૯)થી નં.૧) કતારગામ ઝોનખાતે ફરજબજાવતાં ડી.કે.પટેલ (ફુડ સેફટી ઓફિસર)(હેલ્થ વિભાગ)કર્મચારી નં.૧૪૭૮૭, કયાં વર્ષે નિમણુંક કરવામાં આવી ત્યારે કયાં હોદ્દા પર નિમણુંક કરી હતી. તેની સંપુર્ણ માહિતી આપવી.(૨) કતારગામ ઝોન ખાતે ફરજ બજાવતાં ડી.કે.પટેલ(ફુડ સેફટી ઓફિસર)(હેલ્થ વિભાગ) કર્મચારી નં.૧૪૭૮૭, કયાં કયાં વર્ષે બઢતી કરવામાં આવી.તેની સંપુર્ણ માહિતી આપવી.(૩)સદર દર્શાવેલ કર્મચારીની અભ્યાસ/લાયકાત અંગે કયા અધિકારી ધ્વારા તપાસણી કરી હોય તેની સંપુર્ણ માહિતી આપવી વિગેરે કુલ–૧૦ મુદ્દાઓની માહિતી માંગેલ હતી. | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૩૧<br>તા.૨૭/૦૬/૨૦૧૯ |

# સુરત મહાનગરપાલિકા

અપીલ નં.SMC/ PHD/FAP/85/2019. Dt.22/03/2019.
આરોગ્ય વિભાગ.

**અરજદારઃ–** શ્રીવાણા હકીમ રજબભાઈ.

**સામાવાળાઃ–** જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી, ફુડ વિભાગ,સુરત મહાનગરપાલિકા.

અરજદારશ્રી ધ્વારા તા.૧૯/૦૩/૧૯ ના રોજ અપીલ અધિકારીશ્રી,આરોગ્ય વિભાગને ઉદ્દેશી કરવામાં આવેલ અપીલ અરજી ચીફ ફુડ સેફટી ઓફિસર અને જાહેર માહિતી અધિકારી, ફુડ વિભાગ, સુરત મહાનગર પાલિકાના પત્ર નં.જાવક/પીએચડી/ફુડ/૪૭૧૩, તા.૨૨/૦૩/૧૯થી અત્રેના વિભાગને વધુ કાર્યવાહી અર્થે મોકલેલ છે. અરજદારશ્રીની તા.૧૧/૦૨/૧૯ની આર.ટી.આઈ.ની અરજી (આઈ.ડી.નં.૧૩૬) પરત્વેની માહિતી જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા જાહેર સત્તા મંડળની માહિતી ખોટી આપી ગેરમાર્ગે દોરેલ હોય અને ખોટી તારીખ આપી તપાસણીમાં બોલાવેલ તેમજ તેઓશ્રીની અરજીના ક્રમ નં.(૪) અને (૫) ના પત્રથી આપેલ માહિતી પણ શંકાંસ્પદ છે એમ જણાવી નારાજ થઈ પ્રથમ અપીલ અરજી કરવામાં આવેલ,જે અપીલ અરજી અત્રેના વિભાગને તા.૨૨/૦૩/૧૯ ના રોજ પ્રાપ્ત થયેલ છે.

ઉકત અપીલ અરજી સાથે સામેલ તુમારોનો અભ્યાસ કરતાં અરજદારશ્રીની નમુના "ક" ની તા.૧૧/૦૨/૧૯ (આઈ.ડી.નં.૧૩૬) ની અરજીથી (૧)સુરત શહેરમાં આવેલ ડેરી એ દુધની બનાવતો કરતા નોંધાયેલ રજીસ્ટારની પ્રમાણિત નકલ નામ એડ્રેસ, ફોન નંબર સાથે આપવી (૨) સુરત અને શહેરમાં આવેલ ડેરી અને દુધની બનાવટ કરતા વિક્રેતાઓ પાસેથી તા.૦૧/૦૧/૨૦૧૮ થી તા.૦૧/૦૨/૨૦૧૯ સુધી કેટલી વાર સેમ્પલ લેવામાં આવ્યા તેની ઉપર થયેલ કાયદાકીયની પ્રમાણીત નકલ તથા સેમ્પલ ધ્વારા જાણવા મળેલ રીપોર્ટની પ્રમાણીત નકલો આપવી (૩) સુરત શહેરમાં આવેલ ડેરી અને દુધની બનાવટ કરતા વિક્રેતાઓની જેમ કે ઘી, પનીર, ચીઝ, માવો, ગાયનું ઘી, લચ્છી, છાસ, બાસુંદીના લીધેલ સેમ્પલના રીપોર્ટ સાથે થયેલ કાર્યવાહીની પ્રમાણીત નકલો આપવી.તા.૦૧/૦૧/૨૦૧૮ થી તા.૦૧/૦૨/૨૦૧૯. (૪) સુરત શહેરમાં આવેલ દુધની થેલી કેટલી કંપની રજીસ્ટ્રેડ થઈ છે અને તેઓના નામ એડ્રેસ ફોન નંબર સાથે લીધેલ સમયની ટ્રેસ્ટીંગ રીપોર્ટ સાથેની નકલો આપવી તા.૦૧/૦૧/૨૦૧૮ થી તા.૦૧/૦૨/૨૦૧૯ સુધી. (૫) સુરત શહેરમાં આવેલ દુધની થેલીઓ જે કંપની ધ્વારા વેચાણ અર્થે કરવામાં આવે છે અને સુરત શહેરમાં રજીસ્ટ્રાર નથી થઈ છતાં વેચાણ ચાલુ હોય તેના સેમ્પલ લેવામાં આવ્યા હોય તો તેની રીપોર્ટના તથા ફોન નંબર એડ્રેસ તથા ટેસ્ટ, રીપોર્ટની પ્રમાણીક નકલો આપવી તા.૦૧/૦૧/૨૦૧૮ થી તા.૦૧/૦૨/૨૦૧૯. (૬) સુરત શહેરમાં ફેરીયા ધ્વારા ખુલ્લા દુધનુ વેચાણ થઈ રહયુ છુ તેની કેટલી વાર સેમ્પલ લેવામાં આવ્યા અને જેના ઉપર કાયદાકીય કાર્યવાહી કરેલ હોય તો તેની પ્રમાણીક નકલો અને ટ્રેસ્ટીંગ ધ્વારા જણાવેલ રીપોર્ટની પ્રમાણિક નકલો આપવી તા.૦૧/૦૧/૧૮ થી તા.૧૦/૦૨/૧૯ સુધી અને તેના નામ ફોન નંબર, એડ્રેસ સાથે આપવા વિગેરે કુલ–૦૬ મુદૃાઓની માહિતીની માંગણી કરેલ હતી, જે અરજીના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગ ધ્વારા પત્ર નં.પીએચડી/ફુડ/૪૫૫૪, તા.૦૨/૦૩/૧૯ થી સમયમર્યાદામાં પ્રત્યુત્તર પાઠવેલ હોવાનું જણાય છે, જેમાં તેઓની માહિતી માંગતી અરજીના મુદૃા નં.૧ પરત્વે "આવું કોઈ રજીસ્ટર હોતું નથી" તથા મુદૃા નં.૨ અને ૩ પરત્વે અરજદારશ્રીએ માંગેલ માહિતી એકત્રીત સ્વરૂપે ઉપલબ્ધ નથી, ફુડ ઈન્સ્પેકટર/ફુડ સેફટી ઓફિસરો દીઠ અલગ અલગ રજીસ્ટરો નિભાવવામાં આવતાં હોય, કલમ–૭(૯) હેઠળ ફુડ સેફટી ઓફિસરનાં રજીસ્ટરોની તપાસણી કરવા નિરીક્ષણ અર્થે તા.૨૫/૦૧/૨૦૧૮ ના રોજ સવારે ૧૧–૦૦ કલાકે જણાવવમાં આવે છે તપાસણી પછી તમો જણાવશો તે નકલો નિયત ફી ભરપાઈ કરવાથી આપવામાં આવશે " તથા મુદૃા નં.૪ અન્વયે "અત્રેના ઉપલબ્ધ રેકર્ડ મુજબ સુરત શહેરમાં ચોર્યાસી તાલુકા દુધ વેચાણ કરનારી સહકારી મંડળી લી.અંબાજી રોડ, સુરત છે." તથા મુદૃા નં.૫ અન્વયે " કોઈ રેકર્ડ ઉપલબ્ધ નથી" તેમજ મુદૃા નં.૬ અન્વયે "માહિતી દર્શાવતા પત્રકની નકલ આ સાથે સામેલ છે" તે મુજબનો પ્રત્યુત્તર પાઠવેલ હોવાનું જણાય છે.

અરજદારની અપીલ અરજી અન્વયે બન્ને પક્ષોની રજુઆત ધ્યાને લેવાના હેતુસર રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા અર્થે અત્રેથી અનુક્રમે પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/આઉટ/૧૨૫, તા.૨૮/૦૩/૧૯ મુજબ તા.૦૪/૦૪/૧૯ ના રોજ બપોરે ૧૨–૩૦ કલાકે,તથા પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/આઉટ/૦૩, તા.૧૦/૦૪/૧૯ મુજબ તા.૧૮/૦૪/૧૯ ના રોજ બપોરે ૧૨–૩૦ કલાકે તેમજ પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/આઉટ/૦૫, તા.૨૪/૦૪/૧૯ મુજબ તા.૩૦/૦૪/૧૯ ના રોજ બપોરે ૧૨–૩૦ કલાકેજણાવવામાં આવેલ હતું,પરંતુ ઉકત તમામ દિને અરજદાર સુનાવણી અર્થે હાજર રહયા ન હતા,જયારે સંબંધિત વિભાગના જાહેર માહિતી અધિકારી/ તેઓના પ્રતિનિધિ તમામ દિને હાજર રહયા હતાં.

અરજદારશ્રીની અપીલ અરજી અન્વયે ઉકત વિગતે રૂબરૂ સુનાવણીમાં અરજદારશ્રી હાજર રહેલ ન હોય તેઓનો પક્ષ જાણી શકાયેલ નથી, પરંતુ રૂબરૂ સુનાવણી સમયે જાહેર માહિતી અધિકારી / તેઓના પ્રતિનિધિ ધ્વારા કરવામાં આવેલ રજુઆત તથા અરજદારશ્રીની અપીલ અરજીનો અભ્યાસ કરતા અત્રેનું અવલોકન નીચે મુજબ છે.

- અરજદારશ્રીએ તેઓની અપીલ અરજીથી દર્શાવેલ નારાજગીમાં મુદ્દા નં.૨ અને ૩ અન્વયે રેકર્ડ તપાસણી માટે તા.૨૫/૦૧/૧૮ ના સ.૧૧.૦૦ કલાકે બોલાવેલ હોય ખોટી તારીખ આપેલ હોવાનું જણાવેલ છે, પરંતુ સદર બાબતે શરતચુકથી ટાઈપીંગ ભુલ થયાની રજુઆત કરવામાં આવેલ છે જે ધ્યાને લેતા પ્રસ્તુત કિસ્સામાં જાહેર માહિતી અધિકારીનો કોઈ બદઈરાદો પ્રસ્થાપિત થતો ન હોવાનું જણાય છે.

- અરજદારશ્રીએ અપીલ અરજીથી મુદ્દા નં.૪ અને ૫ ની આપવામાં આવેલ માહિતી શંકાસ્પદ હોવાનું તથા માહિતી ખોટી, ગેરમાર્ગે દોરે તેવી આપેલ હોવાની રજુઆત કરેલ છે, જે બાબતે આર.ટી.આઈ. એકટની કલમ–૨(એફ), ૨(જે) અને માહિતી અધિકારની વ્યાખ્યા ધ્યાને લેવા જોગ છે, જે મુજબ જાહેર સત્તા મંડળ પાસેની તથા તેના નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી રેકર્ડ આધારીત માહિતી પુરી પાડવાની જોગવાઈ છે, જે મુજબ જો કોઈ માહિતી દફતર ઉપર ઉપલબ્ધ હોય અને આપવાની બાકી રહેતી હોય તો જાહેર માહિતી અધિકારીએ તે માહિતી પુરી પાડવાની રહે છે.

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી તેમજ જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગધ્વારા પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર વિગેરે ધ્યાને લેતા, નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

## –:: હુકમ ::–

અરજદારશ્રીની તા.૧૧/૦૨/૧૯ ની અરજી (આઈ.ડી.નં.૧૩૬) થી માંગવામા આવેલ માહિતી પરત્વે જાહેર માહિતી અધિકારી અનેચીફ ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગ,ધ્વારા અરજદારશ્રીની આરટીઆઈની અરજીના મુદ્દા નં.૧ થી ૬ પરત્વેસમયમર્યાદામાં માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે. આરટીઆઈની કલમ ૨(એફ),૨(જે) હેઠળ અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી રેકર્ડ આધારીત માહિતી પુરી પાડવાની જોગવાઈ છે,જે મુજબ મુદ્દા નં.૨ તથા ૩ પરત્વે અરજદારશ્રીને અત્રેની જાણ હેઠળ દિન–૭ માં રૂબરૂ રેકર્ડ તપાસણી માટે બોલાવી રેકર્ડ તપાસણી સમયે અરજદાર ઈચ્છે તેટલી જરૂરીયાત મુજબની નકલો આરટીઆઈ એકટની કલમ ૭(૬) હેઠળ વિનામુલ્યે પુરી પાડવાતથા રેકર્ડ તપાસણી સમયે અરજદારશ્રીની અન્ય મુદ્દાઓ પરત્વે તેઓની રજુઆતના નિરાકરણનો પ્રયાસ કરવા તેમજ માંગેલ માહિતી પૈકી જે માહિતી ઉપલબ્ધ હોય અને નિયમોનુંસાર આપવા પાત્ર હોય તેવી માહિતી અરજદારશ્રીને દિન–૭ માં પુરી પાડવા જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી, ફુડ વિભાગને હુકમ કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો, ગુજરાત માહિતી આયોગ,કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ,બ્લોક નં.૧,બીજો માળ,નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦/એ, ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૧૫ ડે.મ્યુની.કમિશ્નર(હે.અને હો.) અને
તા. ૧૬/૦૫/૨૦૧૯ એપલેટ ઓફીસર,
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.SMC/PHD/FAP/01/2019-20. Dt.16/04/2019.

**આરોગ્ય વિભાગ.**

**અરજદાર:—શ્રી દિલીપકુમાર નટવરલાલ પારેખ.**
**સામાવાળા:—** જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી,માર્કેટ વિભાગ,સુરત મહાનગરપાલિકા.

અરજદારશ્રી ધ્વારા તા.૧૦/૦૪/૨૦૧૯ ના રોજ અપીલ અધિકારી, માર્કેટ વિભાગ, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી એકઝી.આસી. અને જાહેર માહિતી અધિકારી, નાગરીક સુવિધા કેન્દ્રના પત્ર નં.સીસીસી/સે.ઝોન/આઉટ/૩૬, તા.૧૦/૦૪/૧૯ થી અરજદારશ્રીની તા.૦૨/૦૩/૧૯ (આઈ.ડી.નં.૨૯૫૦) ની આર.ટી.આઈ. ની નમુના 'ક' ની અરજી તથા તે અન્વયે પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર વિગેરે તુમારો સામેલ રાખી અત્રે તબદીલ કરવામાં આવેલ હતી, જે અત્રે તા.૧૬/૦૪/૨૦૧૯ ના રોજ પ્રાપ્ત થયેલ છે. ઉકત આર.ટી.આઈ. ની અરજીના અનુસંધાને માંગેલ માહિતી અન્વયે "અરજીના મુદ્દા નં.૦૧માં તા.૨૬/૦૨/૧૯ ના રોજ મળેલ ફરીયાદ સંદર્ભે સુ.મ.પા.અધિકૃત સુપરવાઈઝરશ્રીઓના નામ, સરનામા તથા મો.નં. તથા કર્મચારીની વિગતોની માહિતી મળેલ નથી" તેમ જણાવી નારાજગી દર્શાવી અપીલ અરજી કરેલ છે.

અરજદારશ્રીની આર.ટી.આઈ.એકટ—૨૦૦૫ હેઠળની તા.૦૨/૦૩/૧૯ ની અરજી (આઈ.ડી.નં.૨૯૫૦) જાહેર માહિતી અધિકારી અને એકઝી.આસી.,નાગરીક સુવિધા કેન્દ્રના પત્ર નં.સીસીસી.સીઝેડ/આર.ટી.આઈ./આઉટ/૨૯૫૦, તા.૦૫/૦૩/૧૯ થી એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટ અને જાહેર માહિતી અધિકારી, માર્કેટ વિભાગને તબદીલ કરવામાં આવેલ હતી, અરજદારની ઉકત અરજીથી મુદ્દા નં. (૧) માર્કેટ વિભાગના સુ.મ.પા.ના અધિકૃત અધિકારી તા.૨૬/૦૯૨/૨૦૧૯ ના રોજ રખડતા ગાય/ભેંસ—ઢોરો વિગેરેને પકડવા આવેલ તેમના હોદ્દાની નામ તથા મોબાઈલ નંબરની વિગત આપશો (૨) સુ.મ.પા.ના માર્કેટ વિભાગના ડબ્બા કેન્દ્ર,ડેપોના નામ સરનામા, ઓફિસ ટેલીફોન નંબર તથા મોબાઈલ નંબરની માહિતી આપશો. હાલમાં માર્કેટ વિભાગના મુખ્ય અધિકારીશ્રીના મોબાઈલ નંબર તથા ઓફિસ નંબરની માહિતી આપશો (૩) સુ.મ.પા.ના માર્કેટ વિભાગે તા.૨૬/૦૨/૨૦૧૯ ના રોજ ૧૬ ગાયો પકડેલ તો તે ગાયોના માલિક/પશુપાલકના નામ, સરનામા, મોબાઈલ નંબરની માહિતી તથા દરેક ઢોર/ગાય દીઠ વસુલ કરેલા દંડની રકમ તથા તે અંગે જે પ્રકારની ફીની નોંધ કરી તેમને રસીદો આપવામાં આવેલ છે તે તમામ રસીદોની સર્ટીફાઈડ નકલો આપશો વિગેરે કુલ—૦૩ મુદ્દાઓની માહિતી માંગેલ હતી, જે અરજીના અનુસંધાને અરજદારશ્રીને જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટ, માર્કેટ વિભાગ ધ્વારા પત્ર નં.પીએચડી/માર્કેટ/૨૦૦૦, તા.૨૨/૦૩/૧૯ થી સમયમર્યાદામાં પ્રત્યુત્તર પાઠવેલ હોવાનું તથા અપીલ તબકકે પત્ર નં.પીએચડી/માર્કેટ/૫૫, તા.૦૯/૦૪/૧૯ થી તેઓશ્રીની માહિતી માંગતી અરજીના મુદા નં.૧ પરત્વે પ્રત્યુત્તરપાઠવવામાં આવેલ હોવાનું જણાય છે.

અરજદારની અપીલ અરજી અન્વયે બન્ને પક્ષોની રજુઆત ધ્યાને લેવાના હેતુસર રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા અર્થે અત્રેથી પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/આઉટ/૬, તા.૨૫/૦૪/૧૯ મુજબ તા.૦૬/૦૫/૧૯ ના રોજ સવારે ૧૧—૦૦ કલાકે, એપેલેટ ઓફિસર અને આરોગ્ય અધિકારી, સમક્ષ સુરત મહાનગરપાલિકાની આરોગ્ય ખાતાની મુખ્ય કચેરી, સુરત ખાતે હાજર રહેવા જણાવવામાં આવેલ હતું, જે મુજબ અરજદારશ્રી તથા એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટ, માર્કેટ વિભાગના જાહેર માહિતી અધિકારી વતી તેઓના પ્રતિનિધી રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહયા હતા. રૂબરૂ સુનાવણી સમયે જાહેર માહિતી અધિકારીશ્રીના પ્રતિનિધિ તરફથી અરજદારશ્રીને અપીલ તબકકે ઉકત વિગતેના તા.૦૯/૦૪/૧૯ ના રોજ પત્ર નં.પીએચડી/માર્કેટ/૫૫ થી મુદ્દા નં.૧ પરત્વેની બાકી રહેતી રેકર્ડ આધારીત માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું તથા તેનાથી અરજદારશ્રીને સંતોષ થયેલ હોવાનું જણાવેલ છે તથા તે બાબતને અરજદારશ્રીએ રૂબરૂમાં મૌખિક અનુમોદન આપેલ છે તથા સદર પત્રમાં દર્શાવેલ અધિકારીઓ/કર્મચારીઓ સામે કાયદેસર ખાતાકીય પગલા લઈ હુકમ કરવા જણાવેલ છે.

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી સંદર્ભે અરજદારશ્રી ધ્વારા કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટ માર્કેટ વિભાગ ધ્વારા પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર તથા રૂબરૂ સુનાવણીમાં હાજર રહી કરેલ રજુઆત તથા તમામ હકીકતો અવલોકનમાં લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**—:: હુકમ ::—**

અરજદારશ્રીની તા.૦૨/૦૩/૧૯ ની અરજી (આઈ.ડી.નં.૨૯૫૦) થી માંગવામા આવેલ માહિતી બાબતે આર.ટી.આઈ. એકટની કલમ—૨(એફ), ૨(જે) હેઠળ અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી પુરી પાડવાની જોગવાઈ છે તે મુજબ જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટ માર્કેટ વિભાગ ધ્વારા અરજદારશ્રીને સમયમર્યાદામાં માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું તથા અપીલ તબકકે ઉકત વિગતે અરજદારશ્રીને મુદ્દા નં.૧ ની બાકી રહેલ માહિતી પુરી પાડવામાં આવેલ હોય તથા ઉકત વિગતે રૂબરૂ સુનાવણી સમયે અરજદારશ્રીને માહિતી સબબ સંતોષ હોવાનું મૌખિક અનુમોદન આપેલ હોય અત્રેથી વધુ કોઈ વિશેષ હુકમ કરવાનો રહેતો હોવાનું કારણ જણાતું નથી, તે મુજબ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

રૂબરૂ સુનાવણી સમયે અરજદારશ્રી ધ્વારા જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિ.ના પત્ર નં.પીએચડી/માર્કેટ/૫૫, તા.૦૯/૦૪/૧૯ માં દર્શાવેલ અધિકારીઓ સામે કાયદેસર ખાતાકીય પગલા લઈ હુકમ કરવા અંગે કરવામાં આવેલ વિનંતી આર.ટી.આઈ. એકટના વ્યાપની બહાર હોવાનું જણાય છે. અરજદાર જો ઈચ્છુક હોય તો આ બાબતે અલગથી જે તે સક્ષમ સત્તાને ફરીયાદ/રજુઆત કરવા સ્વતંત્ર છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧,બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર—૧૦/એ, ગાંધીનગરને દિન—૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/આઉટ/૧૬ આરોગ્ય અધિકારી અને
તા. ૧૭/૦૫/૨૦૧૯ એપલેટ ઓફીસર
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.SMC/PHD/FAP/13/2019, Dt.29/05/2019.
આરોગ્ય વિભાગ.

**અરજદાર :**–શ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ધીવાલા.
**સામાવાળા:**– જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી, માર્કેટ વિભાગ, સુરત મહાનગરપાલિકા.

અરજદારશ્રી ધ્વારા તા.૨૩/૦૫/૧૯ ના રોજ એપેલેટ ઓફિસરશ્રી, સક્ષમ સત્તામંડળ, સુરત મહાનગરપાલિકા, માર્કેટ વિભાગને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી એપેલેટ ઓફિસર અને કાર્યપાલક ઈજનેર(પશ્ચિમ ઝોન–રાંદેર) ના પત્ર નં.વેસ્ટઝોન/આર.ટી.આઈ.સેલ/૪૯૩, તા.૨૪/૦૫/૧૯ મુજબ અપીલ અધિકારી અને આરોગ્ય અધિકારી, આરોગ્ય વિભાગને તબદીલ કરેલ છે, જે અપીલ અરજી જરૂરી કાર્યવાહી અર્થે અત્રેના વિભાગને તા.૨૯/૦૫/૧૯ ના રોજ પ્રાપ્ત થયેલ છે. અરજદારશ્રીની નમુના–'ક' ની આર.ટી.આઈ.ની અરજી પરત્વે માંગ્યા મુજબની માહિતી જાહેર માહિતી અધિકારી ધ્વારા સમયમર્યાદામાં પુરી પાડવામાં આવેલ ન હોય, તેમ જણાવી નારાજ થઈ અપીલ અરજી કરેલ છે.

ઉકત અપીલ અરજી સાથે સામેલ તુમારોનો અભ્યાસ કરતાં અરજદારશ્રીની નમુના "ક" ની તા.૧૮/૦૪/૧૯ ની અરજી (આઈ.ડી.નં.૬૮) થી (૧) સુરત મહાનગરપાલિકાની હદ વિસ્તારમાં ચોપગા જાનવરો રાખવા માટેની પરવાનગી આપનાર વિભાગની ઉપલબ્ધ રેકર્ડ પરતુ વિભાગનું નામ,હોદ્દા પરના અધિકારનું નામ,હોદ્દાની વિગત આપવી(૨) ચોપગા જાનવરની પરમીટ બીપીએમસી એકટ ૧૯૪૯ ના ચેપ્ટર ૧૪ ના રૂલ્સ ૨૨/૧ મુજબ ઈસ્યુ કરવામાં આવેલ પરમીટની યાદી અને ઉપલબ્ધ રેકર્ડ પરની વિગત આપવી(૩)ચોપગા જાનવરો પાછળ ઉપરોકત વિભાગ ધ્વારા કરવામાં આવતા ખર્ચની વિગત આપવી(૪)ચોપગા જાનવર માટે સુ.મ.પા.ધ્વારા ખર્ચ કરવામાં આવતા ખર્ચાઓની વિગત અને ખચર્મઓનું રજીસ્ટર્ડની ઝેરોક્ષ આપવી(૫)ચોપગા જાનવર રખડતા કુતરા માટે બનાવવામાં આવેલ તમામ નીતી નિયમો,પરીપત્ર,કાયદા પી.એ.ડી.તેમજ તેની પાછળ કરવામાં આવતો ખર્ચ અને વાપરવામાં આવતી દવા–ઓપરેશન વિગેરે ખર્ચની મંજુરી ખર્ચની વિગત રજીસ્ટર્ડ વગેરેની વિગત ઉપલબ્ધ રકેર્ડ પરથી આપવી વિગેરે બાબતે કુલ–૦૫ મુદ્દાઓની માહિતી માંગતી અરજી કરવામાં આવેલ હતી, જે અનુસંધાને અરજીના મુદ્દાઓ બાબતે જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી,માર્કેટ વિભાગ ધ્વારા પત્ર નં.પીએચડી/માર્કેટ/૨૫૩, તા.૧૭/૦૫/૧૯ થી અરજદારશ્રીને સમયમર્યાદામાં પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે.જે મુજબ જાહેર માહિતી અધિકારીશ્રી, માર્કેટ વિભાગ ધ્વારા મુદ્દા નં.૧ થી ૩ તથા ૫ પરત્વે ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે, જયારે મુદ્દા નં.૪ પરત્વે ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતીની નકલો વિનામુલ્યે પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે.

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજીથી કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી, માર્કેટ વિભાગ ધ્વારા પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર વિગેરે ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

અરજદારશ્રીની તા.૧૮/૦૪/૧૯ ની અરજી (આઈ.ડી.નં.૬૮) થી માંગવામા આવેલ માહિતી બાબતે આર.ટી.આઈની કલમ ૨(એફ), ૨(જે) હેઠળ અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી રેકર્ડ આધારીત માહિતી પુરી પાડવાની જોગવાઈ છે, જે મુજબ જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા ઉકત વિગતે સમયમર્યાદામાં પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હોવાનું જણાતુ હોય, અરજદારશ્રીની અપીલ અરજી પરત્વે અત્રેથી કોઈ વિશેષ કાર્યવાહી કરવાની રહેતી હોવાનું / કોઈ હસ્તક્ષેપ કરવાનું રહેતું હોવાનું કોઈ કારણ જણાતું ન હોય, અરજદારશ્રીની અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો,ગુજરાત માહિતી આયોગ,કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧,બીજો માળ, નિર્માણ ભવનની પાછળ,સેકટર–૧૦–એ,ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/આઉટ/૨૧
તા. ૦૬/૦૬/૨૦૧૯

આરોગ્ય અધિકારી અને
એપલેટ ઓફીસર
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.SMC/PHD/FAP/20/2019.Dt.18/06/2019.
મધ્યસ્થ મહેકમ (આરોગ્ય) વિભાગ.

અરજદાર :– **શ્રીજીગીષ સોસા.**

**સામાવાળાઃ– જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, મધ્યસ્થ મહેકમ (આરોગ્ય)વિભાગ, સુરત મહાનગરપાલિકા.**

અરજદાર મજકુર ધ્વારા તા.૧૩/૦૬/૨૦૧૯ ના રોજ અપીલ અધિકારીશ્રી, સુરત મહાનગર સેવા સદનને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી જાહેર માહિતી અધિકારી, નાગરીક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોનના પત્ર નં. સીસીસી.સીઝેડ/ આઉટ/૧૧૮, તા.૧૫/૦૬/૨૦૧૯ થી અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફિસર, મધ્યસ્થ મહેકમ (આરોગ્ય) વિભાગને તબદીલ કરેલ હતી, જે અપીલ અરજી અત્રેના વિભાગને પત્ર નં.SMC/PHD/FAP/20/2019, તા.૧૮/૦૬/૧૯ થી નોંધાયેલ છે. અરજદારશ્રીની તા.૧૩/૦૬/૨૦૧૯ ની અપીલ અરજીથી '' સમયમર્યાદામાં સંપુર્ણ માહિતી આપેલ નથી જેથી માહિતી છુપાવવાનો પ્રયાસ કરેલ છે '' એમ જણાવી નારાજગી વ્યકત કરેલ છે.

અરજદારશ્રીની નમુના–ક ની મુળ અરજી, જાહેર માહિતી અધિકારીશ્રીનો પ્રત્યુત્તર સહિત તબદીલી પત્ર તથા ઉકત વિગતેની અપીલ અરજી તથા તેને સંલગ્ન પેપર્સોનો અભ્યાસ કરતા અરજદારશ્રીની તા.૨૨/૦૪/૧૯ થી જાહેર માહિતી અધિકારી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરેલ અરજી જાહેર માહિતી અધિકારી અને એકસીકયુટીવ આસીસ્ટન્ટ, નાગરીક સુવિધા કેન્દ્ર, મુગલીસરાના પત્ર નં.સીસીસી.સીઝેડ/આરટીઆઈ/આઉટ/૧૭૯, તા.૨૪/૦૪/૧૯ થી વિવિધ જાહેર માહિતી અધિકારીઓ સહિત જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, મધ્યસ્થ મહેકમ (આરોગ્ય)વિભાગને પણ આંશીક તબદીલ કરવામાં આવેલ હોવાનું જણાય છે, જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, મધ્યસ્થ મહેકમ (આરોગ્ય) વિભાગ ધ્વારા પત્ર નં. જીએડી/ઈએસટી/પીએચ/આરટીઆઈ/ આઉટ/૨૨, તા.૨૬/૦૪/૧૯ થી ''અરજીમાં જણાવ્યા મુજબની જરૂરી માહિતી / દસ્તાવેજોની વિષય વસ્તુ આ સત્તામંડળના અધિકાર ક્ષેત્રમાં આવતી ન હોય, અત્રેની માહિતી ''નીલ'' છે. જેની જાણ અરજદારશ્રીને થવા વિનંતી. વધુમાં સદર માહિતી / દસ્તાવેજોની વિષય વસ્તુ આપના (જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.જંતુનાશક અધિકારીશ્રી,વીબીડીસી વિભાગ તથા જાહેરમાહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી, રીક્રુટમેન્ટ વિભાગ ) જાહેર સત્તામંડળ/ વિભાગ/ કચેરીના કાર્યો સાથે નીકટતાથી સંકળાયેલ હોવાથી આગળની જરૂરી કાર્યવાહી માટે આ સાથે આપને આંશિક તબદીલ કરવામાં આવે છે '' એમ જણાવી આર.ટી.આઈ. નિયમ ૪(૨) નમુના–ઘ થી સંબંધિત સત્તામંડળને અરજદારશ્રીની જાણ હેઠળ પ્રત્યુત્તર સહ અરજી તબદીલ કરેલ હોવાનું જણાયેલ હોય, અત્રેથી ઉકત વિગતે મળેલ પ્રથમ અપીલ અરજી સદર જાહેર સત્તામંડળના પ્રથમ અપીલ સત્તામંડળને એટલે કે, અપીલ અધિકારી અને ડે.મ્યુનિ. કમિશનરશ્રી(હે.અનેહો.) તથા અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફીસરશ્રી, રીક્રુટમેન્ટ વિભાગ પ્રતિ અરજદારશ્રીની જાણ હેઠળ અપીલ અરજીના નિર્ણયાર્થે અત્રેના પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/આર.ટી.આઈ. અપીલ/૨૫, તા.૧૯/૦૬/૧૯ થી તબદીલ કરવામાં આવેલ હતી.

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી તેમજ જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, મધ્યસ્થ મહેકમ (આરોગ્ય) વિભાગ ધ્વારા અરજદારશ્રીની જાણ હેઠળ પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર સહ તબદીલી પત્ર વિગેરે ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

—:: હુકમ ::—

આર.ટી.આઈ. એકટની કલમ—ર (એફ), ર(જે) અને માહિતી અધિકારની વ્યાખ્યા પ્રમાણે જાહેર સત્તામંડળની તથા તેના નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી આપવાની જોગવાઈ છે, વધુમાં સદર એકટની કલમ—૬(૩) હેઠળ કોઈ જાહેર સત્તા મંડળને માહિતી માટે વિનંતી કરતી અરજી કરવામાં આવી હોય અને તે માહિતી બીજા જાહેર સત્તામંડળ પાસે હોય અથવા તેની વિષય વસ્તુ બીજા જાહેર સત્તામંડળના કાર્યો સાથે વધુ નીકટતાથી સંકળાયેલ હોય ત્યારે એવી અરજી જે જાહેર સત્તામંડળને કરવામાં આવી હોય તેણે તે અરજી અથવા તેવી અરજીનો પોતે યોગ્ય ગણે તેવો ભાગ બીજા જાહેર સત્તામંડળને તબદીલ કરવો જોઈશે અને એવી તબદીલી અંગેની જાણ અરજદારને તરત જ કરવી જોઈશે. તેવી જોગવાઈ કરવામાં આવેલ છે તથા સદર (૧)ના નિયમ ૪(ર) મુજબ માંગેલી માહિતી, જે જાહેર માહિતી અધિકારી / જાહેર સત્તામંડળને અરજી કરવામાં આવી હોય તેની હકુમતમાં આવતી ન હોય, ત્યારે તેવા કિસ્સામાં, એવી અરજી અથવા તેનો તેવો ભાગ, જાહેર માહિતી અધિકારીએ શકય હોય તેટલુ જલ્દી પણ કોઈપણ કિસ્સામાં અરજી મળ્યાના પાંચ દિવસથી મોડુ નહી, બીજા સંબંધિત જાહેર સત્તામંડળને નમુના—ઘ માં તબદીલ કરવો જોઈશે અને અરજદારને એવી તબદીલીની તાત્કાલીક જાણ કરવી જોઈશે, એવી જોગવાઈ કરવામાં આવેલ છે.

પ્રસ્તુત કિસ્સામાં ઉકત વિગતે અરજદારશ્રીની તા.રર/૦૪/૧૯ની (આઈ.ડી.નં.૧૭૯)ની આરટીઆઈ એકટની અરજી જાહેર માહિતી અધિકારી અને એકઝી.આસી., નાગરીક સુવિધા કેન્દ્ર ધ્વારા વિવિધ જાહેર માહિતી અધિકારી સહિત જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, મધ્યસ્થ મહેકમ (આરોગ્ય) વિભાગને પણ આંશિક તબદીલ કરવામાં આવેલ હોવાનું તથા જે મુજબ અરજદારશ્રીની તા.રર/૦૪/૧૯ (આઈ.ડી.નં.૧૭૯) ની આર.ટી.આઈ.ની અરજી પરત્વે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, મધ્યસ્થ મહેકમ (આરોગ્ય) વિભાગ ધ્વારા અરજીમાં જણાવ્યા મુજબની જરૂરી માહિતી / દસ્તાવેજોની વિષય વસ્તુ તેઓના સત્તામંડળના અધિકાર ક્ષેત્રમાં આવતી ન હોય, માહિતી "નીલ" છે એમ જણાવી અરજદારશ્રીની જાણ હેઠળ નમુના—ઘ માં સંબંધિત જાહેર સત્તામંડળ પ્રતિ આગળની જરૂરી કાર્યવાહી માટે અરજી પ્રત્યુત્તર સહિત આંશિક તબદીલ કરવામાં આવેલ હોવાનું જણાતુ હોય તથા તે અનુસંધાને ઉકત વિગતે અત્રેથી અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજી નિર્ણયાર્થે સંબંધિત અપીલ સત્તામંડળને અરજદારશ્રીની જાણ હેઠળ તબદીલ કરવામાં આવેલ હોય, અરજદારશ્રીની અપીલ અરજી પરત્વે અત્રેથી કોઈ વિશેષ કાર્યવાહી કરવાની રહેતી હોવાનું / કોઈ હસ્તક્ષેપ કરવાનું રહેતું હોવાનું કોઈ કારણ જણાતું ન હોય, તે મુજબ આ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર—૧૦/એ, ગાંધીનગરને દિન—૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૩૧
તા.ર૭/૦૬/ર૦૧૯

પર્સોનેલ ઓફિસર અને
એપેલેટ ઓફિસર
મધ્યસ્થ મહેકમ(આરોગ્ય)
સુરત મહાનગરપાલિકા.

# ઓકટોબર–૨૦૧૯ થી ડિસેમ્બર–૨૦૧૯

| અપીલ નં. /વર્ષ | માહિતીનું વિષય વસ્તુ | હુકમ નં.તારીખ |
| --- | --- | --- |
| ૧૬<br>તા.૦૯/૦૯/૧૯ | અરજદારશ્રી હાર્દિક અણઘણ ડી. ધ્વારા તા.૩૧/૦૭/૧૯ (આઈ.ડી.નં.૧૧૪૮) ની અરજીથી (૧) સુરત શહેરમાં કતારગામ ઝોન વિસ્તારમાં ઘરેથી જે વેસ્ટ કચરું તે માટે એસ.એમ.સી તરફથી શું શું સુવિધાઓ કરવામાં આવી છે ? તેની માહિતી આપવી (૨) સદર કતારગામ ઝોન વિસ્તારમાં ડોર–ટુ–ડોર ગાડીનું કચરાનું ટેન્ડર કોણે કોણે ભર્યુ હતું તે તમામની નકલ આપવી વિગેરે કુલ–૧૩ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી. | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૮૧<br>તા.૩૦/૧૧/૨૦૧૯ |
| ૧૭<br>તા.૧૬/૦૯/૧૯ | અરજદારશ્રી મહાડીક મીના વિઠલભાઈ ધ્વારા અરજીથી સ્વ.કર્મચારી રવિન્દ્ર વસંતરાવ પવાર જેનો કર્મચારી નંબર–૧૨૫૮૦ તેઓ તબીબી સહાય આપના આરોગ્ય ખાતામાંથી મેળવતા હતા. સદર તબીબી સહાયપાત્ર કુટુંબના અન્ય સભ્યની વિગતમાં જયોતિબેન વિગરે માહિતીની માંગણી કરેલ હતી. | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૮૦<br>તા.૧૮/૧૦/૨૦૧૯ |
| ૧૮<br>તા.૨૫/૦૯/૧૯ | અરજદારશ્રી રમેશભાઈ હરસીગભાઈ બારીયા ધ્વારા નમુનો–ક ની અરજીથી (૧) મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર (એસ.આઈ.) ના સર્ટી. જેવા કે " ભારત સેવક સમાજ " સંસ્થામાંથી કરેલ કર્મચારી સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન આરોગ્ય શાખામાં હાલમાં ફરજ બજાવતાં હોય તેની માહિતી આપવી. (૨) ભારત સેવક સમાજ નામની સંસ્થામાંથી કરેલ કોર્સ જેવા કે મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર (એસ.આઈ.) ના સર્ટી.ના આધારે હાલમાં ફરજ બજાવતાં કર્મચારી કાયમી ધોરણે ફરજ બજાવે છે આમ કુલ–૦૨ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી. | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૭૨<br>તા.૦૬/૧૧/૨૦૧૯ |
| ૧૯<br>તા.૨૫/૦૯/૧૯ | અરજદારશ્રી સ્વપનીલ સોની ધ્વારા નમુના "ક" ની તા.૨૬/૦૮/૧૯ (આઈ.ડી.નં.૩૧) ની અરજીથી (૧)તા.૦૧/૦૧/૨૦૧૮ થી તા.૨૦/૦૮/૨૦૧૯ સુધીમાં સુરત મ્યુ.કો. ના ફુડ વિભાગ ધ્વારા કઈ સાલમાં કયા યુનિટમાંથી કયા પ્રકારનું સેમ્પલ લેવામાં આવેલ છે? તે યુનિટનું નામ, સરનામું સહિતની સહિતની વિગતવાર માહિતી આપવી વિગેરે સહિત કુલ–૦૬ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી. | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૮૫<br>તા.૧૮/૧૨/૨૦૧૯ |
| ૨૦<br>તા.૨૭/૦૯/૧૯ | અરજદારશ્રી અણઘણ હાર્દિક ડી. ધ્વારા મુદ્દા નં.(૧) સુરત શહેર હદમાં કતારગામ ઝોન વિસ્તારમાં રસ્તાઓ ઉપર સુકા અને ભીના કચરા માટેની કુલ કેટલી કચરા પેટીઓ મુકવામાં આવેલ છે ? તેની માહિતી આંકડો તેમજ શબ્દોમાં આપવા વિનંતી વિગેરે બાબતેની કુલ–૧૨ મુદ્દાઓની માહિતી માંગેલ હતી. | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૮૦<br>તા.૩૦/૧૧/૨૦૧૯ |
| ૨૧<br>તા.૧૦/૧૦/૧૯ | અરજદારશ્રી દિવ્યેશ એમ. ચાવડા ધ્વારા (૧) સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત કતલખાનાના ધ ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ લાઈસન્સીગ એન્ડ રજીસ્ટ્રેશન રેગ્યુલેશન–૨૦૧૧ અને ભારત સરકારના ધી સ્લોટર હાઉસ રૂલ્સ–૨૦૦૧ અન્વયે મેળવાયેલ જરૂરી પ્રમાણપત્રની ખરી નકલો આપવામાં આવે (૨) ઉપરોકત મુદ્દા નં.૧ ની મંજુરી મેળવાયેલ ન હોય તો તે બાબતે કરવામાં આવેલ કાર્યવાહીની નોંધો અને માહિતી આપવામાં આવે વિગેરે કુલ–૦૬ મુદ્દાઓની માહિતી માંગતી અરજી કરવામાં આવેલ હતી. | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૭૫<br>તા.૨૧/૧૧/૨૦૧૯ |
| ૨૨<br>તા.૦૯/૧૧/૧૯ | અરજદારશ્રીસચિન પટેલ ધ્વારા નમુના–'ક' ની અરજીથી મુદ્દાનં.(૧) નાણાકીય વર્ષ એપ્રિલ–૨૦૧૮ થી માર્ચ–૨૦૧૯ તથા ચાલુ નાણાંકીય વર્ષ–૨૦૧૯ થી આજદીન સુધીનાં રીવીઝન કરવામાં આવેલા ઈમારતોના વેરા વસુલાતની તમામ નકલો આપશો(નામ સરનામા સહિત) વિગેરે કુલ–૦૯ મુદ્દાઓની માહિતી માંગતી અરજી કરવામાં આવેલ હતી. | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૯૪<br>તા.૧૬/૦૧/૨૦૨૦ |
| ૨૩<br>તા.૦૯/૧૧/૧૯ | અરજદારશ્રી ધનજી એસ. વિરાસ ધ્વારા સુરત હાનગરપાલિકામાં તારીખઃ– ૦૧/૦૯/૨૦૧૯ ના રોજ કાયમી સફાઈ કામદારોની સંખ્યા અને નામની યાદી આપવી વિગેરેકુલ–૧૪ મુદ્દાઓની માહિતી માંગેલ હતી. | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૭૭<br>તા.૨૭/૧૧/૨૦૧૯ |
| ૨૪<br>તા.૧૪/૧૧/૧૯ | અરજદારશ્રી ગોપાળભાઈ રામુભાઈ પટેલ ધ્વારા આર.ટી.આઈ.ની અરજીથી તેઓની માતા કાશીબેન રામુભાઈના મરણ પ્રમાણપત્રની ઝેરોક્ષ રજૂ કરી કાશીબેન રામુભાઈના મરણની નોંધણી કરવા માટે રજૂ કરવામાં આવેલ અરજી તથા પુરાવાઓની સહી સીકકાવાળી નકલ વિગેરે માહિતી માંગેલ હતી. | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૮૮<br>તા.૨૦/૧૨/૨૦૧૯ |

# સુરત મહાનગરપાલિકા

RIGHT TO INFORMATION

**અપીલ અરજી નં.SMC/PHD/FAP/36/2019. Dt.09/09/2019.**
**આરોગ્ય વિભાગ**

**અરજદાર** :– શ્રી અણઘણ હાર્દિક ડી.
**સામાવાળા**:– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સોલીડ વેસ્ટ મેનેજરશ્રી, સો.વે.મે. વિભાગ, સુરત મહાનગરપાલિકા.

અરજદારશ્રી ધ્વારા તા.૩૧/૦૮/૧૯ના રોજ પ્રથમ અપીલ અધિકારીશ્રી, કતારગામ ઝોન, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી જાહેર માહિતી અધિકારીશ્રી, ના.સુ.કે., સેન્ટ્રલ ઝોન ધ્વારા પત્ર નં.સીસીસી/સી.ઝોન/ આઉટ/૨૬૮, તા.૦૩/૦૯/૧૯ થી તબદીલ કરવામાં આવેલ છે. અરજદારશ્રીની ઉકત પ્રથમ અપીલ અરજીમાં "પ્રત્યુત્તર ન મળેલ" હોવાનું જણાવી નારાજ થઈ અપીલ અરજી કરેલ, જે અત્રેના વિભાગને તા.૦૯/૦૯/૧૯ ના રોજ પ્રાપ્ત થયેલ છે.

ઉકત અપીલ અરજી સાથે સામેલ તુમારોનો અભ્યાસ કરતાં અરજદારશ્રીની નમુના–"ક" નીતા.૩૧/૦૭/૧૯ (આઈ.ડી.નં.૧૧૪૮) ની અરજીથી (૧) સુરત શહેરમાં કતારગામ ઝોન વિસ્તારમાં ઘરેથી જે વેસ્ટ કચરું તે માટે એસ.એમ.સી તરફથી શું શું સુવિધાઓ કરવામાં આવી છે ? તેની માહિતી આપવી (૨) સદર કતારગામ ઝોન વિસ્તારમાં ડોર–ટુ–ડોર ગાડીનું કચરાનું ટેન્ડર કોણે કોણે ભર્યું હતું તે તમામની નકલ આપવી વિગેરે કુલ–૧૩ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી, જે નમુના–ક ની અરજી જાહેર માહિતી અધિકારી અને એકસીકયુટીવ આસીસ્ટન્ટ, નાગરીક સુવિધા કેન્દ્ર ધ્વારા પત્ર નં.સીસીસી/ સીઝેડ/આર.ટી.આઈ/આઉટ/૧૧૪૮, તા.૦૧/૦૮/૧૯ થી નોર્થ ઝોન અને સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગને તબદીલ કરવામાં આવેલ હોવાનું જણાય છે, જે અનુસંધાને અરજદારશ્રીને પુરી પાડવામાં આવેલ માહિતી પરત્વેની નારાજગી સંદર્ભે પુર્તતા રીપોર્ટ કે આપવા જોગ પુરક માહિતી અથવા અન્ય કોઈ રજુઆત હોય તો તે દિન–૫ માં અત્રેની કચેરીને મોકલી આપવા અત્રેના વિભાગ ધ્વારા પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/આરટીઆઈ/અપીલ/૫૮, તા.૦૯/૦૯/૧૯ થી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. સોલીડ વેસ્ટ મેનેજરશ્રી, સો.વે.મે. વિભાગ પ્રતિ જણાવવામાં આવેલ, તે અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સોલીડ વેસ્ટ મેનેજરશ્રી, સો.વે.મે. વિભાગ, ધ્વારા લેખીત પુર્તતા રૂપે અરજદારશ્રીને પાઠવવામાં આવેલ પ્રત્યુત્તરની નકલ રજુ કરવામાં આવેલ છે, જે મુજબ જાહેર માહિતી અધિકારી અને મુખ્ય આરોગ્ય નિરીક્ષક, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ ધ્વારા પત્ર નં.પીએચડી/સો.વે.મે./આર.ટી.આઈ/૪૪, તા.૨૩/૦૮/૧૯ થી સમયમર્યાદામાં લાગત મુદ્દા નં.૨,૩ અને ૪ પરત્વે નાણા ભરવાનો પ્રસ્તાવ આપવામાં આવેલ હોવાનું જણાય છે.

અરજદારશ્રીની ઉકત અપીલ અરજીથી દર્શાવેલ નારાજગી સંદર્ભે બન્ને પક્ષોની રજુઆત ધ્યાને લેવાના હેતુસર રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા અર્થે અત્રેની કચેરીએથી પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૬૭, તા.૦૫/૧૦/૧૯ મુજબ તા.૧૧/૧૦/૧૯ ના રોજ બપોરે ૧૨:૩૦ કલાકે અપીલ અધિકારી અને ડે.કમિશ્નર(હે.અને હો.)ની કચેરી, સુરત મહાનગરપાલિકા ખાતે હાજર રહેવા જણાવવામાં આવેલ, પરંતુ ઉકત દિને અરજદારશ્રી હાજર રહયા ન હોય, ફરીથી અત્રેથી પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/આઉટ/૬૮, તા.૧૭/૧૦/૧૯ મુજબ તા.૧૪/૧૧/૧૯ ના રોજ બપોરે ૧૨:૩૦ કલાકે અરજદારશ્રીને રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા જણાવવામાં આવેલ, તે મુજબ અરજદારશ્રી અને જાહેર માહિતી અધિકારીના પ્રતિનિધી સદર દિને હાજર રહયા હતા. રૂબરૂ સુનાવણી દરમ્યાન થયેલ રજુઆત મુજબ અરજદારશ્રીએ માહિતી મળેલ ન હોવાનું જણાવેલ, જયારે જાહેર માહિતી અધિકારી ધ્વારા સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગને લાગત મુદ્દા નં.૨,૩ અને ૪ પરત્વે નાણા ભરવાનો પ્રસ્તાવ આપેલ હોવાનું જણાવેલ.

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી સંદર્ભે રૂબરૂ સુનાવણી સમયે હાજર રહી અરજદારશ્રી ધ્વારા કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ તરફથી પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર તથા રૂબરૂ સુનાવણીમાં હાજર રહી કરેલ રૂબરૂ રજુઆત વિગેરે ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

અરજદારશ્રીની તા.૩૧/૦૭/૧૯ (આઈ.ડી.નં.૧૧૪૮) ની અરજીથી માંગવામા આવેલ માહિતી અન્વયે આરટીઆઈની કલમ ૨(એફ), ૨(જે) હેઠળ અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી પુરી પાડવાની જોગવાઈ છે તે મુજબ જાહેર માહિતી અધિકારી અને મુખ્ય આરોગ્ય નિરીક્ષક, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ ધ્વારા પત્ર નં.પીએચડી/સો.વે.મે./આર.ટી.આઈ/૪૪, તા.૨૩/૦૮/૧૯ થી સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગને લાગત મુદ્દા નં.૨, ૩ અને ૪ પરત્વે નિયમોનુસાર ફી ભરપાઈ કરી માહિતી મેળવી લેવા પ્રસ્તાવ રજુ કરેલ હોય, અરજદારશ્રી જો ઈચ્છુક હોય તો માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ના નિયમ ૫(ખ)(૧) ની જોગવાઈ મુજબ જાહેર માહિતી અધિકારી ધ્વારા આપવામાં આવેલ પ્રસ્તાવ સ્વીકારી નિયમોનુસાર ફી ભરપાઈ કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે, જયારે અન્ય મુદ્દાઓ સબબ સંબંધિત લાગત વિભાગને અરજદારશ્રીની અરજી તેઓની જાણ હેઠળ તબદીલ થયેલ હોવાનું જણાતું હોય તથા સદર બાબતે અરજદારશ્રીને રૂબરૂ સુનાવણી સમયે સમજ આપવામાં આવેલ હોય આમ, અરજદારશ્રીની અપીલ અરજી પરત્વે કોઈ વિશેષ કાર્યવાહી કરવાની રહેતી હોવાનું જણાતુ ન હોય, અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો,ગુજરાત માહિતી આયોગ,કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ,બ્લોક નં.૧,બીજો માળ, નિર્માણ ભવનની પાછળ,સેકટર–૧૦/એ,ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/
તા. /૧૧/૨૦૧૯

ડે.મ્યુ.કમિશ્નર(હે.અને હો.) અને
એપેલેટ ઓફીસર
સુરત મહાનગરપાલિકા

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.SMC/PHD/FAP/39/2019 Dt.16/09/2019.
મધ્યસ્થ મહેકમ(આરોગ્ય) વિભાગ

**અરજદાર** :– શ્રી મહાડીક મીના વિઠ્ઠલભાઈ.
**સામાવાળા**:– જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર,મધ્યસ્થ મહેકમ (આરોગ્ય)વિભાગ.

અરજદારશ્રી ધ્વારા તા.૧૬/૦૯/૧૯ ના રોજ અપેલેટ ઓફિસર અને પર્સોનેલ ઓફિસરશ્રી, મધ્યસ્થ મહેકમ (આરોગ્ય) વિભાગ, સુરત મહાનગરપાલિકાને ઉદૃેશીને કરવામાં આવેલ અપીલ અરજી અત્રેના વિભાગને તા.૧૬/૦૯/૧૯ ના રોજ પ્રાપ્ત થયેલ છે, જે મુજબ અરજદારશ્રી ધ્વારા તેઓની તા.૦૭/૦૮/૧૯ (આઈ.ડી.નં.૫૧૬) ની આર.ટી.આઈ.ની નમુના–'ક' ની અરજી પરત્વે જાહેર માહિતી અધિકારીના નિર્ણયથી નારાજગી દર્શાવી પ્રથમ અપીલ અરજી કરેલ છે.

અરજદારશ્રીની નમુના–'ક' ની આર.ટી.આઈ. એકટ હેઠળની અરજી, જાહેર માહિતી અધિકારી ધ્વારા પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર તથા ઉકત વિગતેની અપીલ અરજી તથા તેને સંલગ્ન પેપર્સોનો અભ્યાસ કરતા અરજદારશ્રીની તા.૦૭/૦૮/૧૯ થી જાહેર માહિતી અધિકારી, આરોગ્ય વિભાગ, પશ્ચિમ(રાંદેર) ઝોન, સુરત મહાનગરપાલિકાને ઉદૃેશીને કરેલ નમુના–'ક' ની અરજી જાહેર માહિતી અધિકારી અને ચીફ સેનેટરી ઈન્સ્પેકટર, વેસ્ટ ઝોનના પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈસેલ/આઉટવર્ડ નં.૧૩૫૪, તા.૧૬/૦૮/૧૯ થી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી, મધ્યસ્થ મહેકમ(આરોગ્ય)વિભાગને તબદીલ કરવામાં આવેલ, અરજદારશ્રીની માહિતી માંગતી નમુના–'ક' ની અરજીથી સ્વ.કર્મચારી રવિન્દ્ર વસંતરાવ પવાર જેનો કર્મચારી નંબર–૧૨૫૮૦ તેઓ તબીબી સહાય આપના આરોગ્ય ખાતામાંથી મેળવતા હતા. સદર તબીબી સહાયપાત્ર કુટુંબના અન્ય સભ્યની વિગતમાં જયોતિબેન (૧) જયોતિબેન રાજેન્દ્રરાવ પત્ની તરીકે ઉ.વ.આ.૩૦ (૨) ભાવીન રાજેન્દ્રરાવ પવાર પુત્ર તરીકે દર્શાવેલ છે, તો જયોતિબેન રાજેન્દ્રરાવ તથા ભાવિન રાજેન્દ્રરાવ પવાર તરીકે જે નામ તબીબી સહાયપાત્ર કુટુંબના સભ્યો વિગતમાં દર્શાવેલ છે તે કયા કાગળના આધારે દર્શાવવામાં આવેલ છે. મેરેજ સર્ટિફીકેટ તથા પુત્રના જન્મનો દાખલો સામેલ હોય તો તેની કોપી વિગરે માહિતીની માંગણી કરેલ હતી, જે પરત્વે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી, મધ્યસ્થ મહેકમ (આરોગ્ય) વિભાગ ધ્વારા પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/આરટીઆઈ/આઉટ/૮૯, તા.૨૮/૦૮/૧૯ થી "આર.ટી.આઈ. એકટની કલમ–૨ (એફ), ૨(જે) અને માહિતી અધિકારની વ્યાખ્યા મુજબ જાહેર સત્તા મંડળ પાસેની તથા તેના નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ રેકર્ડ આધારિત માહિતી આપવાની જોગવાઈ છે, જે મુજબ પ્રસ્તુત મુદૃા બાબતેસંબંધિત વિભાગ પાસેથી સ્વ.કર્મચારી રવિન્દ્ર વસંતરાવ પવાર (કર્મચારી નં.૧૨૫૮૦) ની તબીબી સહાય પુસ્તિકામાં લાભાર્થી કુટુંબના સભ્યની વિગતવાર માહિતી મેળવવામાં આવેલ છે, જે અંતર્ગત મળેલ માહિતી મુજબ સ્વ.કર્મચારી રવિન્દ્ર વસંતરાવ પવાર ધ્વારા જે તે સમયે તબીબી સહાય પુસ્તિકા મેળવવા અંગેના ફોર્મમાં કુટુંબનાં આશ્રિત સભ્યની ભરવામાં આવેલ વિગતમાં શ્રી જયોતિબેન રવિન્દ્રભાઈ પવાર–કર્મચારી સાથેનો સંબંધની કોલમમાં : પત્ની તથા શ્રી ભાવિન રવિન્દ્રભાઈ પવાર–કર્મચારી સાથેનો સંબંધની કોલમમાં : પુત્ર તરીકે ઉલ્લેખ કરેલ હોવાનું જણાય છે તથા અરજી ફોર્મ સાથે શ્રી ભાવીન રવિન્દ્રભાઈ પવારના જન્મના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ બિડેલ હોવાનું જણાય છે, જયારે શ્રી જયોતિબેન રવિન્દ્રભાઈ પવાર બાબતે કર્મચારી સાથેના સંબંધ અંગેના કોઈ પ્રમાણપત્ર રજુ કરેલ હોવાનું ઉપલબ્ધ રેકર્ડ પરથી જણાતું નથી.વધુમાં દસ્તાવેજી પુરાવાની માંગેલ નકલ બાબતે જણાવવાનું કે, સદર માંગેલ માહિતી ત્રાહિતને લગતી તેમજ વિશ્વસનીય સંબંધોને આધારે ઉપલબ્ધ કરાવી હોય આરટીઆઈ એકટની કલમ–૮(ચ) માં જણાવ્યા પ્રમાણે આવી માહિતી આપવાની જવાબદારી રહેતી નથી. વધુમાં સદર બાબતે આરટીઆઈ એકટની કલમ–૮(૧)(ઠ) ની જોગવાઈ ધ્યાને લેવા જોગ છે. કલમ–૮(૧)(ઠ) મુજબ ત્રાહિતને લગતી કોઈ જાહેર ગતિવિધિ અથવા હિત સાથે કોઈપણ પ્રકારનો સંબંધ ધરાવતી ન હોય તેવી અથવા કોઈ વ્યકિતના અંગત જીવનમાં બિનજરુરી દખલ થાય તેવી અંગત જાણકારીને લગતી કોઈ માહિતી આપવાની જવાબદારી રહેશે નહી, તે મુજબની જોગવાઈ કરવામાં આવેલ છે. વધુમાં નામ.સુપ્રિમ કોર્ટના સ્પે.લીવ પીટીશન (લીવ પીટીશન) સીવીલ નં.૨૭૭૩૪/૧૨– શ્રી ગીરીશ રામચંદ્ર દેશપાંડે વિરુઘ્ધ સેન્ટ્રલ ઈન્ફરમેશન કમિશનર અને અન્યોના કેસમાં પીટીશનર ધ્વારા ત્રાહિતને લગતી માંગવામા આવેલી માહિતીના સંદર્ભમાં ઉપરોકત કલમ–૮(૧)(ઠ) હેઠળ કરવામાં આવેલ ઈન્કાર સામેની અરજી ડીસમીસ કરવામાં આવેલ છે. આર.ટી.આઈ. એકટની ઉકત જોગવાઈ તથા નામ.સુપ્રિમ કોર્ટના ઉકત ચુકાદાને ઘ્યાને લેતા આપના ધ્વારા માંગવામાં આવેલ ઉકત દસ્તાવેજી પુરાવાની નકલ પુરી પાડવા જોગ જણાતી નથી" જે મુજબનો સમયમર્યાદામાં પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે.

અરજદારશ્રીની અપીલ અરજી પરત્વેની નારાજગી સંદર્ભે બન્ને પક્ષોની રજુઆત ધ્યાને લેવાના હેતુસર અત્રેથી પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/આઉટ/૬૪, તા.૨૬/૦૯/૧૯ મુજબ તા.૦૪/૧૦/૧૯ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફિસર, મધ્યસ્થ મહેકમ (આરોગ્ય) વિભાગ, અસારાવાલા હોસ્પિટલના બીજા માળે, સૈયદપુરા, સુરત મહાનગરપાલિકા ખાતે અરજદારશ્રીને રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા જણાવવામાં આવેલ, તે મુજબ અરજદારશ્રી તથા મધ્યસ્થ મહેકમ (આરોગ્ય) વિભાગના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર સદર દિને રૂબરૂ સુનાવણી અર્થે અપીલ અધિકારી સમક્ષ હાજર રહયા હતા. રૂબરૂ

સુનાવણીમાં અરજદારશ્રી ધ્વારા " અમો ધ્વારા તા. ૦૭/૦૮/૧૯ના રોજ આર.ટી.આઈ.ની અરજી કરી જે માહિતી માંગેલ હોય તેમાં આપના તરફથી તા.૨૮/૦૮/૧૯ના રોજ જે જવાબ મોકલવામાં આવેલ હોય તેનાથી અમો એટલે નારાજ છે કે અમો ત્રાહિત વ્યકિત નથી, હું તેની પત્ની છું, જેથી મને માંગેલ માહિતી તાત્કાલિક મળે તેવી જોગવાઈ કરવા સારું મે અપીલ કરેલ છે અને જો આ મર્હુમ વ્યકિતની પત્નીને માહિતી આપવામાં ન આવે તો તેને આર્થિક રીતે નુકશાન થાય તેમ છે તથા ન છુટકે જાહેર માહિતી આયોગ ગાંધીનગર ખાતે જવાની ફરજ પડશે. આપના પત્રમાં સુપ્રિમ કોર્ટના સ્પેલીવ પીટીશન સીવીલ નં ૨૭૭૩૪/૧૨ શ્રી ગીરીશ રામચંદ્ર દેશપાંડે વિરૂધ્ધ સેન્ટ્રલ ઈન્ફોરમેશન કમી. અને અન્યોના કેસમાં પીટીશનર ધ્વારા ત્રાહિતને લગતી માંગવામાં આવેલી માહિતીના સંદર્ભમાં ઉપરોકત કલમ–૮(૧)(ઠ) હેઠળ કરવામાં આવેલ ઈન્કાર સામેની અરજી ડીસમીસ કરવામાં આવેલ છે. આર.ટી.આઈ. એકટની ઉકત જોગવાઈ તથા સુપ્રિમ કોર્ટના ચુકાદાને ધ્યાને લેતા આપના ધ્વારા માંગવામાં આવેલ ઉકત દસ્તાવેજી પુરાવાની નકલ પુરી પાડવા જોગ જણાતી નથી તેવું જણાવેલ છે. જો સદર માહિતી તેની પત્નીને જ આપવામાં નહી આવે તેવું કોઈ કાયદામાં નથી કે તેની પત્ની ત્રાહિત છે અને જો એવું હોય તો તેની કોપી આપવી" તે મુજબની લેખિતમાં રજુઆત કરવામાં આવેલ હતી.

ઉપસ્થિત જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી, મધ્યસ્થ મહેકમ (આરોગ્ય) વિભાગ તરફથી રૂબરૂ સુનાવણી દરમ્યાન રજુઆતમાં જણાવેલ છે કે, અરજદારશ્રી ધ્વારા ઉકત વિગતે આરટીઆઈ એકટ હેઠળ માહિતી માંગતી નમુના–'ક' ની અરજી અન્વયે વિગતદર્શક રેકર્ડ આધારીત હકીકતલક્ષી સહિત પુરી પાડવા જોગ તમામ માહિતી પુરી પાડેલ છે તેમજ મર્હુમશ્રી રવિન્દ્ર વસંતરાવ પવાર ધ્વારા જે તે સમયે તબીબી સહાય પુસ્તિકા મેળવવા અંગેનાં અરજી ફોર્મ સાથે શ્રી ભાવિન રવિન્દ્રભાઈ પવારના જન્મના પ્રમાણપત્રની નકલ બિડેલ હોવાનું તથા શ્રી જયોતિબેન રવિન્દ્રભાઈ પવાર બાબતે કર્મચારી સાથેના સંબંધ અંગેના કોઈ પ્રમાણપત્ર રજુ કરેલ હોવાનું ઉપલબ્ધ રેકર્ડ પરથી જણાતું નથી તે મુજબની સ્પષ્ટતા કરી **માંગેલ માહિતી અનુસંધાને ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી પૈકી ફકત શ્રી ભાવિન રવિન્દ્રભાઈ પવારના જન્મનું પ્રમાણપત્રની નકલ આપવાનો ઈન્કાર કરવામાં આવેલ છે** એમ જણાવી તથા તે બાબતે પ્રત્યુત્તરમાં ઈન્કાર અંગેનું કારણ વ્યાજબીપણા સહિત દર્શાવેલ છે. અપીલ તબકકે વધુમાં જણાવ્યાનુંસાર દિલ્હી નામ. હાઈકોર્ટ રીટ પીટીશન નં.૮૦૩/૨૦૦૯ શ્રી વિજય પ્રકાશ વિરુધ્ધ યુનિયન ઓફ ઈન્ડિયા અને અન્યોના કેસમાં પીટીશનર ધ્વારા ત્રાહિતને લગતી સર્વિસ રેકર્ડ, રજા, નોમીનેશન ફોર્મ, નાંણાકીય વ્યવહારો વિગેરે માંગવામા આવેલી માહિતીના સંદર્ભમાં કલમ ૮(૧)(ઝ)હેઠળ કરવામાં આવેલ ઈન્કાર સામેની અરજી ડીસમીસ કરવામાં આવેલ છે તેમજ નામ.કોર્ટે માનવ અધિકારોની ધોષણાના આર્ટીકલ–૧૯ અને આર્ટીકલ–૧૨ ને સમજાવીને કોર્ટ ધ્વારા બન્ને અનુક્રમે માહિતી મેળવવાનો અને રાઈટ ટુ પ્રાયવસી એટલે કે અંગતતાનો હકક છે તથા તેજ રીતે કાયદામાં કલમ–૨૪(ભ્રષ્ટ્રાચાર અને માનવ અધિકારના ઉલ્લંઘન સિવાય) મુજબ સલામતિ સંગઠનોની અનુસુચિ–૨ માં માહિતી નકારવાની જોગવાઈઓ થયેલ છે. બંધારણે આપેલ રાઈટ ટુ પ્રાયવસી મુળભુત અધિકાર છે તેવુ નામ.સુપ્રિમ કોર્ટે પણ નોંધ્યુ છે, તે મુજબની નામ.કોર્ટે નોંધ કરેલ છે તથા નામ.હાઈકોર્ટે વધુમાં કરેલ નોંધ મુજબ જો જાહેર હિત સમાવિષ્ટ ન હોય તો કલમ–૮(૧)(જે) લાગુ પડી શકે તે મુજબની નોંધ કરેલ છે. પ્રસ્તૃત કિસ્સામાં જાહેર માહિતી અધિકારીને અરજદાર ધ્વારા માંગવામાં આવેલ માહિતી જાહેર કરવામાં કોઈ જાહેર હિત સમાવિષ્ટ હોવાનું જણાતું ન હોય તે મુજબનો નિર્ણય લીધેલ હોવાનું રૂબરૂ સુનાવણી સમયે પુરક રજુઆત સહિત સ્પષ્ટતા કરવામાં આવેલ હોવાનું જણાય છે તથા જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા નામ.દિલ્હી હાઈકોર્ટના સદર ચુકાદાની નકલરજુ કરવામાં આવેલ છે.

ઉકત પેરા–૧ની વિગતે અરજદાર ધ્વારા કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજીથી દર્શાવેલ નારાજગી તથા તેની સામે જાહેર માહિતી અધિકારી ધ્વારા નમુના–'ક' ની આરટીઆઈ એકટની અરજી સંદર્ભે પાઠવેલ વિગતદર્શક પ્રત્યુત્તરનો અભ્યાસ કરતા અરજદાર તેણીને મર્હુમ શ્રી રવિન્દ્ર વસંતરાવ પવાર ધ્વારા જે તે સમયે તબીબી સહાય પુસ્તિકા મેળવવા અંગેનાં ફોર્મમાં કુંટુંબના આશ્રિત સભ્યોની ભરવામાં આવેલ વિગત પૈકી કર્મચારી સાથેના સંબંધની કોલમમાં પુત્ર તરીકે ઉલ્લેખિત "શ્રી ભાવિન રવિન્દ્ર પવારના અરજી ફોર્મ સાથે બિડેલ જન્મના પ્રમાણપત્રની નકલ પુરી પાડવામાં આવેલ ન હોવા બાબતેની નારાજગી જણાય છે. આથી તેણીને શ્રી ભાવિન રવિન્દ્ર પવારના રેકર્ડ ઉપર ઉપલબ્ધ જન્મના દાખલાની નકલ પુરી પાડવી જાહેર હિતમાં આવે છે કે કેમ? તથા તે અરજદારશ્રીને આપવી કે કેમ? તે પુરતો નિર્ણય લેવાનો રહે છે.સદર બાબતે અપીલ અધિકારીશ્રીનું નીરીક્ષણ નીચે મુજબ છે.

- અરજદારશ્રી ધ્વારા રૂબરૂ સુનાવણી સમયે તેણી મર્હુમ કર્મચારી શ્રી રવિન્દ્ર વસંતરાવ પવારના પત્ની હોવાની લેખિત રજુઆતમાં જણાવે છે, સાથે કોઈ આધાર પુરાવા રજુ કરેલ જણાતા નથી. વળી તે થકી તેઓ બાળક શ્રી ભાવિન રવિન્દ્ર પવારના જન્મના દાખલાની નકલ મેળવવા હકકદાર થાય છે કે સદર પ્રમાણપત્ર આપવામાં કોઈ જાહેર હિત સમાયેલું છે તેવું ફલિત કરી શકેલ નથી.
- વધુમાં, જાહેર માહિતી અધિકારી તેઓના પ્રત્યુત્તર તથા રૂબરૂ સુનાવણી સમયે કરેલ રજુઆત ધ્યાને લેતા, સદર માહિતી ત્રાહિતને લગતી તેમજ વિશ્વસનીય સંબંધોને આધારે જે તે સમયે ઉપલબ્ધ કરાવી હોય, તદઉપરાંત કાયદાની કલમ–૮(૧)(ઠ)થી વ્યકિતના અંગત જીવનમાં બિનજરૂરી દખલ થાય તેવી માહિતી આપવાની જવાબદારી રહેતી નથી તેમજ તેની સાથે કોઈ જાહેરહિત સંકળાયેલ હોવાનું જણાતુ ન હોય, જે અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી, મધ્યસ્થ મહેકમ (આરોગ્ય) વિભાગ ધ્વારા આરટીઆઈ એકટની કલમ–૮(૧)(ઠ), ૮(૧)(ચ) વિગેરેથી કરવામાં આવેલ જોગવાઈ મુજબ ત્રાહિતને લગતી કોઈ જાહેર ગતિવિધિ અથવા હિત સાથે કોઈપણ પ્રકારનો સંબંધ ધરાવતી ન હોય તેવી અથવા કોઈ વ્યકિતના અંગત જીવનમાં બિનજરૂરી દખલ થાય તેવી જાણકારી બાબતે તેમજ વિશ્વશનીય સંબંધોને આધારે ઉપલબ્ધ કરાવેલ હોય તેવી માહિતી આરટીઆઈ એકટની કલમ–૮(૧)(ચ) મુજબ માહિતી આપવાનો ઈન્કાર કરવામાં આવેલ છે તથા પ્રથમ અપીલ તબકકે રૂબરૂ સુનાવણી સમયે જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા રજુ કરવામાં આવેલ દિલ્હી નામ.હાઈકોર્ટ રીટ પીટીશન નં.૮૦૩/૨૦૦૯ થી શ્રી વિજય પ્રકાશ વિરૂધ્ધ યુનિયન ઓફ ઈન્ડિયા અને અન્યોના કેસમાં પીટીશનર ધ્વારા ત્રાહિતને લગતી સર્વિસ રેકર્ડ, રજા, નોમીનેશન ફોર્મ, નાણાંકીય વ્યવહાર વિગેરે માંગવામાં આવેલ માહિતીના સંદર્ભમાં કલમ–૮(૧)(ઝ) હેઠળ

કરવામાં આવેલ ઈન્કાર સામેની અરજી ડિસમીસ કરવામાં આવેલ હતી, જે બાબતો ઘ્યાને લેતા જાહેર માહિતી અધિકારીશ્રીએ લીધેલ નિર્ણય આરટીઆઈ એકટની ઉકત જોગવાઈઓ તથા નામ.હાઈકોર્ટ તથા નામ.સુપ્રિમ કોર્ટના ઉકત ચુકાદાઓને ઘ્યાને લેતા તમામ પરિપેક્ષમાં ઉચિત જણાય છે. વધુમાં સદર તમામ બાબત **મર્હુમ કર્મચારી શ્રી રવિન્દ્ર વસંતરાવ પવાર ઘ્વારા જે તે સમયે તબીબી સારવાર પુસ્તિકા અંગેના અરજી ફોર્મમાં પત્નીની વિગતમાં શ્રી જયોતિબેન રવિન્દ્રભાઈ પવાર તથા પુત્રની કોલમ શ્રી ભાવિન રવિન્દ્રભાઈ પવારનો ઉલ્લેખ થયેલ હોય વિગેરે બાબતો ઘ્યાને લેતા જાહેર માહિતી અધિકારીએ આરટીઆઈ એકટ હેઠળ પુરી પાડવા જોગ તમામ ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી પુરી પાડી ફકત બાળક શ્રી ભાવિન રવિન્દ્રભાઈ પવારના જન્મના પ્રમાણપત્રની જે તે સમયે રજુ થયેલ નકલ પુરી ન પાડવા નિર્ણય લીધેલ હોવાનું તથા તે નિર્ણય પર આવવા અંગેનાં વિસ્તૃત કારણો દર્શાવેલ છે** તથા જાહેર માહિતી અધિકારી ઘ્વારા તેવા નિર્ણય સાથે આપેલ વિસ્તૃત કારણો તર્કસંગત જણાય છે તથા તેની સાથે અપીલ અધિકારી સંમત થાય છે.

- વધુમાં નોકરી રાખનાર સંસ્થા અને નોકર વચ્ચેનો સંબંધ વિશ્વશનીય સંબંધોનો હોવાનું જાહેર માહિતી અધિકારીનું વર્ગીકરણ યોગ્ય જણાય છે. વધુમાં હાલમાં નામ.સુપ્રિમ કોર્ટની લાર્જર બંધારણીય બેંચ ઘ્વારા આપવામાં આવેલ છેવટના હુકમ મુજબ બંધારણે આપેલ રાઈટ ટુ પ્રાયવસીએ મૌલિક અને મુળભુત અધિકાર હોવાનું જણાવેલ છે. વધુમાં ઉકત વિગતે પ્રસ્તુત કિસ્સામાં અરજદારશ્રી ઘ્વારા મર્હુમ કર્મચારીના જે તે સમયે તબીબી સહાય પુસ્તિકા મેળવવા અંગેના અરજી ફોર્મમાં કર્મચારી સાથેની સંબંધની કોલમમાં પુત્ર તરીકે ઉલ્લેખ કરેલ શ્રી ભાવિન રવિન્દ્રભાઈ પવારના રજુ કરેલ જન્મના પ્રમાણપત્રની નકલ આપવા અંગેની માહિતી પ્રગટ કરવા અંગે રજુઆત કરવામાં આવેલ છે, પરંતુ અરજદાર સદર માહિતી વિશાળ જાહેર હિતમાં પ્રગટ કરવી યોગ્ય છે તેવુ પ્રતિપાદિત કરી શકેલ હોવાનું જણાતુ નથી.

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી સંદર્ભે રૂબરૂ સુનાવણીમાં હાજર રહી અરજદારશ્રી ઘ્વારા કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી ઘ્વારા પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર તથા રૂબરૂ સુનાવણી સમયે કરેલ રજુઆત તેમજ ઉપલબ્ધ હકીકત ઘ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

**—:: હુકમ ::—**

અરજદારશ્રીની તા.૦૭/૦૮/૧૯ નીઆરટીઆઈ એકટ હેઠળ માહિતી માંગતી નમુના—'ક' (આઈ.ડી. નં.૫૧૬) ની અરજીથી માંગવામાં આવેલ માહિતી સબબ જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી, મઘ્યસ્થ મહેકમ (આરોગ્ય) વિભાગ ઘ્વારા અરજદારશ્રીને સમયમર્યાદામાં તા.૨૮/૦૮/૧૯ ના રોજ પાઠવવામાં આવેલ પત્રથીવિગતદર્શક રેકર્ડ આધારીત હકીકતલક્ષી તમામ માહિતી પુરી પાડેલ હોવાનું જણાય છે, પરંતુ માંગેલ માહિતી અનુસંધાને ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી પૈકી ફકત મર્હુમ કર્મચારી ઘ્વારા જે તે સમયે તબીબી સહાય પુસ્તિકા મેળવવા અંગેનાં ફોર્મમાં કુંટુંબના આશ્રિત સભ્યની ભરવામાં આવેલ વિગતમાં પુત્ર તરીકે દર્શાવેલ શ્રી ભાવિન રવિન્દ્રભાઈ પવારના જન્મના પ્રમાણપત્રની નકલ આપવાનો ઈન્કાર કરવામાં આવેલ છે તથા તેટલા પુરતી માહિતી આપવાનો ઈન્કાર કરવા સબબ વ્યાજબીપણું પ્રસ્થાપિત કરી, આરટીઆઈ એકટની કઈ કલમ હેઠળ આ માહિતી આપવાનો ઈન્કાર કરવામાં આવેલ છે તે પણ આધાર સહિત સુચિત કરેલ હોય, જે તર્કસંગત જણાતું હોય, સદર અપીલ અરજી બાબતે અત્રેથી કોઈ હસ્તક્ષેપ કરવાનો રહેતો હોવાનું કારણ જણાતું નથી, તે મુજબ સદર પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ હોવ તો,ગુજરાત માહિતી આયોગ,કમયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ,બ્લોક નં.૧,બીજો માળ,નિર્માણ ભવનની પાછળ,સેકટર—૧૦ એ,ગાંધીનગરને અપીલ હુકમ મળ્યાની તારીખથી દિન—૯૦ માં આયોગને બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/
તા. /૧૦/૨૦૧૯

પર્સોનેલ ઓફિસર અને
એપેલેટ ઓફિસર
મઘ્યસ્થ મહેકમ(આરોગ્ય)
સુરત મહાનગરપાલિકા

**સુરત મહાનગરપાલિકા**

**અપીલ અરજી નં.SMC/PHD/FAP/43/2019. Dt.25/09/2019**

**આરોગ્ય વિભાગ**

**અરજદારઃ**– શ્રી રમેશભાઈ હરસીગભાઈ બારીયા
**સામાવાળા** :– જાહેર માહિતી અધિકારી અને તબીબી અધિકારી (વર્ગ–૧),શહેરી કુંટુંબ કલ્યાણ બ્યુરો.

અરજદારશ્રી મજકુર ધ્વારા તા.૧૮/૦૯/૧૯ ના રોજઅપીલ સત્તાધિકારીશ્રી, મેલેરીયા વિભાગ, મધ્યસ્થ મહેકમ આરોગ્ય વિભાગને ઉદ્દેશીને કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજી ટપાલ મારફત મોકલવામાં આવેલ, જે અત્રેના વિભાગને તા.૨૫/૦૯/૧૯ ના રોજ પ્રાપ્ત થયેલ છે.પ્રથમ અપીલ અરજીમાં જણાવ્યા મુજબ " મને કોઈ નિર્ણય મળ્યો ન હોવાથી હું જાહેર માહિતી અધિકારીના તા.૦૧/૦૮/૧૯ ની જે વિભાગ કચેરીને તબદીલ કરેલ અરજીનો જવાબ જે તે વિભાગ / કચેરી ધ્વારા આપેલ ન હોવાથી માહિતીનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯(૧) હેઠળ પ્રથમ અપીલ અરજી દાખલ કરુ છું " એમ જણાવી પ્રથમ અપીલ અરજી કરેલ છે.

ઉકત વિગતેની અરજદારશ્રીની જાહેર માહિતી અધિકારી, આરોગ્ય ખાતાને ઉદ્દેશીને કરેલ તા.૩૦/૦૭/૧૯ (આઈ.ડી. નં.૭૧) ની નમુનો–ક ની અરજીથી (૧) મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર (એસ.આઈ.) ના સર્ટી. જેવા કે " ભારત સેવક સમાજ " સંસ્થામાંથી કરેલ કર્મચારી સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન આરોગ્ય શાખામાં હાલમાં ફરજ બજાવતાં હોય તેની માહિતી આપવી. (૨) ભારત સેવક સમાજ નામની સંસ્થામાંથી કરેલ કોર્સ જેવા કે મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર (એસ.આઈ.) ના સર્ટી.ના આધારે હાલમાં ફરજ બજાવતાં કર્મચારી કાયમી ધોરણે ફરજ બજાવે છે આમ કુલ–૦૨ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી, જે અરજી આરોગ્ય અધિકારી ધ્વારા પર્સોનેલ ઓફિસરશ્રી, આરોગ્ય વિભાગનો શેરો કરી આગળની કાર્યવાહી અર્થે મોકલેલ હતી. આરોગ્ય વિભાગ હસ્તકની વિવિધ કેડરોમાં મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર નામની કોઈ કેડર કાર્યરત જણાતી ન હોય તથા આરોગ્ય વિભાગ સંલગ્ન આર.સી.એચ. વિભાગ ખાતે આ નામની કેડર ઉપસ્થિત હોવાનું જણાતુ હોય સદર નમુનો–ક ની અરજી અનુમાનીત જાહેર માહિતી અધિકારી અને તબીબી અધિકારીશ્રી (વર્ગ–૧), ફેમીલી પ્લાનીંગ વિભાગ પ્રતિ પત્ર નં.જીએડી/ ઈએસટી/પીએચ/આરટીઆઈ/આઉટ/૭૯, તા.૦૨/૦૮/૧૯ થી સંપુર્ણ તબદીલ કરવામાં આવેલ હોવાનું જણાય છે.

અરજદારશ્રીની ઉકત અપીલ અરજી અનુસંધાને શહેરી કુટુંબ કલ્યાણ બ્યુરોના જાહેર માહિતી અધિકારી અને તબીબી અધિકારી (વર્ગ–૧) પ્રતિ પુર્તતા રીપોર્ટ કે આપવા જોગ પુરક માહિતી અથવા અન્ય કોઈ રજુઆત હોય તો તે દિન–૩ માં અત્રેની કચેરીને મોકલી આપવા અત્રેના વિભાગ ધ્વારા પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/આરટીઆઈ/ અપીલ/૬૨, તા.૨૫/૦૯/૧૯ મુજબ જણાવવામાં આવેલ જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને તબીબી અધિકારી વર્ગ–૧, શહેરી કુટુંબ કલ્યાણ બ્યુરો ધ્વારા પત્ર નં.એફપીબી/એસએમસી/૨૦૬, તા.૨૬/૦૯/૧૯ ના રોજ પુર્તતા રજુ કરી તેમાં જણાવ્યાનુંસાર છે કે, ઉકત અરજદારશ્રીની તા.૩૦/૦૭/૧૯(આઈ.ડી.નં.૭૧) ની આરટીઆઈની અરજી પરત્વે " મુદ્દા નં.૧ અને ૨ માં દર્શાવવામાં આવેલ તમામ મુદ્દાઓ અત્રેની કચેરીને સ્પર્શતા ન હોય માંગેલ માહિતી અત્રે ઉપલબ્ધ નથી, જેથી ઉપરોકત માહિતી મેળવવા માટે સંબંધિત જાહેર સત્તાતંત્રને અલગ અરજી કરવી " તે મુજબનો પ્રત્યુત્તર પત્ર નં.એફપીબી/એસએમસી/૧૭૦, તા.૦૯/૦૮/૧૯ થી અરજદારશ્રી ને પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે.

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી સંદર્ભે અરજદારશ્રી ધ્વારા કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને તબીબી અધિકારી વર્ગ–૧, શહેરી કુટુંબ કલ્યાણ બ્યુરો ધ્વારા પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**::– હુકમ ::–**

આર.ટી.આઈ. એકટની કલમ–૨(એફ), ૨(જે) અને માહિતી અધિકારની વ્યાખ્યા પ્રમાણે જાહેર સત્તા મંડળની તથા તેના નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી આપવાની જોગવાઈ છે, જે મુજબ આર.ટી.આઈ. એકટની કલમ–૭(૧) હેઠળ જાહેર માહિતી અધિકારીએ સદર અધિનિયમની કલમ–(૬) હેઠળ વિનંતી મળ્યે, શકય હોય તેટલું જલ્દી અને કોઈપણ કિસ્સામાં વિનંતી મળ્યાના દિન–૩૦ ની અંદર, ઠરાવવામાં આવે તેવી ફીની ચુકવણી કર્યે માહિતી પુરી પાડવી જોઈશે અથવા કલમો–૮ અને ૯ માં નિર્દિષ્ટ કરેલા કોઈ કારણસર વિનંતીનો અસ્વીકાર કરવો જોઈશે તેમજ સદર અધિનિયમની કલમ–૬(૩) હેઠળ કોઈ જાહેર સત્તા મંડળને માહિતી માટે વિનંતી કરતી અરજી કરવામાં આવી હોય અને તે માહિતી (૧) બીજા જાહેર સત્તા મંડળ પાસે હોય અથવા તેની વિષય વસ્તુ બીજા જાહેર સત્તા મંડળના કાર્યો સાથે વધુ નિકટતાથી સંકળાયેલ હોય ત્યારે તેવી અરજી અથવા તેવી અરજીનો પોતે યોગ્ય ગણે તેવો ભાગ તે બીજા જાહેર સત્તા મંડળને તબદીલ કરવો જોઈશે અને તેવી તબદીલી અંગેની જાણ અરજદારને તુરંત જ કરવી જોઈશે, પરંતુ આ પેટા કલમ અનુંસારની અરજીની તબદીલી વ્યવહાર્ય હોય તેટલી ઝડપથી કરવી જોઈશે, પરંતુ કોઈપણ કિસ્સામાં આવી તબદીલી અરજી મળ્યાની તારીખથી પાંચ દિવસ કરતા મોડી હોવી જોઈશે નહિં તેવી જોગવાઈ કરવામાં આવેલ છે, આથી પ્રસ્તૃત કિસ્સામાં જાહેર માહિતી અધિકારી અને તબીબી અધિકારી (વર્ગ–૧) એ તેઓના તાબા હેઠળની રેકર્ડ આધારીત હકીકતલક્ષી માહિતી આર.ટી.આઈ. એકટની કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે પુરી પાડવા તેમજ જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા ઉકત વિગતે આપેલ પ્રત્યુત્તરથી ઉપરોકત માહિતી મેળવવા માટે સંબંધિત જાહેર સત્તા તંત્રને અલગથી અરજી કરવી તેમ જણાવેલ છે, જે આર.ટી.આઈ. એકટના હાર્દ, હેતુ અને જોગવાઈ સાથે સુસંગત જણાતું ન હોય આર.ટી.આઈ. એકટની

કલમ–૬(૩) હેઠળ સંબંધિત જાહેર સત્તા મંડળને સદર અરજી અથવા તેનો યોગ્ય જણાય તેવો ભાગ દિન–૦૫ (પાંચ) માં અત્રેની કચેરીની જાણ હેઠળ તબદીલ કરવા હુકમ કરવામાં આવે છે.

અરજદાર ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો,ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦–એ, ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/આરટીઆઈ/અપીલ/
તા.    /    /૨૦૧૯

આરોગ્ય અધિકારી અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા

સુરત મહાનગરપાલિકા

RIGHT TO INFORMATION

અપીલ નં.SMC/PHD/FAP/44/2019 Dt.25/09/2019

આરોગ્ય વિભાગ

અરજદારઃ– શ્રી સ્વપ્નીલ સોની (સામાજિક કાર્યકર)

સામાવાળાઃ– જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી, ફુડ વિભાગ,સુરત મહાનગરપાલિકા.

અરજદારશ્રી ધ્વારા તા.૧૯/૦૯/૧૯ ના રોજ જાહેર માહિતી અધિકારી, અપીલ અધિકારી, મુખ્ય આરોગ્ય અધિકારી, આરોગ્ય વિભાગને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર ધ્વારા પત્ર નં.પીએચડી/ફુડ/૧૪૩૭, તા.૨૫/૦૯/૧૯ થી અત્રેના વિભાગને જરૂરી કાર્યવાહી અર્થે મોકલેલ, જે અરજી અત્રેના વિભાગને તા.૨૫/૦૯/૧૯ ના રોજ પ્રાપ્ત થયેલ છે. અરજદારશ્રી ધ્વારા તા.૨૬/૦૮/૧૯ (આઈ.ડી.નં.૩૧) ના રોજ કરેલ આર.ટી.આઈ.ની અરજીથી કુલ–૦૬ મુદ્દાઓની માહિતી માંગેલ પરત્વે આજદિન સુધી અમો અરજદારને કોઈપણ મુદ્દાનો સંતોષકારક જવાબ મળેલ નથી, તેમ જણાવી નારાજ થઈ અપીલ અરજી કરેલ છે.

ઉકત અપીલ અરજી સાથે સામેલ તુમારોનો અભ્યાસ કરતાં અરજદારશ્રીની નમુના "ક" ની તા.૨૬/૦૮/૧૯ (આઈ.ડી.નં.૩૧) ની અરજીથી (૧)તા.૦૧/૦૧/૨૦૧૮ થી તા.૨૦/૦૮/૨૦૧૯ સુધીમાં સુરત મ્યુ.કો. ના ફુડ વિભાગ ધ્વારા કઈ સાલમાં કયા યુનિટમાંથી કયા પ્રકારનું સેમ્પલ લેવામાં આવેલ છે? તે યુનિટનું નામ, સરનામું સહિતની સહિતની વિગતવાર માહિતી આપવી. (૨) તા.૦૧/૦૧/૨૦૧૮ થી તા.૨૦/૦૮/૨૦૧૯ સુધીમાં સુરત મ્યુ.કો. ના ફુડ વિભાગ ધ્વારાજે સેમ્પલ લેવામાં આવ્યા તેમાંથી કયા કયા પ્રકારના સેમ્પલ પાસ થયેલ છે અને કેટલા સેમ્પલ ફેઈલ થયેલ છે? તે તમામની નામ, સરનામાં સહિતની વિગતવાર માહિતી આપવી. (૩) તા.૦૧/૦૧/૨૦૧૮ થી તા.૨૦/૦૮/૨૦૧૯ સુધીમાં સુરત મ્યુ.કો. ના ફુડ વિભાગ ધ્વારા જે સેમ્પલ લેવામાં આવ્યા હતા અને જે સેમ્પલ ફેઈલ થયેલ છે તેના વિરૂધ્ધ અ.મ્યુ. કો. ધ્વારા કયા કયા જાતના પગલા લેવામાં આવેલ છે? તે તમામની વિગતવાર માહિતી આપવી. (૪) તા.૦૧/૦૧/૨૦૧૮ થી તા.૨૦/૦૮/૨૦૧૯ સુધીમાં જે ખાદ્ય પદાર્થોના સેમ્પલ ફેઈલ થયેલ છે તેમાંથી કેટલા વિરૂધ્ધ કોર્ટ કાર્યવાહી કરવામાં આવેલ છે? એટલે કે કેટલા કોર્ટમાં કેસ દાખલ કરવામાં આવ્યા? તેમાંથી કેટલા કેસના ચુકાદા આવેલ છે અને કેટલા કેસના ચુકાદા બાકી છે? અને કોના કોના વિરૂધ્ધમાં કયા કયા પ્રકારના ચુકાદા આવેલ છે તેઓના નામ, સરનામાં સહિતની વિગતવાર માહિતી આપવી. (૫)તા.૦૧/૦૧/૨૦૧૮ થી તા.૨૦/૦૮/૧૯ સુધીમાં સુરત મ્યુ.કો.ની હદમાં કોને કોને નવા ફૂડ સેફટીના લાઈસન્સ આપવામાં આવ્યા ? તેઓના નામ સરનામાં સહિતની વિગતવાર માહિતી આપવી.(૬) તા.૦૧/૦૧/૨૦૧૮ થી તા.૨૦/૦૮/૨૦૧૯ સુધીમાં ફૂડ સેફટી લાઈસન્સ વગર ધંધો કરતા કયા કયા એકમોને નોટીસ આપવામાં આવી ? કેટલા લોકો પાસે વહીવટીચાર્જ વસુલ કરવામાં આવ્યો ? અને કયા કયા એકમોને સીલ કરવામાં આવ્યા ? તે તમામની સવિસ્તાર માહિતી આપવી વિગેરે માહિતી માંગેલ હતી. જે અનુસંધાને ઉકત વિગતે અરજદારશ્રીએ માંગેલ માહિતી પરત્વે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગ ધ્વારા પત્રનં.પીએચડી/ફુડ/૧૨૯૭, તા.૦૯/૦૯/૧૯ મુજબ અરજદારશ્રીને સમયમર્યાદામાં પ્રત્યુત્તર અરજદારશ્રીને પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે, જે મુજબ મુદ્દા નં. ૧,૨ અને ૬ પરત્વે કલમ–૭(૯) મુજબ તા.૧૬/૦૯/૧૯ થી સવારે ૧૧:૦૦ કલાકે નિરીક્ષણ આપવામાં આવેલ હોવાનું જણાય છે, જયારે મુદ્દા નં.૩,૪ અને ૫ પરત્વે માહિતીની નકલ અન્વયે નાણાં ભરવાનો પત્ર પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે.

અરજદારશ્રીની ઉકત અપીલ અરજી પરત્વેની નારાજગી સંદર્ભે બન્ને પક્ષોની રજુઆત ધ્યાને લેવાના હેતુસર રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા અર્થે અત્રેથી પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/આઉટ/૬૬, તા.૦૪/૧૦/૧૯ મુજબ તા.૧૭/૧૦/૧૯ ના રોજ બપોરે ૦૪:૩૦ કલાકે ડે.મ્યુનિ.કમિશનર (હે. અને હો.) અને એપેલેટ ઓફિસરની કચેરી, સુરત મહાનગરપાલિકા બીજો માળ, મુગલીસરા, સુરત ખાતે હાજર રહેવા જણાવવામાં આવેલ, પરંતુ સદર દિને અરજદારશ્રી હાજર રહેલ ન હોય, સુનાવણી થઈ શકેલ ન હતી. જેથી ફરીથી રૂબરૂ સુનાવણી અર્થે પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/આઉટ/૭૧, તા.૨૩/૧૦/૧૯ મુજબ તા.૦૭/૧૧/૧૯ ના રોજ બપોરે ૧૨:૩૦ કલાકેઉકત સ્થળે હાજર રહેવા જણાવેલ હતું.પરંતુ સદર દિને પણ અરજદારશ્રી હાજર રહેલ ન હોય, સુનાવણી થઈ શકેલ ન હતી. જેથી ફરીથી રૂબરૂ સુનાવણી અર્થે પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/આઉટ/૭૩, તા.૧૪/૧૧/૧૯ મુજબ તા.૨૨/૧૧/૧૯ ના રોજ બપોરે ૧૨:૩૦ કલાકેઉકત સ્થળે હાજર રહેવા જણાવેલ હતું.પરંતુ સદર દિને પણ અરજદારશ્રી હાજર રહેલ ન હોય, સુનાવણી થઈ શકેલ ન હતી.જયારે ફુડ વિભાગ તરફે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર સદર દિને રૂબરૂ સુનાવણી અર્થે અપીલ અધિકારી સમક્ષ હાજર રહયા હતા.

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી સંદર્ભે અરજદારશ્રી ધ્વારા કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગધ્વારા પાઠવવામાં આવેલ પ્રત્યુત્તરને ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

આર.ટી.આઈ.એકટની કલમ–૨ (એફ), ૨(જે) અને માહિતી અધિકારની વ્યાખ્યા પ્રમાણે જાહેર સત્તામંડળની તથા તેના નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી આપવાની જોગવાઈ છે, જે મુજબ અરજદારશ્રીની તા.૨૬/૦૮/૧૯ (આઈ.ડી.નં.૩૧)ની આર.ટી.આઈ.ની અરજી પરત્વે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગ ધ્વારા સમયમર્યાદામાં કરવામાં આવેલ પ્રત્યુત્તર ઉચિત જણાય છે, જે મુજબ અરજદારશ્રીએ જાહેર માહિતી અધિકારી ધ્વારા નિયત ફી ભરપાઈ કરી જરૂરીયાત મુજબની નકલ મેળવી લેવા તથા જાહેર માહિતી અધિકારી પાસે આગોતરા સમય મેળવી પ્રસ્તાવનો સ્વીકાર કરી નિયમોનુસાર ફી ભરપાઈ કરી દફતરી તપાસણી કરી લેવા સ્વતંત્ર છે. સદર બાબતે કોઈ હસ્તક્ષેપ કરવાનો રહેતો હોવાનું જણાતુ ન હોય, તે મુજબ અપીલનો નિકાલ કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો, ગુજરાત માહિતી આયોગ,કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦/એ, ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/ ડે.મ્યુનિ.કમિશનર (હે. અને હો.) અને

તા. / /૨૦૧૯ એપેલેટ ઓફીસર,

સુરત મહાનગરપાલિકા

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.SMC/PHD/FAP/45/2019, Dt.27/09/2019
આરોગ્ય વિભાગ

**અરજદાર** :–શ્રીઅણઘણ હાર્દિક ડી.
**સામાવાળા**:–જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સોલીડ વેસ્ટ મેનેજરશ્રી, સો.વે.મે.

અરજદારશ્રી ધ્વારા તા.૧૬/૦૯/૧૯ ના રોજ પ્રથમ અપીલ અધિકારીશ્રી, કતારગામ ઝોન, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી જાહેર માહિતી અધિકારીશ્રી, ના.સુ.કે., સેન્ટ્રલ ઝોન ધ્વારા પત્ર નં.સીસીસી/સી.ઝોન/આઉટ/૩૦૫, તા.૧૭/૦૯/૧૯ થી ડે. મ્યુનિ. કમિ.(હે.અને હો.)ને તબદીલ કરવામાં આવેલ છે. અરજદારશ્રીની ઉકત પ્રથમ અપીલ અરજીમાં " પ્રત્યુત્તર ન મળેલ " હોવાનું જણાવી નારાજ થઈ અપીલ અરજી કરેલ, જે અત્રેના વિભાગને તા.૨૭/૦૯/૧૯ ના રોજ પ્રાપ્ત થયેલ છે.

ઉકત અપીલ અરજી સાથે સામેલ તુમારોનો અભ્યાસ કરતાં અરજદારશ્રીની નમુના "ક" નીતા.૩૧/૦૭/૧૯ (આઈ.ડી.નં.૧૧૪૭)ની અરજીથી કતારગામ ઝોન વિસ્તારમાં સુકા ભીના કચરા બાબતેમુદ્દા નં.(૧) સુરત શહેર હદમાં કતારગામ ઝોન વિસ્તારમાં રસ્તાઓ ઉપર સુકા અને ભીના કચરા માટેની કુલ કેટલી કચરા પેટીઓ મુકવામાં આવેલ છે ? તેની માહિતી આંકડો તેમજ શબ્દોમાં આપવા વિનંતી વિગેરે બાબતેની કુલ–૧૨ મુદ્દાઓની માહિતી માંગેલ હતી. જે નમુના–ક ની અરજી જાહેર માહિતી અધિકારી અને એકસીકયુટીવ આસીસ્ટન્ટ, નાગરીક સુવિધા કેન્દ્ર ધ્વારા પત્ર નં.સીસીસી.સીઝેડ/આર.ટી.આઈ/આઉટ/૧૧૪૭–૦૧, તા.૦૧/૦૮/૧૯ થી નોર્થ ઝોન અને સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગને તબદીલ કરવામાં આવેલ હોવાનું જણાય છે.જે મુજબ જાહેર માહિતી અધિકારી અને મુખ્ય આરોગ્ય નિરીક્ષક, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ ધ્વારા પત્ર નં.પીએચડી/સો.વે.મે./આર.ટી.આઈ/૪૦, તા.૨૦/૦૮/૧૯ થી " ઉપરોકત અરજીમાં માંગેલ માહિતી અત્રેના ખાતાને લાગત નથી" તે મુજબનો પ્રત્યુત્તર સમયમર્યાદામાં પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે.

અરજદારશ્રીની ઉકત અપીલ અરજીથી દર્શાવેલ નારાજગી સંદર્ભે બન્ને પક્ષોની રજુઆત ધ્યાને લેવાના હેતુસર રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા અર્થે અત્રેની કચેરીએથી પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૬૭, તા.૦૫/૧૦/૧૯ મુજબ તા.૧૧/૧૦/૧૯ ના રોજ બપોરે ૧૨:૩૦ કલાકે અપીલ અધિકારી અને ડે.કમિશ્નર(હે.અને હો.)ની કચેરી, સુરત મહાનગરપાલિકા ખાતે હાજર રહેવા જણાવવામાં આવેલ, પરંતુ ઉકત દિને અરજદારશ્રી હાજર રહયા ન હોય, જેથી સુનાવણી થઈ શકેલ ન હતી. જેથી ફરીથી અત્રેથી પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/આઉટ/૬૮, તા.૧૭/૧૦/૧૯ મુજબ તા.૧૪/૧૧/૧૯ ના રોજ બપોરે ૧૨:૩૦ કલાકે અરજદારશ્રીને રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા જણાવવામાં આવેલ, તે મુજબ અરજદારશ્રી અને જાહેર માહિતી અધિકારી સદર દિને રૂબરૂ સુનાવણી અર્થે અપીલ અધિકારી સમક્ષ હાજર રહયા હતા. રૂબરૂ સુનાવણી દરમ્યાન થયેલ રજુઆત મુજબ અરજદારશ્રીએ માહિતી મળેલ ન હોવાનું જણાવેલ, જયારે જાહેર માહિતી અધિકારી ધ્વારા સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગને માંગેલ માહિતીના મુદ્દા લાગુ પડતા ન હોય, માહિતી ઉપલબ્ધ નથી તે મુજબની રજુઆત કરવામાં આવેલ હતી.

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી સંદર્ભે રૂબરૂ સુનાવણી સમયે હાજર રહી અરજદારશ્રી ધ્વારા કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ તરફથી પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર તથા રૂબરૂ સુનાવણીમાં હાજર રહી કરેલ રૂબરૂ રજુઆત વિગેરે ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

અરજદારશ્રીની તા.૩૧/૦૭/૧૯ની (આઈ.ડી.નં.૧૧૪૭)ની આરટીઆઈની અરજીથી માંગવામા આવેલ માહિતી બાબતે આર.ટી.આઈ.ની કલમ ૨(એફ), ૨(જે) હેઠળ અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી રેકર્ડ આધારીત માહિતી પુરી પાડવાની જોગવાઈ છે, જે મુજબ જાહેર માહિતી અધિકારી અને મુખ્ય આરોગ્ય નિરીક્ષક, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ ધ્વારા પત્ર નં.પીએચડી/સો.વે.મે./આર.ટી.આઈ/૪૦, તા.૨૦/૦૮/૧૯ થી સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગને માંગેલ માહિતીના મુદ્દા લાગત ન હોય અને સંબંધિત લાગત વિભાગને અરજદારશ્રીની અરજી તેઓની જાણ હેઠળ તબદીલ થયેલ હોવાનું જણાતું હોય તથા સદર બાબતે અરજદારશ્રીને રૂબરૂ સુનાવણી સમયે સમજ આપવામાં આવેલ હોય આમ, અરજદારશ્રીની અપીલ અરજી પરત્વે કોઈ વિશેષ કાર્યવાહી કરવાની રહેતી હોવાનું જણાતુ ન હોય, સદર પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો,ગુજરાત માહિતી આયોગ,કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ,બ્લોક નં.૧,બીજો માળ, નિર્માણ ભવનની પાછળ,સેકટર–૧૦/એ,ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/
તા. /૧૧/૨૦૧૯

ડે.મ્યુ.કમિશ્નર(હે.અને હો.) અને
એપેલેટ ઓફીસર
સુરત મહાનગરપાલિકા

# સુરત મહાનગરપાલિકા

RIGHT TO INFORMATION

**અપીલ અરજી નં.SMC/PHD/FAP/50/2019, Dt.10/10/2019.**

આરોગ્ય વિભાગ

**અરજદાર** :–શ્રીદિવ્યેશભાઈ એમ. ચાવડા

**સામાવાળા**:– જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી, માર્કેટ વિભાગ, સુરત મહાનગરપાલિકા

અરજદારશ્રી ધ્વારા તા.૦૫/૧૦/૧૯ ના રોજ પ્રથમ અપીલ સત્તાધીકારી અનેઆરોગ્ય અધિકારીશ્રી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી અત્રેના વિભાગનેતા.૧૦/૧૦/૧૯ ના રોજ પ્રાપ્ત થયેલ છે. અરજદારશ્રી ધ્વારા જાહેર માહિતી અધિકારી, સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનને ઉદ્દેશીને કરવામાં આવેલ નમુના–'ક' ની તા.૨૭/૦૭/૧૯ ની આર.ટી.આઈ.ની અરજી પરત્વેજાહેર માહિતી અધિકારીનાં તા.૨૯/૦૮/૧૯ ના નિર્ણયથી નારાજ થઈ પ્રથમ અપીલ અરજી કરેલ છે.

ઉકત અપીલ અરજી સાથે સામેલ તુમારોનો અભ્યાસ કરતાં અરજદારશ્રીની નમુના "ક" નીતા.૧૯/૦૮/૧૯ (આઈ.ડી.નં.૨૫૫)ની અરજીથી (૧) સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત કતલખાનાના ધ ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ લાઈસન્સીંગ એન્ડ રજીસ્ટ્રેશન રેગ્યુલેશન–૨૦૧૧ અને ભારત સરકારના ધી સ્લોટર હાઉસ રૂલ્સ–2001 અન્વયે મેળવાયેલ જરૂરી પ્રમાણપત્રની ખરી નકલો આપવામાં આવે (૨) ઉપરોકત મુદ્દા નં.૧ ની મંજુરી મેળવાયેલ ન હોય તો તે બાબતે કરવામાં આવેલ કાર્યવાહીની નોંધો અને માહિતી આપવામાં આવે (૩) ઉપરોકત મુદ્દા નં.૧ ની જવાબદારી માટે સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન ડેઝીગ્રેટેડ ઓફિસરના નામ, સરનામા, ફોન નંબરની માહિતી આપવામાં આવે (૪) સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત કતલખાનાના ધ ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ લાઈસન્સસીંગ એન્ડ રજીસ્ટ્રેશન રેગ્યુલેશન–૨૦૧૧ અને ભારત સરકારના ધી સ્લોટર હાઉસ રૂલ્સ–૨૦૦૧ અન્વયે મેળવાયેલ જરૂરી પ્રમાણપત્રની ખરી નકલો આપવામાં આવે (૫) સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત કતલખાનાઓના મેનેજરનું નામ, સરનામું, મો.નંબરની માહિતી આપવામાં આવે (૬) છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન કતલખાનામાં કતલ કરવામાં આવેલ પશુઓ વર્ષ વાઈઝ સંખ્યા આપવામાં આવે કુલ–૦૬ મુદ્દાઓની માહિતી માંગતી અરજી કરવામાં આવેલ હતી. જે જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક, મધ્યસ્થ કચેરી, સુરત મહાનગરપાલિકાના પત્ર નં. સી./આરટીઆઈ/૨૫૫, તા.૧૯/૦૮/૧૯ થી જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી, માર્કેટ વિભાગને તબદીલ કરાવામાં આવેલ હતી, જે અનુસંધાને અરજદારશ્રીએ માંગેલ માહિતી પરત્વે જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી,માર્કેટ વિભાગ ધ્વારા પત્ર નં.પીએચડી/માર્કેટ/૮૬૭, તા.૨૯/૦૮/૧૯ મુજબ અરજદારશ્રીને સમયમર્યાદામાં પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે, જે મુજબ મુદ્દા નં.૧ અને ૨ પરત્વે " સુરત મહાનગરપાલિકા સંચાલિત બન્ને કતલખાનાઓની ધી ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ લાઈસન્સીંગ એન્ડ રજીસ્ટ્રેશન રેગ્યુલેશન–૨૦૧૧ મુજબ કોમ્પીટન્ટ ઓથોરીટીના લાઈસન્સ અંગેની કાર્યવાહી હાલ પ્રક્રિયા હેઠળ છે " તે મુજબનો પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે. જયારે મુદ્દા નં.૩ પરત્વે " ડેઝીગ્રેટેડ ઓફિસર તરીકે ડે.મ્યુ.કમિશનર (હેલ્થ એન્ડ હોસ્પિટલ), સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન છે " મુદ્દા નં.૪ પરત્વે આર.ટી.આઈ એકટની કલમ–૮(૧) (ચ) તથા (ઠ) મુજબ માહિતી આપવાનો ઈન્કાર કરેલ હોવાનું જણાય છે, મુદ્દા નં.૫ પરત્વે "સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત કતલખાનાઓમાં આ પ્રકારનો હોદ્દો ઉપસ્થિત નથી" મુદ્દા નં.૬ પરત્વે છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન કતલખાનામાં કતલ કરવામાં આવેલ પશુઓની માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે.

ઉકત વિગતે અરજદારશ્રી ધ્વારા પ્રથમ અપીલ અરજીમાં જણાવ્યાનુંસાર જાહેર માહિતી અધિકારી ધ્વારા પત્ર નં.પીએચડી/માર્કેટ/૮૬૭, તા.૨૯/૦૮/૧૯ થી મુદ્દા નં.૧ ની માંગેલ માહિતીના જવાબમાં પણ અમોને અડધો–અધુરો જવાબ આપેલ છે તેમાં ભારત સરકારના ધી સ્લોટર હાઉસ રૂલ્સ–૨૦૦૧ અન્વયે જો કોઈ મંજુરી મેળવેલ હોઈ તો તેના પ્રમાણપત્ર માંગેલ છે અને જો આ બાબતે પણ લાઈસન્સ અંગેની કાર્યવાહી પ્રક્રીયા હેઠળ હોઈ તો તેની કરેલ દરખાસ્તની વિગતોની પ્રમાણીત નકલ આપવામાં આવે તેમજ ધી ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ લાઈસન્સીંગ એન્ડ રજીસ્ટ્રેશન રેગ્યુલેશન–૨૦૧૧ મુજબ કોમ્પીટન્ટ ઓથોરીટીના લાઈસન્સ અંગેની કાર્યવાહી આપના ધ્વારા પત્રમાં જણાવેલ જવાબ મુજબ હાલ પ્રકીયા હેઠળ હોઈ તેની કરેલ દરખાસ્તની પ્રમાણિત નકલ આપવામાં આવે તેમજ આ બન્ને (૧) ધી ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ લાઈસન્સીંગ એન્ડ રજીસ્ટ્રેશન રેગ્યુલેશન–૨૦૧૧ (૨) ભારત સરકારના ધી સ્લોટર હાઉસ રૂલ્સ–૨૦૦૧ કાયદા અંર્તગત કતલખાનાઓમાં લાઈસન્સ મેળવવા માટેની આજદિન સુધી જે કાર્યવાહી કરેલ હોય તેની પ્રમાણિત નકલોઅ પણ આપવામાં આવે તેમજ મુદ્દા નં.૪ ના જવાબમાં એવુ જણાવવામાં આવેલ છે કે મુદ્દા નં–૪ માં માંગેલ માહિતી ત્રાહિતને લગતી અંગત પ્રકારની હોઈ અને આર.ટી.આઈ ની અલગ અલગ કલમો ટાંકીને માહિતી આપવા ઈન્કાર કરેલ છે, જે બાબતે અરજદારની વિનંતી અને અપીલ છે કે મુદ્દા નં–૪ ની માહિતીમાં કર્મચારીઓની સંખ્યા તેમજ તેમના નામની માહિતી માંગેલ હોઈ એમાં કોઈ રાઈટ ટુ પ્રાઈવશી ના કાયદાનો ભંગ થતો ન હોઈ અને માત્ર કર્મચારીઓના નામ અને સંખ્યા માંગેલ હોઈ તેમના અંગત જીવનમાં બીન જરૂરી દખલ ઉભી કરવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થીત જ થતો ન હોઈ મુદ્દા નં–૪ ની સંપુર્ણ અને સાચી માહિતી સમયમર્યાદામાં પ્રમાણિત નકલો આપવામાં આવે તેમજ મુદ્દા નં.૫ અંર્તગત એસ.એમ.સી સંચાલીત કતલખાનાઓનાં માલીક કે જેમના નામે કતલખાના ચાલતા હોઈ તેમની વિગતો માંગેલ હોઈ તો આ બે મુદ્દા નં.૪ અને ૫ ની માહિતી જાહેર માહિતી અધિકાર અધિનીયમ–૨૦૦૫ હેઠળ અમોને સમયમર્યાદામાં પુરી પાડવામાં આવે એમ જણાવી અપીલ અરજીથી નારાજગી દર્શાવેલ છે, જે ધ્યાને અરજદારશ્રીને તેઓની અરજીના મુદ્દા નં.૧, ૨, ૪ અને ૫ પરત્વે નારાજગી હોવાનું જણાતું હોય તે મુદ્દા પુરતો અત્રેથી નિર્ણય લેવાનો રહે છે.

**ઉકત તમામ હકીકતો અવલોકનમાં લેવામાં આવેલ છે, જે અંતર્ગત અત્રેનું નીરીક્ષણ નીચે મુજબ છે.**

- ઉકત વિગતે જાહેર માહિતી અધિકારી અનેએડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી, માર્કેટ વિભાગ ધ્વારા માહિતી અધિકાર અધિનિયમ હેઠળની નમુના–ક ની અરજી પરત્વે મુદ્દા નં.૧ અને ૨ અન્વયે સુરત મહાનગરપાલિકા સંચાલિત બન્ને કતલખાનાઓની ધી ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ લાઈસન્સીંગ એન્ડ રજીસ્ટ્રેશન રેગ્યુલેશન–૨૦૧૧ મુજબ કોમ્પીટન્ટ ઓથોરીટીના લાઈસન્સ અંગેની કાર્યવાહી હાલ પ્રક્રિયા હેઠળ છે તે મુજબનો પ્રત્યુત્તર પાઠવી નકલો આપવાનો ઈન્કાર કરેલ હોવાનું જણાય છે. સદર બાબતે જણાવવાનું કે, આરટીઆઈ એકટની કલમ–૮(૧)(ટ) મુજબ "મંત્રી પરિષદ, સચિવો અથવા અન્ય અધિકારીઓના મંત્રણાના રેકર્ડ સહિત કેબીનેટના પેપર આપવાની જવાબદારી રહેશે નહીઃ પરંતુ મંત્રી પરિષદના નિર્ણયો, તેના કારણો અને જે બાબતને આધારે

નિર્ણયો લેવામાં આવ્યા હોય તે, નિર્ણય લીધા પછી અને બાબત પુરી અથવા સંપુર્ણ થઈ ગઈ હોય, ત્યારે જાહેર કરવા જોઈશે :
વધુમાં આ કલમ નિર્દિષ્ટ કરેલ મુકિત હેઠળ જે બાબત આવતી હોય તે જાહેર કરવી જોઈશે નહી :" તે મુજબની જોગવાઈ કરવામાં આવેલ છે. પ્રસ્તુત કિસ્સામાં જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિ. ના પ્રત્યુત્તરની વિગતે સુરત મહાનગરપાલિકા સંચાલિત બન્ને કતલખાનાઓની ધી ફુડ સેફટી સ્ટાન્ડર્ડ લાઈસન્સીંગ એન્ડ રજીસ્ટ્રેશન રેગ્યુલેશન–૨૦૧૧ મુજબ કોમ્પીટન્ટ ઓથોરીટીના લાઈસન્સ અંગેની કાર્યવાહી હાલ પ્રક્રિયા હેઠળ હોવાનું જણાતું હોય, જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિ.ધ્વારા આપેલ મુદ્દા નં.૧ અને ૨ નો પ્રત્યુત્તર ઉચિત જણાય છે, તેમ છતાં સદર લાયસન્સો અંગે જો કોઈ કિસ્સામાં આખરી નિર્ણય લેવાયેલ હોય તે કિસ્સામાં માહિતી પુરી પાડવાની રહે છે.

➢ અરજદારશ્રીની નમુના–ક ની અરજીના મુદ્દા નં.૪ થી "સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત કતલખાનામાં કાયમી કર્મચારીઓ અને આઉટ સોર્સીગ કર્મચારીની સંખ્યા અને તેના નામ સહિતની માહિતી " માંગવામાં આવેલ, જે પરત્વે જાહેર માહિતી અધિકારી ધ્વારા આર.ટી.આઈ એકટની કલમ–૮(૧)(ચ) તથા (ઠ) મુજબ માહિતી અંગત તથા ત્રાહિત પ્રકારની ગણી માહિતી પુરી પાડવામાં આવેલ ન હોવાનું જણાય છે, જેની સામે ઉકત વિગતે પ્રથમ અપીલ અરજીથી જણાવ્યાનુંસાર તેઓ ધ્વારા માત્ર એસ.એમ.સી. સંચાલિત કતલખાનામાં કાયમી કર્મચારી અને આઉટ સોર્સીગનાં કર્મચારીની સંખ્યા અને માત્ર નામોની માહિતી માંગેલ હોય તેમાં કોઈ પ્રાઈવશીનો કોઈ ભંગ થતો ન હોવાનું જણાવેલ છે, જેની સાથે અપીલ અધિકારી સંમત થાય છે. કર્મચારીના નામ, સંખ્યાને લગતી માહિતી, માહિતી અધિકાર અધિનિયમની કલમ–૪(૧)(ખ) મુજબ જાહેર સત્તામંડળે સ્વયંભુ જાહેર કરવા જોગ માહિતીની શ્રેણીમાં આવતી હોવાનું જણાય છે, જે મુજબ જાહેર માહિતી અધિકારીએ સદર મુદ્દાથી માંગેલ માહિતી પૈકી કાયમી કર્મચારીના નામ તથા સંખ્યા આપવાની રહે. તેજ પ્રમાણે આઉટ સોર્સીગથી ફરજ બજાવતા વ્યકિતની સંખ્યા તથા નામની માહિતી જો રેકર્ડ ઉપર હોય તો રેકર્ડ આધારીત આપવાની રહે છે.

➢ મુદ્દા નં. ૫ થી માંગેલ માહિતી પરત્વે જણાવવાનું કે, આર.ટી.આઈ. એકટની કલમ–૨ (એફ), ૨(જે) અને માહિતી અધિકારની વ્યાખ્યા પ્રમાણે જાહેર સત્તામંડળની તથા તેના નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી આપવાની જોગવાઈ છે જે અન્વયે સુરત મહાનગરપાલિકા સંચાલિત કતલખાનાઓમાં મેનેજર અંગેની કોઈ પોસ્ટ ન હોય તે પરીપેક્ષકમાં જાહેર માહિતી અધિકારી ધ્વારા પુરો પાડેલ પ્રત્યુત્તર યોગ્ય જણાય છે.

**–:: હુકમ ::–**

અરજદારશ્રીની તા.૧૯/૦૮/૨૦૧૯ ની આર.ટી.આઈ. એકટ હેઠળની મુળ અરજી, અપીલ અરજીથી કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી, માર્કેટ વિભાગ ધ્વારા પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર વિગેરે ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

(૧) અરજદારશ્રી દ્વારા માંગેલ માહિતી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અનેએડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી, માર્કેટ વિભાગ ધ્વારા અરજદારશ્રીને મુદ્દા નં. ૧ અને ૨ પરત્વે કરવામાં આવેલ પ્રત્યુત્તર આર.ટી.આઈ.ની કલમ ૮(૧)(ટ) મુજબ મંત્રી પરિષદ,સચિવો અથવા અન્ય અધિકારીઓના મંત્રણાના રેકર્ડ સહિત કેબીનેટના પેપર આપવાની જવાબદારી રહેશે નહીઃ પરંતુ મંત્રી પરિષદના નિર્ણયો,તેના કારણો અને જે બાબતને આધારે નિર્ણયો લેવામાં આવ્યા હોય તે, નિર્ણય લીધા પછી અને બાબત પુરી અથવા સંપુર્ણ થઈ ગઈ હોય, ત્યારે જાહેર કરવા જોઈશેઃ વધુમાં આ કલમ નિર્દિષ્ટ કરેલ મૃકિત હેઠળ જે બાબત આવતી હોય તે જાહેર કરવી જોઈશે નહીઃ તે મુજબની જોગવાઈ ધ્યાને લેતા કરવામાં આવેલ પ્રત્યુત્તર યોગ્ય જણાય છે, તેમ છતાં સદર લાઈસન્સો પૈકી જે કિસ્સામાં કાર્યવાહી પુર્ણ થઈ ગયેલ હોય તો તેની માહિતી અરજદારશ્રીને આર.ટી.આઈ ની કલમ–૭(૬)હેઠળ વિના મુલ્યે અત્રેની કચેરીની જાણ હેઠળ દિન–૦૭ માં પુરી પાડવા જાહેર માહિતી અધિકારીશ્રી અને એડી.માર્કેટ સુપ્રિ.શ્રીને જણાવવામાં આવે છે.

(૨) અરજદારશ્રીનીઅરજીના મુદ્દા નં.૪ થી "સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત કતલખાનામાં કાયમી કર્મચારીઓ અને આઉટ સોર્સીગ કર્મચારીની સંખ્યા અને તેના નામ સહિતની માહિતી " માંગવામાં આવેલ, જે પરત્વે જાહેર માહિતી અધિકારી ધ્વારા આર.ટી.આઈ એકટની કલમ–૮(૧)(ચ) તથા (ઠ) મુજબ માહિતી અંગત તથા ત્રાહિત પ્રકારની ગણી માહિતી પુરી પાડવામાં આવેલ ન હોવાનું જણાય છે, પરંતુ અરજદારશ્રીએ માંગેલ માહિતી પૈકી કર્મચારીના નામ, સંખ્યાને લગતી માહિતી, માહિતી અધિકાર અધિનિયમની કલમ–૪(૧)(ખ) મુજબ જાહેર સત્તામંડળે સ્વયંભુ જાહેર કરવા જોગ માહિતીની શ્રેણીમાં આવતી હોવાનું જણાતુ હોય,માંગેલ માહિતી પૈકી કાયમી કર્મચારીના નામ તથા સંખ્યાની વિગત તથા તેજ પ્રમાણે આઉટ સોર્સીગથી ફરજ બજાવતા વ્યકિતની સંખ્યા તથા નામની માહિતી જો રેકર્ડ ઉપર હોય તો તે અંગેની રેકર્ડ આધારીત માહિતી અરજદારને આર.ટી.આઈ ની કલમ–૭(૬)હેઠળ વિના મુલ્યે અત્રેની કચેરીની જાણ હેઠળ દિન–૦૭ માં પુરી પાડવા જાહેર માહિતી અધિકારીશ્રી અને એડી.માર્કેટ સુપ્રિ.શ્રીને જણાવવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો,ગુજરાત માહિતી આયોગ,કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧,બીજો માળ, નિર્માણ ભવનની પાછળ,સેકટર–૧૦–એ,ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/આઉટ/ આરોગ્ય અધિકારી અને
તા. /૧૧/૨૦૧૯ એપલેટ ઓફીસર
સુરત મહાનગરપાલિકા

# સુરત મહાનગરપાલિકા

**અપીલ અરજી નં.SMC/PHD/FAP/53/2019-20.Dt.17/10/2019.**

**આરોગ્ય વિભાગ**

**અરજદાર:–** શ્રી સચિન પટેલ

**સામાવાળા:–** જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી, માર્કેટ વિભાગ, સુરત મહાનગરપાલિકા

અરજદારશ્રી ધ્વારા તા.૦૭/૧૦/૨૦૧૯ ના રોજ પ્રથમ અપીલ અધિકારીશ્રી અને આરોગ્ય અધિકારીશ્રી, જાહેર આરોગ્ય વિભાગ, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી એકઝી.આસી. અને જાહેર માહિતી અધિકારી, નાગરીક સુવિધા કેન્દ્રના પત્ર નં.સીસીસી/સે.ઝોન/આઉટ/૩૪૨, તા.૦૯/૧૦/૧૯થી અપીલ અધિકારી અને આરોગ્ય અધિકારીશ્રી, પ્રતિ તબદીલ કરવામાં આવેલ હતી. અરજદારશ્રીની તા.૧૩/૦૯/૧૯(આઈ.ડી.નં.૧૫૯૯) ની આર.ટી.આઈ. ની નમુના 'ક' ની અરજી તથા તે અન્વયે પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર વિગેરે તુમારો સામેલ રાખી જરૂરી કાર્યવાહી અર્થે અત્રે મોકલવામાં આવેલ, જે અત્રે તા.૧૭/૧૦/૧૯ ના રોજ પ્રાપ્ત થયેલ છે. ઉકત આર.ટી.આઈ. ની અરજીના અનુસંધાને માંગેલ માહિતી અન્વયે મુદ્દા નં.૮ થી આપવામાં આવેલ પ્રત્યુત્તરથી નારાજ થઈ અપીલ અરજી કરેલ છે.

અરજદારશ્રીની આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ હેઠળની તા.૧૩/૦૯/૧૯(આઈ.ડી.નં.૧૫૯૯) ની અરજી જાહેર માહિતી અધિકારી અને એકઝી.આસી., નાગરીક સુવિધા કેન્દ્રના પત્ર નં.સીસીસી.સીઝેડ/આર.ટી.આઈ./આઉટ/૧૫૯૯, તા.૧૬/૦૯/૧૯ થી એ.આર.ઓ અને જાહેર માહિતી અધિકારી, તમામ ઝોન પ્રતિ તબદીલ કરવામાં આવેલ હતી, જે આકારણી અને વસુલાત અધિકારીશ્રી, સેન્ટ્રલ ઝોન(ઉ. અને દ.) ધ્વારા પત્ર નં.સેન્ટ્રલ ઝોન/આર.ટી.આઈ/આઉટ/૨૩૧, તા.૨૬/૦૯/૧૯ થી એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટ અને જાહેર માહિતી અધિકારી, માર્કેટ વિભાગને મુદ્દા નં.૮ પરત્વે તબદીલ કરવામાં આવેલ હતી, અરજદારશ્રીની ઉકત નમુના–'ક' ની અરજીથી મુદ્દા નં.(૧) નાણાકીય વર્ષ એપ્રિલ–૨૦૧૮ થી માર્ચ–૨૦૧૯ તથા ચાલુ નાણાંકીય વર્ષ–૨૦૧૯ થી આજદીન સુધીનાં રીવીઝન કરવામાં આવેલા ઈમારતોના વેરા વસુલાતની તમામ નકલો આપશો(નામ સરનામા સહિત) વિગેરે કુલ–૦૯ મુદ્દાઓની માહિતી માંગેલ હતી, જે અરજીના અનુસંધાને અરજદારશ્રીને જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટ, માર્કેટ વિભાગ ધ્વારા મુદ્દા નં. ૧ થી ૭ અને ૯ પરત્વે " અત્રેની કચેરીને લાગુ પડતું નથી" તેમજ મુદ્દા નં.૮ પરત્વે " કર વસુલવાની બાબત અત્રેની કચેરીને લાગુ પડતી નથી. જયારે રખડતાં તથા પાલક કુતરાઓનું કોઈ સર્વે કરવામાં આવેલ ના હોય માંગેલ માહિતી મામુર છે " તે મુજબનો પ્રત્યુત્તર સમયમર્યાદામાં પત્ર નં.પીએચડી/ માર્કેટ/૧૧૧૨, તા.૦૪/૧૦/૧૯ થી પાઠવેલ હોવાનું જણાય છે.

અરજદારશ્રીની અપીલ અરજી પરત્વેની નારાજગી સંદર્ભે બન્ને પક્ષોની રજુઆત ધ્યાને લેવાના હેતુસર રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા અર્થે અત્રેથી પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/આઉટ/૭૬, તા.૨૫/૧૧/૧૯ મુજબ તા.૨૮/૧૧/૧૯ ના રોજ સવારે ૧૧–૦૦ કલાકે આરોગ્ય અધિકારીશ્રી અને એપેલેટ ઓફિસરની કચેરી, સુરત મહાનગરપાલિકા બીજો માળ, મુગલીસરા, સુરત ખાતે હાજર રહેવા જણાવવામાં આવેલ, પરંતુ સદર દિને અરજદારશ્રી હાજર રહયા ન હોય, રૂબરૂ સુનાવણી હાથ ધરી શકાયેલ ન હોય, ફરીથી અત્રેથી પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/આઉટ/૮૩, તા.૦૪/૧૨/૧૯ મુજબ તા.૧૦/૧૨/૧૯ ના રોજ બપોરે ૧૧:૦૦ કલાકે અરજદારશ્રીને રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા જણાવવામાં આવેલ, તે મુજબ અરજદારશ્રી તથા જાહેર માહિતી અધિકારીના પ્રતિનિધી સદર દિને રૂબરૂ સુનાવણી અર્થે અપીલ અધિકારી સમક્ષ હાજર રહયા હતા.

રૂબરૂ સુનાવણી સમયે અરજદારશ્રી ધ્વારા મુદ્દા નં.૮ અનુસંધાને કોઈ પણ પ્રકારની માહિતી ઉપલબ્ધ નથી તથા મુદ્દાના અનુસંધાને સર્વે કરવામાં આવેલ નથી તે મુજબની રજુઆત કરવામાં આવેલ, જયારે માર્કેટ વિભાગના જાહેર માહિતી અધિકારીના પ્રતિનિધી ધ્વારા રખડતા તથા પાલતુ કુતરાની સર્વે કરવામાં આવેલ ન હોય, માહિતી ઉપલબ્ધ નથી તથા કુતરા વેરા વસુલાતની બાબત તેઓની કચેરીના દાયરામાં આવતી નથી તે મુજબની રજુઆત કરવામાં આવેલ હતી.

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી સંદર્ભે રૂબરૂ સુનાવણીમાં હાજર રહી અરજદાર ધ્વારા કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી ધ્વારા પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર તથા તેઓના પ્રતિનિધી ધ્વારા રૂબરૂ સુનાવણી સમયે કરેલ રજુઆત તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

અરજદારશ્રીની તા.૧૩/૦૯/૧૯ ની અરજી (આઈ.ડી.નં.૧૫૯૯) થી માંગવામા આવેલ માહિતી બાબતે આર.ટી.આઈ. એકટની કલમ–૨(એફ), ૨(જે) હેઠળ અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી પુરી પાડવાની જોગવાઈ છે જે મુજબ જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટ માર્કેટ વિભાગ ધ્વારા અરજદારશ્રીને ઉકત વિગતે સમયમર્યાદામાં પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ છે, જે મુજબ જાહેર માહિતી અધિકારીશ્રીનો પ્રત્યુત્તર ઉચિત જણાય છે, તેમ છતાં આર.ટી.આઈ. એકટના હાર્દ / હેતુ ધ્યાને લેતાં જો શહેરીજન / નાગરીક ધ્વારા કોઈ પાલતું કુતરા અંગે નોંધ કરાવી હોય તો તેવી રેકર્ડ આધારીત માહિતી આર.ટી.આઈ ની કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે અત્રેની કચેરીની જાણ હેઠળ દિન–૦૭ માં પુરી પાડવા જાહેર માહિતી અધિકારીશ્રી અને એડી.માર્કેટ સુપ્રિ.શ્રીને જણાવવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧,બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦/એ, ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/આઉટ/

તા. /૦૧/૨૦૨૦

આરોગ્ય અધિકારી અને
એપલેટ ઓફીસર
સુરત મહાનગરપાલિકા

# સુરત મહાનગરપાલિકા

RIGHT TO INFORMATION

**અપીલ અરજી નં.SMC/PHD/FAP/55/2019. Dt.09/11/2019**
**મધ્યસ્થ મહેકમ (આરોગ્ય) વિભાગ**

**અરજદાર :**—શ્રી ધનજીભાઈ એચ. વિરાસ
**સામાવાળા :**—જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, મધ્યસ્થ મહેકમ (આરોગ્ય)વિભાગ,

અરજદાર મજકુર ધ્વારા તા.૨૬/૧૦/૨૦૧૯ ના રોજ એપલેટ અધિકારીશ્રી, જાહેર માહિતી વિભાગ, સુરત મહાનગર પાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફિસરશ્રી, મધ્યસ્થ મહેકમ (રીક્રુટમેન્ટ)વિભાગના પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૨૬૨, તા.૦૮/૧૧/૨૦૧૯ થી અન્ય અપીલ અધિકારીશ્રીઓ સહિત અપીલ અધિકારીશ્રી, મધ્યસ્થ મહેકમ (આરોગ્ય) વિભાગને તબદીલ કરેલ હતી, જે અપીલ અરજી અત્રેના વિભાગમાં પત્ર નં.SMC/PHD/FAP/55/2019, તા.૦૯/૧૧/૧૯ થી નોંધાયેલ છે. અરજદારશ્રીની તા.૨૬/૧૦/૧૯ ની અપીલ અરજીથી "સુરત મહાનગરપાલિકાના જવાબમાં માહિતી આપી શકાય તેમ નથી, જણાવેલ પરંતુ ભરતી પ્રક્રિયામાં ગેરરીતી થયાની અમોને શંકા છે અને લોકશાહીની અતિ આવશ્યક કામગીરી માટે નાગરિકોને માહિતગાર રાખવા અને માહિતીની પારદર્શિતા જળવાય તે જરૂરી છે. ભ્રષ્ટ્રાચાર નિયંત્રણમાં રહે તેના માધ્યમો પ્રજાને જવાબદાર રહે તે જરૂરી છે, સુરત મહાનગરપાલિકાની ભરતી પ્રક્રિયા અંગત બાબત નથી અને વધુમાં અધિકારીઓના નામ સિવાયની અન્ય માંગેલ માહિતી પુરી પાડવી જોઈએ, જે અમોને પુરી પાડેલ નથી, જેથી અસંતુષ્ટ થઈ અમો માંગેલ માહિતી મેળવવા અપીલ કરીએ છીએ" એમ જણાવી નારાજગી વ્યકત કરેલ છે.

અરજદારશ્રીની નમુના—'ક' ની મુળ અરજી, જાહેર માહિતી અધિકારીશ્રીનો પ્રત્યુત્તર સહિત તબદીલી પત્ર તથા ઉકત વિગતેની અપીલ અરજી તથા તેને સંલગ્ન પેપર્સોનો અભ્યાસ કરતા અરજદારશ્રીની તા.૧૬/૦૯/૧૯ (આઈ.ડી.નં.૧૬૧૧) થી જાહેર માહિતી અધિકારીશ્રી, મધ્યસ્થ મહેકમ, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરેલ અરજી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી, મધ્યસ્થ મહેકમ વિભાગ, સુરત મહાનગરપાલિકાના પત્ર નં.જીએડી/ઈએસટી/૪૬૧૫, તા.૨૦/૦૯/૧૯ થી અન્ય વિભાગો સહિત જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, મધ્યસ્થ મહેકમ (આરોગ્ય) વિભાગને પણ આંશીક તબદીલ કરવામાં આવેલ હોવાનું જણાય છે, જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, મધ્યસ્થ મહેકમ (આરોગ્ય) વિભાગ ધ્વારા પત્ર નં.જીએડી/ઈએસટી/ પીએચ/આરટીઆઈ/આઉટ/૯૦, તા.૨૩/૦૯/૧૯થી (૧) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી(ડ્રેનેજ વિભાગ), (૨) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી (હાઈડ્રોલિક વિભાગ), (૩) જાહેર માહિતી અધિકારી અને ઈન્ચાર્જ સોલીડ વેસ્ટ મેનેજરશ્રી, (૪) જાહેર માહિતી અધિકારી અને મેનેજરશ્રી(ઈન્ડોર સ્ટેડિયમ), (૫) જાહેર માહિતી અધિકારી અને એડી. માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી, (૬) જાહેર માહિતી અધિકારી અને ડે.ચીફ ફાયર ઓફિસરશ્રી, (૭) જાહેર માહિતી અધિકારી અને ડે. ગાર્ડન સુપ્રિટેન્ડન્ટશ્રી(પબ્લીક પાર્કસ અને ગાર્ડન), (૮) જાહેર માહિતી અધિકારી અને પર્સોનેલ ઓફિસરશ્રી (તમામ ઝોન), (૯) જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી, સેન્ટ્રલ ઝોન, બીજો માળ, (૧૦) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી (સ્મીમેર હોસ્પિટલ), (૧૧) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી (મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ), (૧૨) જાહેર માહિતી અધિકારી અને બીજી શ્રેણી કલાર્કશ્રી, ગાંધી સ્મૃતિ ભવન, (૧૩) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, હાઉસીંગ વિભાગ, (૧૪) જાહેર માહિતી અધિકારી અને મેનેજરશ્રી, સરદાર પટેલ સ્મૃતિ ભવન, (૧૫) જાહેર માહિતી અધિકારી અને આસી. ઈજનેરશ્રી, મ્યુનિ. વર્કશોપ અને ઓટો સ્ટોર્સ વિભાગ, (૧૬) જાહેર માહિતી અધિકારી અને આસી. વેટરનરી ઓફિસરશ્રી, સરથાણા નેચર પાર્ક એન્ડ ઝુ પક્ષીઘર, (૧૭) જાહેર માહિતી અધિકારી અને તમામ અર્બન હેલ્થ સેન્ટર અને મેટરનીટી હોમ તથા તમામ અર્બન હેલ્થ સેન્ટરના રેસી.મેડીકલ ઓફિસરશ્રી / લેડી.મેડીકલ ઓફિસરશ્રી / જુની.મેડીકલ ઓફિસર અને મેડીકલ ઓફિસરશ્રી તથા (૧૮) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.જંતુનાશક અધિકારીશ્રી (વી.બી.ડી.સી) વિભાગોને અરજદારશ્રીની જાણ હેઠળ આંશિક તબદીલ કરવામાં આવેલ હોવાનું જણાય છે. તદૃઉપરાંત જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, મધ્યસ્થ મહેકમ (આરોગ્ય) વિભાગ ધ્વારા પત્ર નં. જીએડી/ઈએસટી/પીએચ/આરટીઆઈ/આઉટ/૯૫, તા.૧૦/૧૦/૧૯ થી તેઓના વિભાગને લાગત મુદ્દા નં.૧, ૨ તથા ૧૪ પરત્વે નકલ ફી ભરી માહિતી મેળવી લેવાનો પ્રસ્તાવ સમયમર્યાદામાં આપવામાં આવેલ હોવાનું જણાય છે, જે મુજબ અરજદારશ્રી ધ્વારા માહિતીની નકલ ફી તા.૧૬/૧૦/૧૯ ના રોજ ભરી મેળવી લીધેલ હોવાનું જણાય છે, જયારે મુદ્દા નં.૬ પરત્વે અરજદારશ્રી ધ્વારા "સદર ભરતીમાં પસંદગી પામેલ તમામ ઉમેદવારોએ રજુ કરેલ અનુભવના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ આપવી" તે મુજબની માંગેલ માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, મધ્યસ્થ મહેકમ (આરોગ્ય) વિભાગ ધ્વારા "પસંદગી પામેલ ઉમેદવારોએ રજુ કરેલ અનુભવના પ્રમાણપત્રની માંગેલ માહિતી બાબતે આર.ટી.આઈ. એકટની કલમ—૮(૧)(ઠ) ની જોગવાઈ ધ્યાને લેવા જોગ છે. કલમ—૮(૧)(ઠ) મુજબ ત્રાહિતને લગતી કોઈ જાહેર ગતિવિધિ અથવા હિત સાથે કોઈપણ પ્રકારનો સંબંધ ધરાવતી ન હોય તેવી અથવા કોઈ વ્યકિતના અંગત જીવનમાં બિનજરુરી દખલ થાય તેવી અંગત જાણકારીને લગતી કોઈ માહિતી આપવાની જવાબદારી રહેશે નહી, તે મુજબની જોગવાઈ કરવામાં આવેલ છે. વધુમાં નામ.સુપ્રિમ કોર્ટના સ્પે.લીવ પીટીશન(લીવ પીટીશન) સીવીલ નં.૨૭૭૩૪/૧૨— શ્રી ગીરીશ રામચંદ્ર દેશપાંડે વિરુધ્ધ સેન્ટ્રલ ઈન્ફરમેશન કમિશનર અને અન્યોના કેસમાં પીટીશનર ધ્વારા ત્રાહિતને લગતી માંગવામા આવેલી માહિતીના સંદર્ભમાં ઉપરોકત કલમ ૮(૧) (ઠ) હેઠળ કરવામાં આવેલ ઈન્કાર સામેની અરજી ડીસમીસ કરવામાં આવેલ છે. આર.ટી.આઈ. એકટની ઉકત જોગવાઈ તથા નામ.સુપ્રિમ કોર્ટના ઉકત ચુકાદાને ધ્યાને લેતા આપના ધ્વારા માંગવામાં આવેલ ઉકત માહિતી પુરી પાડવા જોગ જણાતી નથી" એમ જણાવી મુદ્દા નં.૬ થી ભરતીમાં પસંદગી પામેલ તમામ ઉમેદવારોના રજુ કરેલ અનુભવના પ્રમાણપત્રની માંગવામાં આવેલ પ્રમાણિત નકલ આપવાનો ઈન્કાર કરેલ હોવાનું તથા સદર ચુકાદાની નકલ પુરી પાડેલ હોવાનું જણાય છે.

ઉકત પેરા—૧ ની વિગતે અરજદાર ધ્વારા કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજીથી ભરતી પ્રક્રિયામાં ગેરરીતી થયાની શંકા દર્શાવી નારાજગી વ્યકત કરેલ છે તથા તેની સામે જાહેર માહિતી અધિકારી ધ્વારા નમુના—'ક' ની આર.ટી.આઈ. એકટની અરજી સંદર્ભે પાઠવેલ વિગતદર્શક પ્રત્યુત્તરનો અભ્યાસ કરતા અરજદારશ્રી ધ્વારા ભરતીમાં પસંદગી પામેલ તમામ ઉમેદવારોએ રજુ કરેલ અનુભવના પ્રમાણપત્રની નકલ પુરી પાડવી જાહેર હિતમાં આવે છે કે કેમ? તથા તે અરજદારશ્રીને આપવી કે કેમ? તે પુરતો નિર્ણય લેવાનો રહે છે.સદર બાબતે અપીલ અધિકારીશ્રીનું નીરીક્ષણ નીચે મુજબ છે.

- જાહેર માહિતી અધિકારી તેઓના પ્રત્યુત્તર ધ્યાને લેતા, "પસંદગી પામેલ ઉમેદવારોએ રજુ કરેલ અનુભવના પ્રમાણપત્રની માંગેલ માહિતી આર.ટી.આઈ. એકટની કલમ–૮(૧)(ઠ) મુજબ ત્રાહિતને લગતી કોઈ જાહેર ગતિવિધિ અથવા હિત સાથે કોઈપણ પ્રકારનો સંબંધ ધરાવતી ન હોય તેવી અથવા કોઈ વ્યકિતના અંગત જીવનમાં બિનજરુરી દખલ થાય તેવી અંગત જાણકારીને લગતી કોઈ માહિતી આપવાની જવાબદારી રહેશે નહી, તે મુજબની જોગવાઈ કરવામાં આવેલ છે એમ જણાવી નામ.સુપ્રિમ કોર્ટના સ્પે.લીવ પીટીશન (લીવ પીટીશન) સીવીલ નં.૨૭૭૩૪/૧૨– શ્રી ગીરીશ રામચંદ્ર દેશપાંડે વિરુધ્ધ સેન્ટ્રલ ઈન્ફરમેશન કમિશનર અને અન્યોના કેસમાં પીટીશનર ધ્વારા ત્રાહિતને લગતી માંગવામા આવેલી માહિતીના સંદર્ભમાં ઉપરોકત કલમ ૮(૧)(ઠ) હેઠળ કરવામાં આવેલ ઈન્કાર સામેની અરજી ડીસમીસ કરવામાં આવેલ છે. આર.ટી.આઈ. એકટની ઉકત જોગવાઈ તથા નામ.સુપ્રિમ કોર્ટના ઉકત ચુકાદાને ધ્યાને લેતા માંગવામાં આવેલ માહિતી પુરી પાડવા જોગ જણાતી નથી" એમ જણાવી મુદ્દા નં.૬ થી ભરતીમાં પસંદગી પામેલ તમામ ઉમેદવારોના રજુ કરેલ અનુભવના પ્રમાણપત્રની માંગવામાં આવેલ પ્રમાણિત નકલ આપવાનો ઈન્કાર કરેલ હોવાનું તથા સદર ચુકાદાની નકલ પુરી પાડેલ હોવાનું જણાય છે. હતી, જે બાબતો ધ્યાને લેતા જાહેર માહિતી અધિકારીશ્રીએ લીધેલ નિર્ણય આર.ટી.આઈ. એકટની ઉકત જોગવાઈઓ તથા નામ.હાઈકોર્ટ  તથા નામ.સુપ્રિમ કોર્ટના ઉકત ચુકાદાઓને ધ્યાને લેતા તમામ પરિપેક્ષમાં ઉચિત જણાય છે. વધુમાં સદર બાબતે જાહેર માહિતી અધિકારી ધ્વારા તેવા નિર્ણય સાથે આપેલ વિસ્તૃત કારણો તર્કસંગત જણાય છે તથા તેની સાથે અપીલ અધિકારી સંમત થાય છે.

- વધુમાં, આર.ટી.આઈ. એકટની કલમ–૮(૧)(ઠ) થી કરવામાં આવેલ જોગવાઈ મુજબ ત્રાહિતને લગતી કોઈ જાહેર ગતિવિધિ અથવા હિત સાથે કોઈપણ પ્રકારનો સંબંધ ધરાવતી ન હોય તેવી અથવા કોઈ વ્યકિતના અંગત જીવનમાં બિનજરૂરી દખલ થાય તેવી જાણકારી બાબતે તેમજ વિશ્વશનીય સંબંધોને આધારે ઉપલબ્ધ કરાવેલ હોય તેવી માહિતી આરટીઆઈ એકટની કલમ–૮(૧)(ચ) મુજબ માહિતી જાહેર કરવામાંથી મુકિત અંગેની જોગવાઈ છે તથા દિલ્હી નામ.હાઈકોર્ટ રીટ પીટીશન નં.૮૦૩/૨૦૦૯ થી શ્રી વિજય પ્રકાશ વિરૂધ્ધ યુનિયન ઓફ ઈન્ડિયા અને અન્યોના કેસમાં પીટીશનર ધ્વારા ત્રાહિતને લગતી સર્વિસ રેકર્ડ, રજા, નોમીનેશન ફોર્મ, નાણાંકીય વ્યવહાર વિગેરે માંગવામાં આવેલ માહિતીના સંદર્ભમાં કલમ–૮(૧)(ઝ) હેઠળ કરવામાં આવેલ ઈન્કાર સામેની અરજી ડિસમીસ કરવામાં આવેલ હતી. વધુમાં જણાવવાનું કે, નોકરી રાખનાર સંસ્થા અને નોકર (એમ્પલોઈ) વચ્ચેનો સંબંધ વિશ્વશનીય સંબંધોનો હોવાનું ભુતકાળમાં નામ.કોર્ટે પણ તેના ચુકાદામાં તેની નોંધ કરેલ હોવાનું ધ્યાને છે. વધુમાં હાલમાં નામ.સુપ્રિમ કોર્ટની લાર્જર બંધારણીય બેંચ ધ્વારા આપવામાં આવેલ હુકમથી બંધારણ આપેલ રાઈટ ટુ પ્રાયવસીએ મૌલિક અને મુળભુત અધિકાર હોવાનું જણાવેલ છે. વધુમાં, અરજદારશ્રી ધ્વારા ભરતી પ્રક્રિયામાં ગેરરીતી થયાની ફકત શંકાના આધારે માહિતી પ્રગટ કરવા અંગે રજુઆત કરવામાં આવેલ છે, ફકત તેવા આધારે અરજદારશ્રી વ્યકિતના અંગત જીવનને લગતી હોય તેવી સદર માહિતી વિશાળ જાહેર હિતમાં પ્રગટ કરવી યોગ્ય છે, તેવુ પ્રતિપાદિત કરી શકેલ હોવાનું જણાતુ નથી કે તે અંગે કોઈ આધારપુરાવા રજુ કરવામાં આવેલ નથી. જાહેર માહિતી અધિકારીશ્રીએ લીધેલ નિર્ણય આર.ટી.આઈ. એકટની ઉકત જોગવાઈઓ તથા નામ.હાઈકોર્ટ  તથા નામ.સુપ્રિમ કોર્ટના ઉકત ચુકાદાઓને ધ્યાને લેતા તમામ પરિપેક્ષમાં ઉચિત જણાય છે.

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી તેમજ જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, મધ્યસ્થ મહેકમ (આરોગ્ય) વિભાગ ધ્વારા અરજદારશ્રીની જાણ હેઠળ પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર સહ તબદીલી પત્ર વિગેરે ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

અરજદારશ્રીની તા.૧૬/૦૯/૧૯ની (આઈ.ડી.નં.૧૬૧૧) ની આર.ટી.આઈ. એકટની અરજી જાહેર માહિતી અધિકારી અને મધ્યસ્થ મહેકમ વિભાગ ધ્વારા વિવિધ જાહેર માહિતી અધિકારી સહિત જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, મધ્યસ્થ મહેકમ (આરોગ્ય) વિભાગને પણ આંશિક તબદીલ કરવામાં આવેલ હોવાનું તથા જે મુજબ અરજદારશ્રીની તા.૧૬/૦૯/૧૯ (આઈ.ડી.નં.૧૬૧૧) ની આર.ટી.આઈ. ની અરજી પરત્વે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, મધ્યસ્થ મહેકમ (આરોગ્ય) વિભાગ ધ્વારા અરજીના મુદ્દા નં.૧, ૨ અને ૧૪ ની તેઓના વિભાગને લાગત આંશીક માહિતી માટે અરજદારશ્રીને સમયમર્યાદામાં નકલ ફી ભરપાઈ કરી માહિતી મેળવી લેવાનો આપવામાં આવેલ પ્રસ્તાવ સબબ અરજદારશ્રીએ નકલ ફીના નાણાં ભરપાઈ કરી માહિતી મેળવી લીધેલ હોય, જયારે માંગેલ માહિતી અનુસંધાને ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી પૈકી સદર ભરતીમાં પસંદગી પામેલ તમામ ઉમેદવારો પૈકીના ઉમેદવારોએ રજુ કરેલ અનુભવના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ આપવાનો ઈન્કાર કરવામાં આવેલ છે તથા તેટલા પુરતી માહિતી આપવાનો ઈન્કાર કરવા સબબ વ્યાજબીપણું પ્રસ્થાપિત કરી, આરટીઆઈ એકટની કઈ કલમ હેઠળ આ માહિતી આપવાનો ઈન્કાર કરવામાં આવેલ છે તે પણ આધાર સહિત સુચિત કરેલ હોય, જે તર્કસંગત જણાતું હોય, સદર અપીલ અરજી બાબતે અત્રેથી કોઈ હસ્તક્ષેપ કરવાનો રહેતો હોવાનું કારણ જણાતું નથી. પરંતુ અરજદારશ્રી ધ્વારા પ્રથમ અપીલ અરજીથી ભરતી પ્રક્રિયામાં થયેલ ગેરરીતી સબબની વ્યકત કરવામાં આવેલ શંકા સબબ અરજદારશ્રી ઈચ્છુક હોય તો સક્ષમ સત્તાને તે બાબતે અલગથી રજુઆત કરવા સ્વતંત્ર છે તે મુજબ સદર પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦/એ, ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/
તા.    /૧૧/૨૦૧૯

પર્સોનેલ ઓફિસર અને
એપેલેટ ઓફિસર
મધ્યસ્થ મહેકમ(આરોગ્ય)

# સુરત મહાનગરપાલિકા

**અપીલ અરજી નં.SMC/PHD/FAP/56/2019. Dt.14/11/2019**

**આરોગ્ય વિભાગ**

અરજદાર :–શ્રીગોપાળભાઈ રામુભાઈ
સામાવાળાઃ–જાહેર માહિતી અધિકારી અને મુખ્ય આરોગ્ય નિરીક્ષક, જન્મ–મરણ વિભાગ,સુરત મહાનગરપાલિકા.

(૧) અરજદારશ્રી ધ્વારા તા.૧૯/૧૦/૧૯ ના રોજ મ્યુ.કમિશનરશ્રી, અપીલ અધિકારીશ્રી, સુરત મહાનગર સેવા સદનને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજીજાહેર માહિતી અધિકારી,ના.સુ.કેન્દ્ર સેન્ટ્રલ ઝોન, સુરત મહાનગરપાલિકાના પત્ર.નં.સીસીસી/સેન્ટ્રલઝોન/આઉટ/૩૭૭, તા.૨૧/૧૦/૧૯ થી અપીલ અધિકારી, નાયબ આરોગ્ય અધિકારીશ્રી, સેન્ટ્રલ ઝોનને તબદીલ કરવામાં આવેલ, જે અરજી તેઓના વિભાગને લાગત ન હોય તેઓ ધ્વારા પત્ર નં.સી.ઝેડ/આર.ટી.આઈ/આઉટ/૨૦૮૧, તા.૦૨/૧૧/૧૯ થી અપીલ અધિકારી અને ડે.કમિશનરશ્રી, (હેલ્થ અને હોસ્પિટલ)ને તબદીલ કરેલ, જે સાથે અરજદારશ્રીની તા.૩૧/૦૮/૧૯(આઈ.ડી.નં.૧૪૨૬) ની આર.ટી.આઈ.ની મુળ અરજી તથા અરજદારશ્રીને પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર વિગેરે તુમારો સામેલ રાખી અત્રેના વિભાગને જરૂરી કાર્યવાહી અર્થે મોકલેલ હતી, જે અત્રે તા.૧૪/૧૧/૧૯ ના રોજ પ્રાપ્ત થયેલ છે.અરજદારશ્રીએ જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા પાઠવેલ પ્રત્યુત્તર પરત્વે નારાજ થઈ અપીલ અરજી કરેલ છે.

(૨) ઉકત અપીલ અરજી સાથે સામેલ તુમારોનો અભ્યાસ કરતાં અરજદારશ્રીની નમુના "ક" ની તા.૩૧/૦૮/૧૯ (આઈ.ડી.નં.૧૪૨૬) ની અરજી જાહેર માહિતી અધિકારી અને એકઝીકયુટીવ આસીસ્ટન્ટ, નાગરીક સુવિધા કેન્દ્ર, મુગલીસરાના પત્ર નં. સીસીસી.સીઝેડ/આરટીઆઈ/આઉટ/૧૪૨૬, તા.૦૩/૦૯/૧૯ થી જાહેર માહિતી અધિકારી અને સ્ટેટીસ્ટીકલ આસીસ્ટન્ટ, સેન્ટ્રલ ઝોનને તબદીલ કરેલ, જે અરજી તેઓના વિભાગને લાગત ન જણાતા જાહેર માહિતી અધિકારી અને ચીફ સેનેટરી ઈન્સ્પેકટર, જન્મ મરણ વિભાગ, મધ્યસ્થ કચેરીને સંપુર્ણ તબદીલ કરવામાં આવેલ હતી. સદર આર.ટી.આઈ.ની અરજીથી અરજદારશ્રીની માતા કાશીબેન રામુભાઈના મરણ પ્રમાણપત્રની ઝેરોક્ષ રજૂ કરી કાશીબેન રામુભાઈના મરણની નોંધણી કરવા માટે રજૂ કરવામાં આવેલ અરજી તથા પુરાવાઓની સહી સીકકાવાળી નકલ વિગેરે માહિતી માંગેલ હતી. જે પરત્વે જાહેર માહિતી અધિકારી અને મુખ્ય આરોગ્ય નિરીક્ષક, જન્મ મરણ વિભાગ(રૂમ નં–૯), ધ્વારા પત્ર નં.પી.એચ.ડી./એમઆર/૩૭૦, તા.૨૧/૦૯/૧૯ થી "ગુજરાત સરકારશ્રીની મંજુરી પત્ર નં.બીએમએ/૨૬૬૫/૩૧૯૮/ડીએન, તા.૧૭/૦૫/૧૯૬૫ ના મ્યુ.એબીસીડી રૂલ્સ (રેકર્ડ જાળવણીની સમયમર્યાદા ઈ–૭૧ મુજબ ૨ વર્ષ અને ડી–૧૫૪ મુજબ ૫ વર્ષ) મુજબ આપે માંગેલ અરજી તથા પુરાવા જાળવણીની સમયમર્યાદા પુરી થઈ ગયેલ હોય જેથી અરજીની વિગત અત્રેની કચેરીએ ઉપલબ્ધ નથી " તે મુજબનો પ્રત્યુત્તર આપેલ હોવાનું જણાય છે.ત્યારબાદ અરજદારશ્રીને પુરી પાડવામાં આવેલ માહિતી પરત્વે અરજદારશ્રી ધ્વારા તા.૦૨/૧૨/૧૯ ના રોજ તેઓની આરટીઆઈ ની અરજી પરત્વેજન્મ મરણ વિભાગ દ્વારા પુરી પાડવામાં આવેલ માહિતી સબબ તથા રૂબરૂ સંપર્ક/ચર્ચા કરી જરૂરીયાત મુજબની માહિતી તેમજ માર્ગદર્શન મેળવી સંતોષ વ્યકત કરી તેઓને જન્મ મરણ વિભાગ પાસેથી વધુ કોઈ માહિતીની જરૂરીયાત ન હોવાનું લેખીતમાં સંમતિ આપેલ છે.

ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતા, અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજીથી કરેલ રજુઆત તેમજ અરજદારશ્રી ધ્વારા આપેલ તા.૦૨/૧૨/૧૯ ની લેખિત અરજી તથા જાહેર માહિતી અધિકારી અનેમુખ્ય આરોગ્ય નિરીક્ષક, જન્મ–મરણ વિભાગ ધ્વારા પાઠવેલ પ્રત્યુત્તર વિગેરે ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

અરજદારશ્રીની તા.૩૧/૦૮/૧૯ (આઈ.ડી.નં.૧૪૨૬) ની આર.ટી.આઈ.ની અરજી પરત્વે ઉકત વિગતે અરજદારશ્રી ધ્વારા તા.૦૨/૧૨/૧૯ ના રોજ તેઓની આરટીઆઈ ની અરજી પરત્વેજન્મ મરણ વિભાગ દ્વારા પુરી પાડવામાં આવેલ માહિતી સબબ તથા રૂબરૂ સંપર્ક/ચર્ચા કરી જરૂરીયાત મુજબની માહિતી તેમજ માર્ગદર્શન મેળવી સંતોષ વ્યકત કરેલ હોય તેથી તેઓને જન્મ મરણ વિભાગ પાસેથી વધુ કોઈ માહિતીની જરૂરીયાત ન હોવાનું લેખીતમાં જણાવેલ હોય, સદર અરજી બાબતે અત્રેથી કોઈ હસ્તક્ષેપ કરવાનો રહેતો હોવાનું કારણ જણાતું ન હોય, તે મુજબ અરજદારશ્રીની અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણભવનની પાછળ, સેકટર–૧૦/એ, ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/આરટીઆઈ/અપીલ/ આરોગ્ય અધિકારી અને
તા. /૧૨/૨૦૧૯ એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા

# જાન્યુઆરી–૨૦૨૦ થી માર્ચ–૨૦૨૦

| અપીલ નં. /વર્ષ | માહિતીનું વિષય વસ્તુ | હુકમ નં.તારીખ |
|---|---|---|
| ૨૫<br>તા.૨૮/૧૧/૧૯ | અરજદારશ્રી અણઘણ હાર્દિક ડી.ની નમુના ''ક'' ની તા.૦૧/૧૦/૧૯ (આઈ.ડી. નં. ૮૧૫) ની અરજીથી મુદ્દા નં.(૧) ૧ જાન્યુઆરી ૨૦૧૮ થી ૩૦ જુન ૨૦૧૯ દરમ્યાન કતારગામ વિસ્તારમાં કુલ કેટલા મમતા કાર્ડ કયા ડોકયુમેન્ટના આધારે ફાળવવામાં આવ્યા તેની માહિતી આંકડાકીય અને શબ્દોમાં આપવી. (૨) સર્ભગા સ્ત્રીને મમતા કાર્ડ મેળવવા શું શું કરવાનું હોય છે? તેની માહિતી વિગેરે કુલ–૦૨ મુદ્દાઓની માહિતી માંગેલ હતી. | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૯૭<br>તા.૧૮/૦૧/૨૦૨૦ |
| ૨૬<br>તા.૧૭/૧૨/૧૯ | અરજદારશ્રી અજય એ. જાંગીડની નમુના ''ક'' ની અરજીથી (૧૯ છેલ્લા ૬ વર્ષમાં પ્રાથમિક સારવાર કેન્દ્ર/પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર/સિવિલ/મેડિકલ કોલેજ કે અન્ય તબીબી સારવાર આપતી સંસ્થા માટે તે સંસ્થા ધ્વારા માંગવામાં આવેલ સરકારી ગ્રાન્ટ અને મંજુર થયેલ ગ્રાંટોની વિગતની પ્રમાણિત નકલ આપશો. (૨) છેલ્લા ૬ વર્ષમાં પ્રાથમિક સારવાર કેન્દ્ર/પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર/સિવિલ/મેડિકલ કોલેજ કે અન્ય તબીબી સારવાર આપતી સંસ્થા માટે તે સંસ્થા(વોર્ડ પ્રમાણે) યાદીની પ્રમાણિત નકલ આપશો(નામ સહિત અને વર્ષ પ્રમાણે) વિગેરે સહિત કુલ–૦૭ મુદ્દાઓની માહિતી માંગેલ હતી. | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૧૦૭<br>તા.૨૮/૦૨/૨૦૨૦ |
| ૨૭<br>તા.૧૮/૧૨/૧૯ | અરજદારશ્રી હરેશ ડી. પરમારની તા.૨૧/૧૧/૧૯ (આઈ.ડી.નં.૧૧૮) ની અરજીથી (૧) સુરત મનપામાં હાલમાં કાર્યરત '' મે.એક્ષ્પર્ટ મેનેજમેન્ટ સર્વિસ, મહેસાણા નામની કંપનીને જે પરવાનો આપેલ છે તે પરવાનેદારના દરેક કામદાર દરેક ઝોનમાં કાર્યરત છે, તે તમામ કામદારના વર્ષ ૦૧/૦૯/૨૦૧૫ થી હાલના વર્ષના સમયગાળા સુધીમાં તેઓના ખાતામાં કેટલા દિવસ પ્રમાણે કેટલો પી.એફ કાપેલ છે તથા એજન્સીએ કેટલો પીએફ ભરેલ તે તમામની આધારભુત દસ્તાવેજોની નકલોની માહિતી આપશોવિગેરે કુલ–૦૪ મુદ્દાઓની માહિતી માંગેલ હતી. | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૧૦૫<br>તા.૧૯/૦૨/૨૦૨૦ |
| ૨૮<br>તા.૦૪/૦૧/૨૦ | અરજદારશ્રી અશોક વરીયાની નમુના ''ક'' ની અરજીથી (૧) કતારગામ આરોગ્ય કેન્દ્રમાં ફરજ બજાવતા અધિકારી–કર્મચારીઓના નામ, હોદ્દો તથા ફરજ સમય સહિતની વિગતવાર માહિતી આપશો. (૨) કતારગામ આરોગ્ય કેન્દ્રમાં આરોગ્યલક્ષી થતી કામગીરીની વિગતવાર માહિતી આપશો. (૩) કતારગામ આરોગ્ય કેન્દ્રમાં ફરજ બજાવતાં તબીબ અને તેના સમયગાળાની વિગત આપશો. (દિવસ દરમ્યાન જેટલા કલાક ફરજ બજાવવાની હોય તેની વિગત) (૪) કતારગામ આરોગ્ય કેન્દ્રમાં સર્ગભા મહિલાને કઈ કઈ જાતની ટ્રીટમેન્ટ, રીપોર્ટ તથા દવાઓ મફતમાં આપવામાં આવે છે તેની વિગતવાર માહિતીની માંગણી કરેલહતી. | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૯૯<br>તા.૨૧/૦૧/૨૦૨૦ |
| ૨૯<br>તા.૦૪/૦૧/૨૦ | અરજદારશ્રીઅશોક વરીયા નમુના ''ક'' ની અરજીથી (૧) કતારગામ આરોગ્ય કેન્દ્રમાં છેલ્લા છ માસમાં આવેલ દવાઓની નોંધ જે રજીસ્ટરમાં કરવામાં આવી છે તેની નોંધવાળા પત્રની નકલો આપશો (૨) આરોગ્ય કેન્દ્ર(કતારગામ)માં છેલ્લા છ માસમાં વિવિધ રોગોના પૃથ્થકરણ માટે કરવામાં આવેલ રીપોર્ટની આંકડાકીય માહિતી આપશો વિગેરે માહિતીની માંગણી કરેલહતી. | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૯૮<br>તા.૨૧/૦૧/૨૦૨૦ |
| ૩૦<br>તા.૨૧/૦૧/૨૦ | અરજદારશ્રી ઈમરાન ઈબ્રાહીમ થુંડીયાની નમુના ''ક'' ની તા.૨૦/૧૧/૧૯ (આઈ.ડી.નં.૨૧૬૦) ની અરજીથી (૧) સુરત શહેરમાં આવેલ ડેરીએ દુધની બનાવટો કરતાં નોંધાયેલ રજીસ્ટર્ડની પ્રમાણિત નકલ, નામ, એડ્રેસ, ફોન નંબર સાથે આપવામાં આવેવિગેરે કુલ–૦૬ મુદ્દાઓની માહિતી માંગતી અરજી કરવામાં આવેલ હતી. | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૧૦૪<br>તા.૧૮/૦૨/૨૦૨૦ |

RIGHT TO INFORMATION

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.SMC/PHD/FAP/66/2019, Dt.28/11/2019
આરોગ્ય વિભાગ

**અરજદાર** :–શ્રી અણઘણ હાર્દિક ડી.

**સામાવાળા**:–જાહેર માહિતી અધિકારી અને રેસી.મેડીકલ ઓફિસરશ્રી/ લેડી.મેડીકલ ઓફિસરશ્રી/ જુની.મેડીકલ ઓફિસર અને મેડીકલ ઓફિસરશ્રી,કતારગામ ઝોન કાર્યક્ષેત્રમાં આવતા અર્બન હેલ્થ સેન્ટરો તેમજ અર્બન હેલ્થ સેન્ટર અને મેટ.હોમ.

અરજદારશ્રી ઘ્વારા તા.૧૪/૧૧/૧૯ ના રોજ પ્રથમ અપીલ અધિકારી અને ડે.મ્યુનિ.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પી.), સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી નાયબ આરોગ્ય અધિકારી અને અપીલ અધિકારીશ્રી, નોર્થ ઝોન ઘ્વારા પત્ર નં.એનઝેડ/આર.ટી.આઈ.સેલ/આઉટ/૨૬૭૬, તા.૨૧/૧૧/૧૯ થી ડે. મ્યુનિ. કમિ.(હે.અને હો.)ને તબદીલ કરવામાં આવેલ છે. અરજદારશ્રીની ઉકત પ્રથમ અપીલ અરજીમાં " પ્રત્યુત્તર ન મળેલ " હોવાનું જણાવી નારાજ થઈ અપીલ અરજી કરેલ, જે અત્રેના વિભાગને તા.૨૮/૧૧/૧૯ ના રોજ પ્રાપ્ત થયેલ છે.

ઉકત અપીલ અરજી સાથે સામેલ તુમારોનો અભ્યાસ કરતાં અરજદારશ્રીની નમુના "ક" ની તા.૦૧/૧૦/૧૯ (આઈ.ડી. નં. ૮૧૫) ની અરજીથી મુદ્દા નં.(૧) ૧ જાન્યુઆરી ૨૦૧૮ થી ૩૦ જુન ૨૦૧૯ દરમ્યાન કતારગામ વિસ્તારમાં કુલ કેટલા મમતા કાર્ડ કયા ડોકયુમેન્ટના આધારે ફાળવવામાં આવ્યા તેની માહિતી આંકડાકીય અને શબ્દોમાં આપવી. (૨) સર્ભગા સ્ત્રીને મમતા કાર્ડ મેળવવા શું શું કરવાનું હોય છે? તેની માહિતી વિગેરે કુલ–૦૪ મુદ્દાઓની માહિતી માંગેલ હતી. જે નમુના–ક ની અરજી જાહેર માહિતી અધિકારી અને મુખ્ય આરોગ્ય નિરીક્ષક, નોર્થ ઝોન(કતારગામ) ઘ્વારા પત્ર નં.એનઝેડ/આઉટ/૨૩૭૭, તા.૦૭/૧૦/૧૯ થી વેકસીનેશન વિભાગ અને કતારગામ ઝોનમાં સમાવિષ્ટ અર્બન હેલ્થ સેન્ટર તથા મેટરનીટી હોમને તબદીલ કરવામાં આવેલ હોવાનું જણાય છે.

ઉકત અપીલ અરજી પરત્વે અત્રેથી સંબંધિત હેલ્થ સેન્ટરો પાસે પુર્તતા મંગાવવામાં આવેલ તે મુજબ કતારગામ કાર્યક્ષેત્રમાં આવતા અર્બન હેલ્થ સેન્ટરો તેમજ અર્બન હેલ્થ સેન્ટર અને મેટ.હોમના જાહેર માહિતી અધિકારીઓ દ્વારા અરજદારશ્રીને માહિતી પુરી પાડવામાં આવેલ છે. અરજદારશ્રીની અપીલ અરજીથી દર્શાવેલ નારાજગી સંદર્ભે બન્ને પક્ષોની રજુઆત ઘ્યાને લેવાના હેતુસર રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા અર્થે અત્રેની કચેરીના પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૯૧, તા.૨૭/૧૨/૧૯ મુજબ તા.૦૨/૦૧/૨૦ ના રોજ બપોરે ૧૨:૩૦ કલાકે હાજર રહેવા જણાવવામાં આવેલ,તે મુજબ ઉકત દિને અરજદારશ્રી તથા કતારગામ ઝોન કાર્યક્ષેત્રમાં આવતા અર્બન હેલ્થ સેન્ટરો તેમજ અર્બન હેલ્થ સેન્ટર અને મેટ.હોમના જાહેર માહિતી અધિકારીઓના પ્રતિનિધી તરીકે વેકસીનેશન વિભાગના ઈ.ચા.નાયબ આરોગ્ય અધિકારી રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહયા હતા.

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી સંદર્ભે રૂબરૂ સુનાવણી સમયે હાજર રહી અરજદારશ્રી ઘ્વારા કરેલ રજુઆત તથા કતારગામ ઝોન કાર્યક્ષેત્રમાં આવતા અર્બન હેલ્થ સેન્ટરો તેમજ અર્બન હેલ્થ સેન્ટર અને મેટ.હોમના જાહેર માહિતી અધિકારીઓ તરફથી પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર તથા રૂબરૂ સુનાવણીમાં હાજર રહી કરેલ રૂબરૂ રજુઆત વિગેરે ઘ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

અરજદારશ્રીની તા.૦૧/૧૦/૧૯ (આઈ.ડી.નં.૮૧૫)થીમાંગવામા આવેલ માહિતી બાબતે જાહેર માહિતી અધિકારીઓના પ્રતિનીધી તરફથી અરજદારશ્રીદ્વારા માંગેલ માહિતી પરત્વેની કરવામાં આવેલ રજુઆત સંદર્ભે રૂબરૂ સુનાવણી દરમ્યાન અરજદારશ્રી સાથે વિગતવાર સ્પષ્ટતા કરી જરૂરી સમજ આપવામાં આવેલ, તે બાબતે રૂબરૂ સુનાવણી સમયે અરજદારશ્રીએ સંતોષ વ્યકત કરેલ તેમજઅપીલ અરજી દફતરે કરવા જણાવેલ હોય, તે અંગે વધુ કોઈ વધારાની કાર્યવાહી કરવાની રહેતી હોવાનું જણાતું ન હોય,અરજદારશ્રીની અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો,ગુજરાત માહિતી આયોગ,કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ,બ્લોક નં.૧,બીજો માળ, નિર્માણ ભવનની પાછળ,સેકટર–૧૦/એ,ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/
તા. /૦૧/૨૦૨૦

ડે.મ્યુ.કમિશ્નર(હે.અને હો.) અને
એપેલેટ ઓફીસર
સુરત મહાનગરપાલિકા

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.SMC/PHD/FAP/72/2019, Dt.17/12/2019 આરોગ્ય વિભાગ

**અરજદાર :–** શ્રી અજય એ. જાંગીડ

**સામાવાળા:– (૧)** જાહેર માહિતી અધિકારી અને તબીબી અધિકારી વર્ગ–૧,
શહેરી કુટુંબ કલ્યાણબ્યુરો, સુરત મહાનગરપાલિકા.
**(૨)**જાહેર માહિતી અધિકારી અને રેસી.મેડીકલ ઓફિસરશ્રી /લેડી. મેડીકલ
ઓફિસરશ્રી/જુની. મેડીકલ ઓફિસર અને મેડીકલ ઓફિસરશ્રી,
તમામ અર્બન હેલ્થ સેન્ટર અને મેટરનીટી હોમ તથા તમામ અર્બન હેલ્થ સેન્ટર

અરજદારશ્રી મજકુર ધ્વારા તા.૨૨/૧૧/૧૯ ના રોજ પ્રથમ અપીલ અધિકારીશ્રી, સુરત મહાનગરપાલિકાની કચેરી, મુગલીસરાને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી નાયબ આરોગ્ય અધિકારી અને અપીલ અધિકારી, નોર્થ ઝોન(કતારગામ)ના પત્ર નં.એનઝેડ/આર.ટી.આઈ.સેલ–આઉટ/૨૮૧૭, તા.૧૦/૧૨/૧૯ થી અપીલ અધિકારી અને ડે.મ્યુનિ.કમિશ્નરશ્રી(હે. એન્ડ હો.)ને તબદીલ કરેલ છે, જે અપીલ અરજી, અરજદારશ્રીની તા.૦૬/૦૬/૧૯ ની આર.ટી.આઈ.ની મુળ અરજી (આઈ.ડી.નં.૧૦૫) વિગેરે તુમારો સામેલ રાખી અત્રેના વિભાગને જરૂરી કાર્યવાહી અર્થે મોકલેલ હતી, જે અત્રે તા.૧૭/૧૨/૧૯ ના રોજ પ્રાપ્ત થયેલ છે, અરજદારશ્રીની તા.૦૬/૦૬/૧૯ ના રોજ આપવામાં આવેલ આર.ટી.આઈ.ની અરજીના સંદર્ભમાં નિર્ણય હજુ સુધી મળેલ નથી એમ જણાવી નારાજગી વ્યકત કરેલ છે.

ઉકત અપીલ અરજી સાથે તુમારોનો અભ્યાસ કરતાં અરજદારશ્રીની નમુના "ક" ની અરજીથી (૧) છેલ્લા ૬ વર્ષમાં પ્રાથમિક સારવાર કેન્દ્ર/પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર/સિવિલ/મેડિકલ કોલેજ કે અન્ય તબીબી સારવાર આપતી સંસ્થા માટે તે સંસ્થા ધ્વારા માંગવામાં આવેલ સરકારી ગ્રાન્ટ અને મંજુર થયેલ ગ્રાંટોની વિગતની પ્રમાણિત નકલ આપશો. (૨) છેલ્લા ૬ વર્ષમાં પ્રાથમિક સારવાર કેન્દ્ર/પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર/સિવિલ/મેડિકલ કોલેજ કે અન્ય તબીબી સારવાર આપતી સંસ્થા માટે તે સંસ્થા(વોર્ડ પ્રમાણે) યાદીની પ્રમાણિત નકલ આપશો(નામ સહિત અને વર્ષ પ્રમાણે) વિગેરે સહિત કુલ–૦૭ મુદ્દાઓની માહિતી માંગેલ હતી. જે નમુના–'ક' ની અરજી જાહેર માહિતી અધિકારીશ્રી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરેલ અરજી જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક, મધ્યસ્થ કચેરી, સુરત મહાનગરપાલિકાના પત્ર નં. સી./આર.ટી.આઈ/૧૦૫, તા.૧૦/૦૬/૧૯ થી અન્ય વિભાગો સહિત જાહેર માહિતી અધિકારી અને ચીફ એસ આઈ, તમામ ઝોનને તબદીલ કરેલ, જે જાહેર માહિતી અધિકારી અને ચીફ એસ.આઈ., સેન્ટ્રલ ઝોન ધ્વારા તા.૧૩/૦૬/૧૯ થી નાયબ આરોગ્ય અધિકારી, વેકસીન વિભાગને તબદીલ કરેલ, જે તેઓના વિભાગને લાગત ન જણાતા તા.૧૯/૦૬/૧૯ થી શહેરી કુટુંબ કલ્યાણ બ્યુરો અનેઅર્બન હેલ્થ સેન્ટરને તબદીલ કરવામાં આવેલ હોવાનું જણાય છે.

ઉકત અપીલ અરજી પરત્વે અત્રેથી શહેરી કુટુંબ કલ્યાણ બ્યુરો અને તમામ હેલ્થ સેન્ટરો પાસે પુર્તતા મંગાવવામાં આવેલ, તે મુજબ શહેરી કુટુંબ કલ્યાણ બ્યુરો ધ્વારા તા.૦૧/૦૭/૧૯ ના રોજ પત્ર નં.એફપીબી/એસએમસી/૧૧૪ થી અરજદારશ્રીને માહિતી પુરી પાડેલ હોવાનું જણાય છે, જયારે તમામ અર્બન હેલ્થ સેન્ટરના જાહેર માહિતી અધિકારીશ્રીઓ ધ્વારા મહદઅંશે અરજદારશ્રીને માહિતી પુરી પાડેલ હોવાનું જણાય છે, જયારે મુદ્દા નં.૬ પરત્વે અમુક અર્બન હેલ્થ સેન્ટરના જાહેર માહિતી અધિકારીશ્રોઓએ તેઓના હેલ્થ સેન્ટરના કાર્યક્ષેત્રમાં સમાવિષ્ટ અંદાજીત જનસંખ્યાની માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે.

અપીલ અરજી પરત્વેની અરજદાર ધ્વારા દર્શાવવામાં આવેલ નારાજગી સંદર્ભે બન્ને પક્ષોની રજુઆત ધ્યાને લેવાના હેતુસર રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા અર્થે અત્રેની કચેરીએથી અનુક્રમે પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/ અપીલ/૯૩, તા.૧૦/૦૧/૨૦૨૦ મુજબ, તા.૧૬/૦૧/૨૦૨૦ના રોજ બપોરે ૦૧:૦૦ કલાકે, તથા પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૯૫, તા.૧૬/૦૧/૨૦૨૦ મુજબ,તા.૨૩/૦૧/૨૦૨૦ના રોજ બપોરે ૦૧:૦૦ કલાકે, તથા પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૧૦૩, તા.૨૪/૦૧/૨૦૨૦ મુજબ, તા.૩૦/૦૧/૨૦૨૦ના રોજ બપોરે ૦૧:૦૦ કલાકે ડે.મ્યુ.કમિશ્નર(હે.અને હો.)અને એપેલેટ ઓફિસર,સુરત મહાનગરપાલિકાના આરોગ્ય ખાતાની મુગલીસરા, સુરત ખાતેની કચેરીમાં હાજર રહેવા જણાવવામાં આવેલું હતું, તેમ છતાં અરજદાર સુનાવણી અર્થે ઉકત જણાવેલ તમામ દિને હાજર રહયા ન હતા કે તેઓ ધ્વારા અન્ય કોઈ વિશેષ રજુઆત કરવામાં આવેલ હોવાનું જણાતું નથી, જયારે તમામ અર્બન હેલ્થ સેન્ટર અને મેટ.હોમના જાહેર માહિતી અધિકારીઓના પ્રતિનિધી તરીકે વેકસીનેશન વિભાગના ઈ.ચા.નાયબ આરોગ્ય અધિકારી રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહયા હતા.

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી સંદર્ભે અરજદારશ્રી ઘ્વારા કરેલ રજુઆત તથા તમામ અર્બન હેલ્થ સેન્ટર અને મેટ.હોમના જાહેર માહિતી અધિકારીશ્રીઓ ઘ્વારા પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર વિગેરે ઘ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**—:: હુકમ ::—**

અરજદારશ્રીની તા.૦૬/૦૬/૧૯ (આઈ.ડી.નં.૧૦૫)ની અરજી થી માંગવામા આવેલ માહિતી બાબતે આર.ટી.આઈની કલમ ૨(એફ), ૨(જે) હેઠળ અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી રેકર્ડ આધારીત માહિતી પુરી પાડવાની જોગવાઈ છે, જે મુજબ ઉકત તમામ હકીકતો ઘ્યાને લેતાં જાહેર માહિતી અધિકારી અને તબીબી અધિકારી વર્ગ–૧, શહેરી કુટુંબ કલ્યાણ બ્યુરો તથા તમામ અર્બન હેલ્થ સેન્ટર તથા અર્બન હેલ્થ સેન્ટર અને મેટરનીટી હોમના જાહેર માહિતી અધિકારીશ્રીઓઘ્વારા મહદઅંશે માહિતી અરજદારશ્રીને પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે, પરંતુ મુદ્દા નં.૬ પરત્વે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ આરોગ્ય અધિકારી, વેકશીનેસન વિભાગે અર્બન હેલ્થ સેન્ટર તથા અર્બન હેલ્થ સેન્ટર અને મેટરનીટી હોમ માટે તથા જાહેર માહિતી અધિકારી અને તબીબી અધિકારી વર્ગ–૧, શહેરી કુટુંબ કલ્યાણબ્યુરોએ જનસંખ્યા દીઠ પ્રાથમિક સારવાર કેન્દ્રની સંખ્યા નિયત કરવા અંગેની કોઈ નીતિ / ધારાધોરણો નકકી કરેલ હોય તો તે અંગેની માહિતી પુરી પાડવા અથવા જો આ અંગેની કોઈ નીતિ / ધારાધોરણો નકકી કરેલ ન હોય તો તેની સ્પષ્ટતા સહિત પ્રત્યુત્તર અરજદારશ્રીને આ હુકમ મળયેથી દિન–૦૫માં પુરો પાડવા હુકમ કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો,ગુજરાત માહિતી આયોગ,કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦–એ, ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/આરટીઆઈ/અપીલ/ ડે.મ્યુ.કમિશ્નર(હે.અને હો.)
તા. /૦૨/૨૦૨૦ અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા

# સુરત મહાનગરપાલિકા

RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.**SMC/PHD/FAP/73/2019. Dt.18/12/2019.**
આરોગ્ય વિભાગ.
અરજદાર :– શ્રી હરેશ ડી. પરમાર
સામાવાળાઃ– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.જતુંનાશક અધિકારી, વી.બી.ડી.સી. વિભાગ, સુરત મહાનગરપાલિકા

અરજદાર મજકુર ધ્વારા તા.૦૯/૧૨/૧૯ ના રોજ અપીલ અધિકારીશ્રી, ડે.મ્યુનિ. કમિશ્નર(હેલ્થ અને હોસ્પિ.)ને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી નાગરીક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સીસીસી/સીઝેડ/આઉટ/૪૫૭, તા.૦૯/૧૨/૧૯ થી અત્રેના વિભાગને તબદીલ કરેલ હતી, જે અત્રેના વિભાગમાં ઈનવર્ડ પત્ર નં.SMC/PHD/FAP/73/2019 તા.૧૮/૧૨/૧૯ થી નોંધાયેલ છે. અરજદારશ્રીની તા.૨૧/૧૧/૧૯ (આઈ.ડી.નં.૧૧૮) નમુના–ક ની અરજી પરત્વે અપીલ અરજીથી " આપેલ માહિતીથી સંતુષ્ટ નથી " એમ જણાવી નારાજગી વ્યકત કરેલ છે.

અરજદારશ્રીની નમુના–ક ની મુળ અરજી, ઉકત વિગતેની અપીલ અરજી તથા તેને સંલગ્ન પેપર્સોનો અભ્યાસ કરતા અરજદારશ્રીની તા.૨૧/૧૧/૧૯ થી જાહેર માહિતી અધિકારી, ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પિટલ), સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરેલ અરજી જાહેર માહિતી અધિકારી અને પર્સોનેલ ઓફિસર(આરોગ્ય)ના પત્ર નં. જીએડી/ઈએસટી/પીએચ/આરટીઆઈ/૧૧૪, તા.૨૫/૧૧/૧૯ થી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. જંતુનાશક અધિકારી, વી.બી.ડી.સી. વિભાગ પ્રતિ સંપુર્ણ તબદીલ કરવામાં આવેલ હોવાનું જણાય છે. અરજદારશ્રીની નમુના "ક" ની તા.૨૧/૧૧/૧૯ (આઈ.ડી.નં.૧૧૮) ની અરજીથી (૧) સુરત મનપામાં હાલમાં કાર્યરત " મે.એક્ષ્પર્ટ મેનેજમેન્ટ સર્વિસ, મહેસાણા નામની કંપનીને જે પરવાનો આપેલ છે તે પરવાનેદારના દરેક કામદાર દરેક ઝોનમાં કાર્યરત છે, તે તમામ કામદારના વર્ષ ૦૧/૦૯/૨૦૧૫ થી હાલના વર્ષના સમયગાળા સુધીમાં તેઓના ખાતામાં કેટલા દિવસ પ્રમાણે કેટલો પી.એફ કાપેલ છે તથા એજન્સીએ કેટલો પીએફ ભરેલ તે તમામની આધારભુત દસ્તાવેજોની નકલોની માહિતી આપશો (૨) સુરત મનપામાં કાર્યરત મે.એક્ષ્પર્ટ મેનેજમેન્ટ સર્વિસના તમામ કામદારના ઈ.એસ.આઈ.એસ.ના રીપોર્ટની નકલોની માહિતી આપશો (૩) ઉપરોકત એજન્સીના તમામ કામદારના નામ સહિતના ***ECR*** રીપોર્ટની નકલોની માહિતી આપશો (૪) ઉપરોકત એજન્સીમાં સુરત મનપાના તમામ ઝોનમાં કામ કરતાં દરેક કામદારને સમયસર લાગુ પડતાં વેતન મોંઘવારી ભથ્થા સહિતનો કેટલા દિવસ પ્રમાણેનો પગાર ચુકવેલ છે તેમજ કેડરમાં ગણતરી કરેલ છે સ્કીલ, સુમીસ્કીલ અને તે તમામ વેજીસ સીટ સહિતના પુરાવાની માહિતી આપશો વિગેરે કુલ–૦૪ મુદ્દાઓની માહિતી માંગેલ હતી. સદર આર.ટી.આઈ.ની અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.જતુંનાશક અધિકારી, વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા પત્ર નં.પીએચડી/આઈઓ/૨૫૦૭, તા.૦૩/૧૨/૧૯ થી મુદ્દા નં.૧ થી ૪ પરત્વે " આર.ટી.આઈ. એકટ ૨૦૦૫ હેઠળ કલમ ૮ (૧) (જે) અને (૧૧) મુજબ માહિતી પુરી પાડી શકાય તેમ નથી " તે મુજબનો પ્રત્યુત્તર સમયમર્યાદામાં પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે.

અરજદારશ્રીની અપીલ અરજી પરત્વેની નારાજગી સંદર્ભે બન્ને પક્ષોની રજુઆત ધ્યાને લેવાના હેતુસર રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા અર્થે અત્રેથી પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/આઉટ/૯૬, તા.૧૬/૦૧/૨૦૨૦ મુજબ તા.૨૩/૦૧/૨૦૨૦ ના રોજ બપોરે ૦૧–૦૦ કલાકે ડે.મ્યુનિ.કમિશ્નર અને એપેલેટ ઓફિસરની કચેરી, સુરત મહાનગરપાલિકાના બીજા માળે, મુગલીસરા, સુરત ખાતે હાજર રહેવા જણાવવામાં આવેલ, તે મુજબ અરજદારશ્રી તથા જાહેર માહિતી અધિકારીશ્રી સદર દિને રૂબરૂ સુનાવણી અર્થે અપીલ અધિકારી સમક્ષ હાજર રહયા હતા.

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી તેમજ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.જતુંનાશક અધિકારી, વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા અરજદારશ્રીને પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર તથા તેઓ ધ્વારા રૂબરૂ સુનાવણી સમયે કરેલ રજુઆત તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

**—:: હુકમ ::—**

આર.ટી.આઈ. એકટની કલમ—૨(એફ), ૨(જે) અને માહિતી અધિકારની વ્યાખ્યા પ્રમાણે જાહેર સત્તા મંડળની તથા તેના નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી આપવાની જોગવાઈ છે, જે મુજબ આર.ટી.આઈ. એકટની કલમ—૭(૧) હેઠળ જાહેર માહિતી અધિકારીએ સદર અધિનિયમની કલમ—(૬) હેઠળ વિનંતી મળ્યે, શકય હોય તેટલું જલ્દી અને કોઈપણ કિસ્સામાં વિનંતી મળ્યાના દિન—૩૦ ની અંદર, ઠરાવવામાં આવે તેવી ફીની ચુકવણી કર્યે માહિતી પુરી પાડવી જોઈશે અથવા કલમો—૮ અને ૯ માં નિર્દિષ્ટ કરેલા કોઈ કારણસર વિનંતીનો અસ્વીકાર કરવો જોઈશે, જે મુજબ પ્રસ્તુત કિસ્સામાં જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા આર.ટી.આઈ એકટની કલમ ૮(૧)(જે) અને (૧૧) મુજબ માહિતી પુરી પાડવાનો ઈન્કાર કરવામાં આવેલ હોવાનું જણાય છે, પરંતુ રૂબરૂ સુનાવણી તબકકે અરજદારશ્રી ધ્વારા ઉકત માહિતી જાહેર માહિતી અધિકારીશ્રી પાસે હોય તો પુરી પાડવા અન્યથા સંબંધિત સત્તામંડળ પી.એફ કચેરીને તબદીલ કરવા રજુઆત કરેલ છે, જયારે જાહેર માહિતી અધિકારીશ્રી દ્વારા સદર માહિતી તેઓના રેકર્ડ પર ઉપલબ્ધ પર ન હોવાનું તથા તેઓ તરફથી સંબંધિત સત્તા મંડળને અરજી તબદીલ કરવામાં આવશે એમ જણાવેલ હોય ઉકત બાબતે અરજદારશ્રી ધ્વારા માહિતી અધિકાર અધિનિયમ હેઠળ માહિતી માંગતી અરજી સંબંધિત જાહેર સત્તામંડળને દિન—૦૪ (ચાર) માં અત્રેની કચેરીની જાણ હેઠળ તબદીલ કરવા હુકમ કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર—૧૦/એ, ગાંધીનગરને દિન—૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/
તા. /૦૨/૨૦૨૦

ડે.મ્યુનિ.કમિશનર (હે. અને હો.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા

# સુરત મહાનગરપાલિકા

**અપીલ અરજી નં.SMC/PHD/FAP/76-1/2019, Dt.04/01/2020**
**આરોગ્ય વિભાગ**

**અરજદાર :–** શ્રી અશોક વરીયા
**સામાવાળા:–** જાહેર માહિતી અધિકારી અને મેડીકલ ઓફીસર, કતારગામ અ.હે.સે., સુરત મહાનગરપાલિકા.

અરજદારશ્રી મજકુર ધ્વારા તા.૦૪/૦૧/૨૦૨૦ના રોજ અપીલ સત્તાધિકારી, કતારગામ હેલ્થ સેન્ટર, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી જાહેર માહિતી અધિકારી અને મેડીકલ ઓફીસર, કતારગામ અર્બન હેલ્થ સેન્ટર ધ્વારા અપીલ અરજી, અરજદારશ્રીની તા.૦૨/૧૨/૧૯ ની આર.ટી.આઈ.ની મુળ અરજી (આઈ.ડી.નં.૨૨૭૯) તથા અરજદારશ્રીને પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર વિગેરે તુમારો સામેલ રાખી અત્રેના વિભાગને જરૂરી કાર્યવાહી અર્થે મોકલવામાં આવેલ, જે અત્રે તા.૦૪/૦૧/૨૦૨૦ ના રોજ પ્રાપ્ત થયેલ છે, અરજદારશ્રીની તા.૦૨/૧૨/૧૯ ના રોજ આપવામાં આવેલ આર.ટી.આઈ.ની અરજીના સંદર્ભમાં તા.૦૪/૦૧/૨૦૨૦ના રોજ પ્રથમ અપીલ અરજીથી માન.જાહેર માહિતી અધિકારી ધ્વારા "કોઈ જવાબ મળેલ ન હોય"એમ જણાવી નારાજગી વ્યકત કરેલ છે.

ઉકત અપીલ અરજી સાથેસામેલ તુમારોનો અભ્યાસ કરતાં અરજદારશ્રીની તા.૦૨/૧૨/૧૯ થી જાહેર માહિતી અધિકારીશ્રી, આરોગ્ય વિભાગ, સુરતને ઉદ્દેશીને કરેલ આર.ટી.આઈ. હેઠળની તાં.૦૨/૧૨/૧૯ રોજની અરજી એકઝીકયુટીવ આસીસ્ટન્ટ અને જાહેર માહિતી અધિકારી, નાગરીક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સીસીસી.સીઝેડ/આર.ટી.આઈ./આઉટ/૨૨૭૯, તા.૦૩/૧૨/૧૯ થી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ આરોગ્ય અધિકારી, વેકશીનેશન બ્રાંચ તેમજ જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, મધ્યસ્થ મહેકમ (આરોગ્ય)ને તબદીલ કરવામાં આવેલ હતી, જે પરત્વે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ આરોગ્ય અધિકારી, વેકશીનેશન બ્રાંચ ધ્વારા તેઓના વિભાગને લાગત ન જણાતા મેડીકલ ઓફિસર, કતારગામ અર્બન હેલ્થ સેન્ટરને સંપુર્ણ તબદીલ કરવામાં આવેલ હતી, જયારે સેકશન ઓફિસર, મધ્યસ્થ મહેકમ(આરોગ્ય) ધ્વારા તેઓના વિભાગને લાગત ન હોય તબીબી અધિકારીશ્રી વર્ગ–૧,(કુટુંબ કલ્યાણ વિભાગ) તેમજ કતારગામ શહેરી આરોગ્ય કેન્દ્ર પ્રતિ સંપુર્ણ તબદીલ કરેલ હતી. આ ઉપરાંત જાહેર માહિતી અધિકારી અને તબીબી અધિકારીશ્રી વર્ગ–૧,(કુટુંબ કલ્યાણ વિભાગ) ધ્વારા પણ કતારગામ આરોગ્ય કેન્દ્રને સંપૂર્ણ તબદીલ કરેલ હોવાનું જણાય છે. અરજદારશ્રીની નમુના "ક" ની અરજીથી (૧) કતારગામ આરોગ્ય કેન્દ્રમાં ફરજ બજાવતા અધિકારી– કર્મચારીઓના નામ, હોદ્દો તથા ફરજ સમય સહિતની વિગતવાર માહિતી આપશો. (૨) કતારગામ આરોગ્ય કેન્દ્રમાં આરોગ્યલક્ષી થતી કામગીરીની વિગતવાર માહિતી આપશો. (૩) કતારગામ આરોગ્ય કેન્દ્રમાં ફરજ બજાવતાં તબીબ અને તેના સમયગાળાની વિગત આપશો. (દિવસ દરમ્યાન જેટલા કલાક ફરજ બજાવવાની હોય તેની વિગત) (૪) કતારગામ આરોગ્ય કેન્દ્રમાં સર્ગભા મહિલાને કઈ કઈ જાતની ટ્રીટમેન્ટ, રીપોર્ટ તથા દવાઓ મફતમાં આપવામાં આવે છે તેની વિગતવાર માહિતીની માંગણી કરેલહતી. અરજદારશ્રીની ઉકત અરજી પરત્વે મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી જાહેર માહિતી અધિકારી અને મેડીકલ ઓફિસર, કતારગામ અર્બન અ.હે.સે. ધ્વારા પત્ર નં.કતારગામ સામુહિક આરોગ્ય કેન્દ્ર/આઉટ નંબર/૨૭૦, તા.૦૩/૦૧/૨૦૨૦થી અરજદારશ્રીને માહિતી પુરી પાડેલ / પ્રત્યુત્તરપાઠવવામાં આવેલ હોવાનું જણાય છે.

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી સંદર્ભે ધ્વારા કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને મેડીકલ ઓફિસર, કતારગામ અર્બન અ.હે.સે. ધ્વારા પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

અરજદારશ્રીની તા.૦૨/૧૨/૧૯ ની અરજી (આઈ.ડી.નં.૨૨૭૯)થી માંગવામા આવેલ માહિતી પરત્વેઆર.ટી.આઈ. એકટની કલમ–૨(એફ), ૨(જે) અને માહિતી અધિકારની વ્યાખ્યા પ્રમાણે જાહેર સત્તા મંડળ પાસેની અને તેના નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી પુરી પાડવાની જોગવાઈ છે, જે મુજબ જાહેર માહિતી અધિકારી અને મેડીકલ ઓફિસર, કતારગામ અર્બન અ.હે.સે.ધ્વારા અરજદારશ્રીની ઉકત નમુના–'ક' ની અરજીના મુદ્દા નં.૧ થી ૪ પરત્વે ઉકત વિગતે માહિતી પુરી પાડેલ / પ્રત્યુત્તર પાઠવવામાં આવેલહોવાનું જણાતું હોય અરજદારની અપીલ અરજી પરત્વે અત્રેથી કોઈ વિશેષ કાર્યવાહી કરવાની રહેતી હોવાનું / કોઈ હસ્તક્ષેપ કરવાનું રહેતું હોવાનું કોઈ કારણ જણાતું ન હોય, અરજદારશ્રીની સદર અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો,ગુજરાત માહિતી આયોગ,કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦–એ, ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/આરટીઆઈ/અપીલ/
તા. /૦૧/૨૦૨૦

ડે.મ્યુનિ.કમિશ્નર (હે. અને હો.)અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા

# સુરત મહાનગરપાલિકા

**અપીલ અરજી નં.SMC/PHD/FAP/76-2/2019, Dt.04/01/2020**
**આરોગ્ય વિભાગ**

**અરજદાર :–** શ્રી અશોક વરીયા
**સામાવાળા:–** જાહેર માહિતી અધિકારી અને મેડીકલ ઓફીસર, કતારગામ અ.હે.સે., સુરત મહાનગરપાલિકા.

અરજદારશ્રી મજકુર ધ્વારા તા.૦૪/૦૧/૨૦૨૦ ના રોજ અપીલ સત્તાધિકારી, કતારગામ હેલ્થ સેન્ટર, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી જાહેર માહિતી અધિકારી અને મેડીકલ ઓફીસર, કતારગામ અર્બન હેલ્થ સેન્ટર ધ્વારા અપીલ અરજી, અરજદારશ્રીની તા.૦૨/૧૨/૧૯ ની આર.ટી.આઈ.ની મુળ અરજી (આઈ.ડી.નં.૨૨૭૮) તથા અરજદારશ્રીને પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર વિગેરે તુમારો સામેલ રાખી અત્રેના વિભાગને જરૂરી કાર્યવાહી અર્થે મોકલવામાં આવેલ, જે અત્રે તા.૦૪/૦૧/૨૦૨૦ ના રોજ પ્રાપ્ત થયેલ છે, અરજદારશ્રીની તા.૦૨/૧૨/૧૯ ના રોજ આપવામાં આવેલ આર.ટી.આઈ.ની અરજીના સંદર્ભમાં તા.૦૪/૦૧/૨૦૨૦ના રોજ પ્રથમ અપીલ અરજીથી માન.જાહેર માહિતી અધિકારી ધ્વારા "કોઈ જવાબ મળેલ ન હોય"એમ જણાવી નારાજગી વ્યક્ત કરેલ છે.

ઉક્ત અપીલ અરજી સાથેસામેલ તુમારોનો અભ્યાસ કરતાં અરજદારશ્રીની તા.૦૨/૧૨/૧૯ થી જાહેર માહિતી અધિકારીશ્રી, આરોગ્ય વિભાગ, સુરતને ઉદ્દેશીનેકરેલ આર.ટી.આઈ. હેઠળની તા.૦૨/૧૨/૧૯ રોજની અરજી એકઝીક્યુટીવ આસીસ્ટન્ટ અને જાહેર માહિતી અધિકારી, નાગરીક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સીસીસી.સીઝેડ/આર.ટી.આઈ./આઉટ/૨૨૭૮, તા.૦૩/૧૨/૧૯ થી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ આરોગ્ય અધિકારી, વેકશીનેશન બ્રાંચને તબદીલ કરવામાં આવેલ હતી, જે પરત્વે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ આરોગ્ય અધિકારી, વેકશીનેશન બ્રાંચ ધ્વારા તેઓના વિભાગને લાગત ન જણાતા મેડીકલ ઓફિસર, કતારગામ અર્બન હેલ્થ સેન્ટરને સંપુર્ણ તબદીલ કરેલ હોવાનું જણાય છે. અરજદારશ્રીની નમુના "ક" ની અરજીથી (૧) કતારગામ આરોગ્ય કેન્દ્રમાં છેલ્લા છ માસમાં આવેલ દવાઓની નોંધ જે રજીસ્ટરમાં કરવામાં આવી છે તેની નોંધવાળા પત્રની નકલો આપશો (૨) આરોગ્ય કેન્દ્ર(કતારગામ)માં છેલ્લા છ માસમાં વિવિધ રોગોના પૃથ્થકરણ માટે કરવામાં આવેલ રીપોર્ટની આંકડાકીય માહિતી આપશો વિગેરે માહિતીની માંગણી કરેલહતી. અરજદારશ્રીની ઉક્ત અરજી પરત્વેજાહેર માહિતી અધિકારી અને મેડીકલ ઓફિસર, કતારગામ અર્બન અ.હે.સે. ધ્વારા પત્ર નં. કતારગામ સામુહિક આરોગ્ય કેન્દ્ર/આઉટ નંબર/૨૭૦, તા.૦૩/૦૧/૨૦૨૦ થી મુદ્દા નં.૧ પરત્વે છેલ્લા છ માસ દરમ્યાન આવેલ દવાઓની નોંધ જે રજીસ્ટરમાં કરવામાં આવી છે તે રજીસ્ટરની નકલ દીઠ રૂા.૦૨/ લેખે કુલ–૧૩ નકલો માટે રૂા.૨૬ ભરીને નકલ મેળવી લેવાનો પ્રસ્તાવ આપેલ તેમજ મુદ્દા નં.૨ પરત્વે છેલ્લા છ માસમાં વિવિધ રોગોના પૃથ્થકરણ માટે કરવામાં આવેલ રીપોર્ટની આંકડાકીય માહિતી અરજદારશ્રીને માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે. પ્રસ્તુત કિસ્સામાં જાહેર માહિતી અધિકારીશ્રીને ઉક્ત વિગતે નમુના–'ક' ની આર.ટી.આઈ.એકટ અરજી તા.૧૧/૧૨/૧૯ ના રોજ મળેલ છે, જેનો પ્રત્યુત્તર તા.૦૩/૦૧/૨૦૨૦ ના રોજ પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે.પરંતુ અરજદારશ્રીની ઉક્ત અરજી પ્રથમ જાહેર માહિતી અધિકારી અને એકઝીક્યુટીવ આસીસ્ટન્ટશ્રીને તા.૦૨/૧૨/૧૯ નાં રોજ અરજી પ્રાપ્ત થયેલ હોય તથા સુરત મહાનગરપાલિકા એ એક જ જાહેર સત્તામંડળ હોય સમયમર્યાદા બાદ પ્રત્યુત્તર થયો હોવાનું જણાય છે.

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી સંદર્ભે ધ્વારા કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને મેડીકલ ઓફિસર, કતારગામ અર્બન અ.હે.સે. ધ્વારા પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

અરજદારશ્રીની તા.૦૨/૧૨/૧૯ ની અરજી (આઈ.ડી.નં.૨૨૭૮)થી માંગવામા આવેલ માહિતી પરત્વેઆર.ટી.આઈ. એકટની કલમ–૨(એફ), ૨(જે) અને માહિતી અધિકારની વ્યાખ્યા પ્રમાણે જાહેર સત્તા મંડળ પાસેની અને તેના નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી પુરી પાડવાની જોગવાઈ છે, જે મુજબ જાહેર માહિતી અધિકારી અને મેડીકલ ઓફિસર, કતારગામ અર્બન અ.હે.સે.ધ્વારા અરજદારશ્રીની ઉક્ત નમુના–'ક' ની અરજીના મુદ્દા નં.૧ પરત્વે નાણાં ભરી માહિતી મેળવવાનો પ્રસ્તાવ આપેલ હોવાનું તથા મુદ્દા નં.૨ ની માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે પરંતુ સુરત મહાનગરપાલિકા એક જ જાહેર સત્તામંડળ હોય, જે મુજબ અરજદારશ્રીની અરજી પ્રથમ જાહેર માહિતી અધિકારીશ્રીને મળ્યા તારીખ અવલોકનમાં લેતાં નિયત સમયમર્યાદા બાદ પ્રત્યુત્તર થયેલ હોય, આથીઆર.ટી.આઈ. એકટની કલમ–૭(૬) અન્વયે અત્રેની કચેરીની જાણ હેઠળ દિન–૦૫ માં અરજદારશ્રીને મુદ્દા નં.૧ ની માહિતી વિનામુલ્યે પુરી પાડવા જાહેર માહિતી અધિકારી અનેમેડીકલ ઓફિસર, કતારગામ અર્બન અ.હે.સે.ને હુકમ કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો,ગુજરાત માહિતી આયોગ,કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦–એ, ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/આરટીઆઈ/અપીલ/ડે.મ્યુનિ.કમિશ્નર (હે. અને હો.)અને
તા. /૦૧/૨૦૨૦ એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા

# સુરતમહાનગરપાલિકા

RIGHT TO INFORMATION

અપીલ નં.SMC/PHD/FAP/78/2019 Dt.21/01/2020

આરોગ્ય વિભાગ

અરજદારઃ– શ્રી ઈમરાન ઈબ્રાહીમ થુંડીયા.
સામાવાળાઃ– જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી, ફુડ વિભાગ,સુરત મહાનગરપાલિકા.

અરજદારશ્રી ધ્વારા તા.૧૦/૦૧/૨૦૨૦ ના રોજ અપીલ અધિકારીશ્રી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર ધ્વારા પત્ર નં.પીએચડી/ફુડ/૩૬૦૧, તા.૨૦/૦૧/૨૦૨૦ થી અત્રેના વિભાગને જરૂરી કાર્યવાહી અર્થે મોકલેલ, જે અરજી અત્રેના વિભાગને તા.૨૧/૦૧/૨૦૨૦ ના રોજ પ્રાપ્ત થયેલ છે. અરજદારશ્રી ધ્વારા તા.૨૦/૧૧/૧૯ (આઈ.ડી.નં.૨૧૬૦) ના રોજ કરેલ આર.ટી.આઈ.ની અરજી પરત્વે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ અપીલ અરજી કરેલ છે.

ઉકત અપીલ અરજી સાથે સામેલ તુમારોનો અભ્યાસ કરતાં અરજદારશ્રીની નમુના "ક" ની તા.૨૦/૧૧/૧૯ (આઈ.ડી.નં.૨૧૬૦) ની અરજીથી (૧) સુરત શહેરમાં આવેલ ડેરીએ દુધની બનાવટો કરતાં નોંધાયેલ રજીસ્ટર્ડની પ્રમાણિત નકલ, નામ, એડ્રેસ, ફોન નંબર સાથે આપવામાં આવે (૨) સુરત અને શહેરમાં આવેલ ડેરી અને દુધની બનાવટ કરતાં વિક્રેતાઓ પાસેથી તા.૦૧/૦૧/૨૦૧૮ થી આજદીન સુધી કેટલી વાર સેમ્પલ લેવામાં આવ્યા અને તેની ઉપર કાયદાકીય પ્રમાણિત નકલ તથા સેમ્પલ ધ્વારા જાણવા મળેલ રીપોર્ટની પ્રમાણિત નકલો આપવી.(૩)સુરત શહેરમાં ડેરી અને દુધની બનાવટ કરતાં વિક્રેતાઓની જેમ કે ઘી, પનીર, ચીઝ, માવો ગાયનું ઘી, લસ્સી, છાસ, બાસુંદીના લીધેલ સેમ્પલના રીપોર્ટ સાથે થયેલ કાર્યવાહીની પ્રમાણિત નકલો આપવી તા.૧/૧/૧૮ થી આજદીન સુધી (૪) સુરત શહેરમાં આવેલ દુધની થેલી કેટલી કંપનીઓ રજીસ્ટર્ડ થઈ છે તેઓના નામ, એડ્રેસ, ફોન નંબર, સાથે લીધેલ સમયની ટેસ્ટીંગ રીપોર્ટની સાથેની નકલો તા.૧/૧/૨૦૧૮ થી આજદીન સુધીની આપવી (૫) સુરત શહેરમાં આવેલ દુધની થેલીઓ જે કંપની ધ્વારા વેચાણ અર્થે કરવામાં આવે છે અને સુરત શહેરમાં રજીસ્ટર્ડ નથી થઈ છતાં વેચાણ ચાલુ હોય તેના સેમ્પલો લેવામાં આવ્યા હોય તો તેના રીપોર્ટના તથા ફોન નંબર, એડ્રેસ તથા રીપોર્ટની પ્રમાણિત નકલો તા.૧/૧/૨૦૧૮ થી આજદીન સુધની આપવી (૬) સુરત શહેરમાં ફેરીયાઓ ધ્વારા ખુલ્લા દુધનું વેચાણ થઈ રહયુ છે તેઓ પાસેથી કેટલીવાર સેમ્પલો લેવામાં આવ્યા અને જેના ઉપર કાયદાકીય કાર્યવાહી કરેલ હોય તો તેની પ્રમાણિત નકલો અને ટેસ્ટીંગ ધ્વારા જણાવેલ રીપોર્ટની પ્રમાણિત નકલો તા.૧/૧/૧૮ થી આજદિન સુધીની આપવામાં આવે કુલ–૦૬ મુદ્દાઓની માહિતી માંગેલ હતી. જે અનુસંધાને જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા સમયમર્યાદામાં પત્રનં.પીએચડી/ફુડ/૩૦૦૭, તા.૦૬/૧૨/૧૯ થી મુદ્દા નં.૧ પરત્વે " આવું કોઈ રજીસ્ટર હોતું નથી " તે મુજબનો પ્રત્યુત્તર પાઠવેલ, મુદ્દા નં.૨ અને ૩ પરત્વે કલમ–૭(૯) હેઠળ તા.૧૧/૧૨/૨૦૧૯, ના રોજ સવારે ૧૧ઃ૦૦ કલાકે રેકર્ડ તપાસણી કરી જરૂરીયાત મુજબની નકલો નિયત ફી ભરપાઈ કરી મેળવી લેવા અંગેનો પ્રસ્તાવ આપવામાં આવેલ હોવાનું તથા મુદ્દા નં.૪ અને ૫ પરત્વે " અત્રેના ઉપલબ્ધ રેકર્ડ મુજબ હાલમાં કોઈ સંસ્થા રજીસ્ટર્ડ નથી " તે મુજબનો પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હોવાનું જયારે મુદ્દા નં.૬ પરત્વે માહિતી દર્શાવતાં પત્રકની નકલ પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે.

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી સંદર્ભે અરજદારશ્રી ધ્વારા કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગધ્વારા પાઠવવામાં આવેલ પ્રત્યુત્તરને ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

આર.ટી.આઈ.એકટની કલમ–૨ (એફ), ૨(જે) અને માહિતી અધિકારની વ્યાખ્યા પ્રમાણે જાહેર સત્તામંડળની તથા તેના નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી આપવાની જોગવાઈ છે, જે મુજબ અરજદારશ્રીની તા.૨૦/૧૧/૧૯ (આઈ.ડી.નં.૨૧૬૦)ની આર.ટી.આઈ.ની અરજી પરત્વે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગ ધ્વારા સમયમર્યાદામાં પ્રત્યુત્તર પાઠવેલ હોવાનું / રેકર્ડ તપાસણીનો પ્રસ્તાવ આપેલ હોવાનું જણાય છે,જે મુજબ અરજીનાં મુદ્દા નં.૨ તથા ૩ પરત્વે જાહેર માહિતી અધિકારીશ્રીએ આર.ટી.આઈ. એકટની કલમ–૭(૯) હેઠળ રેકર્ડ તપાસણી કરી માહિતી મેળવી લેવા પ્રસ્તાવ આપેલ હોવાનું જણાતું હોય, જે મુજબ અરજદારશ્રી જો ઈચ્છુક હોય તો આ હુકમ મળ્યાના દિન–૦૫ માં જાહેર માહિતી અધિકારીશ્રી પાસે આગોતરો સમય મેળવી પ્રસ્તાવનો સ્વીકાર કરીનિયમોનુસાર ફી ભરપાઈ કરી / જરૂરીયાત મુજબની નકલો નિયત ફી ભરપાઈ કરી માહિતી મેળવી લેવા સ્વતંત્ર છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો, ગુજરાત માહિતી આયોગ,કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦/એ, ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/
તા. /૦૨/૨૦૨૦

ડે.મ્યુનિ.કમિશનર (હે. અને હો.) અને
એપેલેટ ઓફીસર,
સુરત મહાનગરપાલિકા.